Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરંડિયો

યોજક
નરહરિ દ્વારકાદાસ પરીખ

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... 20 गु / 26

पञ्जिका संख्या..... 22025

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુસ્તક ૪૨

કરંડિયો

યોજક
નરહરિ દ્વારકાદાસ પરીખ

CHECKED 1973
Initial .....

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

પ્રથમ આવૃત્તિ ૧૧૦૦, સં૦ ૧૯૨૮
બીજી આવૃત્તિ ૧૫૦૦, સં૦ ૧૯૩૨
ત્રીજી આવૃત્તિ ૫૦૦૦, સં૦ ૧૯૫૦

સવા રૂપિયો જૂન, ૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળોપયોગી પુસ્તકો

અપંગની પ્રતિભા	૧–૮–૦
આત્મકથા	૨–૦–૦
સંક્ષિપ્ત આત્મકથા	૧–૦–૦
આહાર અને પોષણ	૦-૧૦-૦
ઓતરાતી દીવાલો	૦-૧૨-૦
ખાદીવિદ્યાપ્રવેશિકા	૧–૪–૦
જીવતા તહેવારો	૨–૦–૦
જીવન દ્વારા શિક્ષણ	૧–૮–૦
જીવનનું પરોઢ	૮–૦–૦
બુદ્ધલીલા	૦-૧૨-૦
મધપૂડો	૧–૪–૦
મધુકર	૨–૦–૦
મારી જીવનકથા — જવાહરલાલ નેહરુ	૬–૦–૦
મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ	૮–૦–૦
મારું ગામડું	૧–૪–૦
શિક્ષણ અને સંસ્કૃતિ	૧–૪–૦
સંક્ષિપ્ત કરણઘેલો	૧–૦–૦
સીતાહરણ	૧–૦–૦
સ્મરણયાત્રા	૨–૦–૦
હિંદની અંગ્રેજ વેપારશાહી	૪–૦–૦
હિંદુસ્તાની–ગુજરાતી કોશ	૪–૦–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

પાઠસંચય ભાગ ૧લાની બધી નકલો ખપી ગઈ છે તે ફરી છપાવતાં તેમાં ઘણા ફેરફારો કરવાની જરૂર જણાઈ છે. તેમાંના ઘણા પાઠો કાઢી નાખ્યા છે અને બીજા નવા જ ઉમેર્યા છે. એટલે તેનું સ્વરૂપ લગભગ આખું બદલાઈ ગયું છે અને તેથી તેનું નામ પણ બદલી નાખ્યું છે. 'કરંડિયા'માં ભરેલાં ફળ વિદ્યાર્થીઓને તથા અન્ય વાચકોને ભાવશે એવી આશા છે. સાથે શ્રી કાકાસાહેબ કાલેલકરની 'બે કેરી' પણ મૂકી છે, જે બાળકોના ઉત્સવમાં કામ આવે એવી છે.

ન૦ ક્રા૦ ૫૦



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

૧.	સત્ય એ જ પરમેશ્વર	૩
૨.	ચોરી અને પ્રાયશ્ચિત્ત	૪
૩.	વેદની ગુરુભક્તિ	૮
૪.	હરણાંનું સ્મરણ	૧૦
૫.	મિલની મજૂરણ	૧૩
૬.	મુક્તિનો ઇતિહાસ	૧૬
૭.	ગુરુઘરનો અનુભવ	૨૩
૮.	બ્રાહ્મણીનો બાળક	૨૫
૯.	ધ્રુવ	૩૪
૧૦.	યોસ્કુરા	૪૨
૧૧	'સ્ટીમર'	૪૭
૧૨.	ગોકર્ણની યાત્રા	૫૫
૧૩.	ભગવાન બુદ્ધ	૬૯
૧૪.	અંત્યજોનાં દુઃખની કહાણી	૭૮
૧૫.	દ દ દ	૮૧
૧૬.	દેવી કંઈ તમારા ઘરની ચાકરડી નથી	૮૩
૧૭.	શાન્તિદાસ	૮૬
૧૮.	ઉષસ્તિ ચાક્રાયણ	૯૯
૧૯.	યમરાજનો અતિથિ	૧૦૨
૨૦.	ગ્રામસેવક મંડળ	૧૦૮
૨૧.	પંખીઓને પ્રવચન	૧૧૮
૨૨.	અસ્પૃશ્યતાની પરાકાષ્ઠા	૧૨૩
૨૩.	વિદ્યાર્થીઓને	૧૨૭
	બે કેરી	૧૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

માધ્યમિક શાળાનાં શરૂનાં ધોરણોમાં ઇતરવાચન માટે ખપમાં આવે એવા પાઠોનો આ સંગ્રહ 'પાઠસંચય' નામે ઈ. સ. ૧૯૨૪માં પ્રથમ બહાર પાડવામાં આવ્યો હતો. પછી તેની સુધારેલી આવૃત્તિ 'કરંડિયો' નામથી ૧૯૨૮માં અને ત્યાર પછી ૧૯૩૨માં બહાર પાડવામાં આવી હતી. કેટલીક માધ્યમિક શાળાઓમાં ગદ્ય પુસ્તક તરીકે તે સારી રીતે કામ આપતી હતી. ફરી તેની માગણી થતાં, જૂના રાષ્ટ્રધ્વજનો પાઠ ઓછો કરીને બાકીનો સંગ્રહ મૂળ રૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. માધ્યમિક શાળાઓમાં તે ઉપયોગી નીવડશે એવી આશા છે.

૧૪-૪-'૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરંડિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

સત્ય એ જ પરમેશ્વર

'સત્યનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને' આ કાવ્યનું રહસ્ય હું દિવસે દિવસે વધારે સમજ્યાં કરું છું. હું એમ પણ જોઉં છું કે એ વાક્યમાં જે વિચાર રહ્યો છે તેનો પ્રયોગ કંઈ મોટાંઓ જ કરે અને બાળકો કે વિદ્યાર્થીઓ ન કરે એવું નથી. બચપણથી જ સત્યનો મારગ શોધાય ને તે મારગે જવાય તો જ મોટાં થતાં આપણે અસત્યને મારગે ચડતાં બચી શકીએ. જેમ કોઈ દરદને આપણે જૂનું થવા દઈએ તો તે ઘર કરે છે ને મટાડવું અશક્ય થઈ પડે છે, તેમ અસત્યને આપણે બચપણથી આપણા શરીરમાં, મનમાં ઘર કરવા દઈએ તો પછી આગળ જતાં તે મહાવ્યાધિ થઈ પડે છે, ને તે અસાધ્ય રોગ જેવું થઈ આપણને હમેશાં ક્ષીણ કરતું જાય છે. આ જ કારણથી આપણે જગતમાં અસત્યનો વધારો જોયાં કરીએ છીએ.

તેથી વિદ્યાર્થીજીવનમાં ઊંચામાં ઊંચો પાઠ એ છે કે સત્ય શોધવું ને તે પ્રમાણે આચરવું.

એ મારગ શૂરાનો કહ્યો છે, કેમ કે હિમાલય ચડવામાં જેટલા પરાક્રમની જરૂર છે તેના કરતાં સત્યની ઊભી સીડીએ ચડવામાં વધારે પરાક્રમની આવશ્યકતા છે. એટલે જો આપણે આ જગતમાં કંઈ પણ પુરુષાર્થ કરવો હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતની સેવા કરવી હોય તો સત્યને પ્રથમ પદ આપો. તેને વિષે અચલિત શ્રદ્ધા રાખી આગળ વધ્યે જાઓ. સત્ય એ જ પરમેશ્વર છે.

ગાંધીજી

૨

ચોરી અને પ્રાયશ્ચિત્ત

મારા એક સગાની સાથે મને બીડી પીવાનો શોખ થયો. અમારી પાસે પૈસા ન મળે. બીડી પીવામાં કંઈ ફાયદો છે અગર તો તેની ગંધમાં મજા છે એવું તો અમ બેમાંથી એકેને નહોતું લાગ્યું, પણ કેવળ ધુમાડો કાઢવામાં જ કંઈક રસ છે એવું લાગેલું. મારા કાકાને બીડી પીવાની ટેવ હતી, ને તેમને તથા બીજાને ધુમાડા કાઢતા જોઈ અમને પણ ફૂંકવાની ઇચ્છા થઈ. પૈસા તો ગાંઠે ન મળે, એટલે કાકા બીડીનાં ઠૂંઠાં, ફેંકી દે તે ચોરવાનું અમે શરૂ કર્યું.

પણ ઠૂંઠાં કંઈ હરવખતે મળી ન શકે, અને તેમાંથી બહુ ધુમાડાયે ન નીકળે. એટલે ચાકરની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે એકાદ ચોરવાની ટેવ પાડી ને અમે બીડી ખરીદતા થયા. પણ એને સંઘરવી ક્યાં એ સવાલ થઈ પડ્યો. વડીલોના દેખતાં તો બીડી પિવાય જ નહિ એ ખબર હતી. જેમતેમ કરી બેચાર દોકડા ચોરીને થોડાં અઠવાડિયાં ચલાવ્યું. દરમ્યાન સાંભળ્યું કે એક જાતના છોડ (તેનું નામ તો ભૂલી ગયો છું) થાય છે, તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાંખળી બીડીની જેમ સળગે છે, ને તે પી શકાય. અમે તે મેળવીને ફૂંકતા થયા !

પણ અમને સંતોષ ન થયો. અમારી પરાધીનતા અમને સાલવા લાગી. વડીલોની આજ્ઞા વિના કંઈ જ ન થાય એ દુઃખ થઈ પડ્યું. અમે કંટાળ્યા ને અમે તો આપઘાત કરવાનો નિશ્ચય કર્યો !

પણ આપઘાત કઈ રીતે કરવો ? ઝેર કોણ આપે ? અમે સાંભળ્યું કે ધતૂરાના ડોડવાનાં બી ખાઈએ તો મૃત્યુ નીપજે. અમે વગડામાં જઈ તે મેળવી આવ્યા. સંધ્યાનો સમય શોધ્યો. કેદારજીને મંદિરે દીપમાળમાં ઘી ચડાવ્યું, દર્શન કર્યાં ને એકાંત શોધી. પણ ઝેર ખાવાની હિંમત ન ચાલે. તરત મૃત્યુ નહિ થાય તો ? મરીને શો લાભ ? પરાધીનતા કાં ન ભોગવી છૂટવું ? છતાં બેચાર બી ખાધાં. બીજાં ખાવાની હિંમત જ ન ચાલી. બન્ને મોતથી ડર્યા અને રામજીને મંદિર જઈ દર્શન કરી શાંત થઈ જવું ને આપઘાતની વાત ભૂલી જવી એવો ઠરાવ કર્યો.

હું સમજ્યો કે આપઘાતનો વિચાર કરવો સહેલો છે, આપઘાત કરવો સહેલ નથી. આથી જ્યારે કોઈ આપઘાત કરવાની ધમકી આપે છે ત્યારે તેની મારા ઉપર બહુ ઓછી અસર થાય છે, અથવા મુદ્દલ થતી જ નથી એમ કહું તો ચાલે.

આ આપઘાતના વિચારનું એક પરિણામ એ આવ્યું કે અમે બન્ને એઠી બીડી ચોરીને પીવાની તેમ જ નોકરના દોકડા ચોરવાની ને તેમાંથી બીડી લઈ ફૂંકવાની ટેવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂલી જ ગયા. મોટપણે બીડી પીવાની ઇચ્છા જ મને કદી નથી થઈ, અને એ ટેવ જંગલી, ગંદી ને હાનિકારક છે એમ મેં સદાય માન્યું છે. બીડીનો આટલો જબરજસ્ત શોખ દુનિયામાં કેમ છે એ સમજવાની શક્તિ હું કદી મેળવી શક્યો નથી. જે આગગાડીના ડબામાં ઘણી બીડી ફૂંકાતી હોય ત્યાં બેસવું મને ભારે થઈ પડે છે ને તેના ધુમાડાથી હું ગૂંગળાઈ જાઉં છું.

બીડીઓનાં ઠૂંઠાં ચોરવાં ને તેને અંગે ચાકરના દોકડા ચોરવા એ દોષના કરતાં બીજો એક ચોરીનો દોષ જે મારાથી થયો તેને હું વધારે ગંભીર ગણું છું. બીડીનો દોષ થયો ત્યારે ઉંમર બાર તેર વર્ષની હશે; કદાચ તેથીયે ઓછી. બીજી ચોરી વેળાએ ઉંમર પંદર વર્ષની હશે. આ ચોરી મારા માંસાહારી ભાઈના સોનાના કડાના કકડાની હતી. તેમણે નાનું સરખું એટલે પચીસેક રૂપિયાનું કરજ કર્યું હતું. એ કેમ પતાવવું એનો અમે બન્ને ભાઈ વિચાર કરતા હતા. મારા ભાઈને હાથે સોનાનું નક્કર કડું હતું. તેમાંથી એક તોલો સોનું કાપવું મુશ્કેલ નહોતું.

કડું કપાયું. કરજ ફીટ્યું. પણ મારે સારુ આ વાત અસહ્ય થઈ પડી. હવે પછી ચોરી ન જ કરવાનો મેં નિશ્ચય કર્યો. પિતાજીની પાસે કબૂલ પણ કરી દેવું જોઈએ એમ લાગ્યું. જીભ તો ન ઊપડે. પિતાજી પોતે મને મારશે એવો ભય તો નહોતો જ. તેમણે કોઈ દિવસ અમને એકે ભાઈને તાડન કર્યું હોય એવું મને સ્મરણ નથી. પણ પોતે દુઃખી થશે, કદાચ માથું કૂટશે તો ? એ જોખમ ખેડીને પણ દોષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબૂલ કરવો જ જોઈએ, તે વિના શુદ્ધિ ન થાય, એમ લાગ્યું.

છેવટે ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરવો ને માફી માગવી એવો મેં ઠરાવ કર્યો. મેં ચિઠ્ઠી લખીને હાથોહાથ આપી. ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માગી, પોતે પોતાની ઉપર દુઃખ ન વહોરી લે એવી આજીજી-પૂર્વક વિનંતી કરી, અને ભવિષ્યમાં ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા કરી.

મેં ધ્રૂજતે હાથે આ ચિઠ્ઠી પિતાજીના હાથમાં મૂકી. હું તેમની પાટની સામે બેઠો. આ વેળા તેમને ભગંદરનું દરદ તો હતું જ. તેથી તેઓ ખાટલાવશ હતા. ખાટલાને બદલે લાકડાની પાટ વાપરતા.

તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી મોતીનાં બિંદુ ટપકયાં. ચિઠ્ઠી ભીંજાઈ. તેમણે ક્ષણવાર આંખ મીંચી, ચિઠ્ઠી ફાડી નાંખી, ને પોતે વાંચવા સારુ બેઠા થયા હતા તે પાછા સૂતા.

હું પણ રડયો. પિતાજીનું દુઃખ સમજી શકયો. હું ચિતારો હોઉં તો એ ચિત્ર આજે સંપૂર્ણતાએ આલેખી શકું; એટલું તે આજે પણ મારી આંખ સામે તરી રહ્યું છે.

એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે:

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે

મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો. તે વેળા તો મેં તેમાં પિતાપ્રેમ ઉપરાંત બીજું ન જોયું, પણ આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું. આવી અહિંસા જ્યારે વ્યાપક સ્વરૂપ પકડે ત્યારે તે પોતાના સ્પર્શથી કોને અલિપ્ત રાખે? એવી વ્યાપક અહિંસાની શક્તિનું માપ કાઢવું અશક્ય છે.

ગાંધીજી

૩

વેદની ગુરુભક્તિ

એક વનમાં ધોમ્ય ગુરુનો આશ્રમ હતો. આશ્રમમાં ઘણા વિદ્યાર્થીઓ રહેતા. બધા વિદ્યાર્થીઓ ગુરુ સોંપે તે કામ કરતા. કોઈ ગાયો ચારવા જાય, કોઈ વળી લાકડાં વીણવા જાય, તો કોઈ પાણી ભરે ને કોઈ ફૂલના હાર બનાવી આપે. વેદ નામનો વિદ્યાર્થી પણ ત્યાં રહેતો.

એક દિવસ ગુરુએ વેદને ખેતરમાં મોકલ્યો. ખેતરમાં જવ વાવ્યા હતા. પાસે કાંસ હતો તેમાંથી પાણી વાળીને ખેતર પાવાનું હતું. વેદે કાંસનો બંધ ઉઘાડી નાખ્યો.

ખળળળ કરતું પાણી દોડી આવ્યું. કોણ જાણે શું થયું પણ પાણીના જોરથી બંધ તૂટી ગયો ને હડહડ કરતું પાણી જવના ખેતરમાં ફરી વળ્યું.

વેદ ગભરાયો. અરરર! હવે શું કરું? આ તો હમણાં બધાં ખેતર પાણીમાં ડૂબી જશે ને બધો મોલ કહોવાઈ જશે.

વેદ બહુ હિંમતવાળો હતો. હિંમતથી તે પેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂટેલા બંધમાં ભરાઈ ગયો. બંધને ડાટો દેવાયો એટલે પાણી તો બંધ થયું. વેદ ત્યાં પડયો રહ્યો.

રાત પડી. બધા વિદ્યાર્થીઓ આવ્યા, પણ વેદ ક્યાંથી દેખાય? ગુરુએ બધાંને પૂછયું. પણ એમને શી ખબર? પછી ધૌમ્ય ગુરુ હાથમાં લાકડી લઈને ખેતર ભણી ચાલ્યા.

"વેદ, ઓ વેદ, ક્યાં છે બેટા?" એમ સાદ પાડતા પાડતા તેઓ આખું ખેતર ફરી વળ્યા.

ગુરુ ફરતા ફરતા પેલા બંધ પાસે આવ્યા. તેમણે સાદ પાડયો: "વેદ ક્યાં ગયો બેટા? ખેતર તો બધું પાયેલું છે ને તું ક્યાં જતો રહ્યો? વેદ, ઓ વેદ!"

બંધમાંથી ધીમે સાદે વેદ બોલ્યો, "ગુરુદેવ, આ રહ્યો હું."

ગુરુ એકદમ દોડી ગયા, વેદને કાઢવા લાગ્યા.

વેદ કહે, "ના, ગુરુદેવ ના, પહેલો બંધ સમો કરો, નહિ તો પાણી ફરી વળશે."

ગુરુએ દોડાદોડ કરી કાંકરા, ઝાંખરાં ને માટી લાવીને બંધ પૂરી દીધો. પછી વેદને જાળવીને બહાર કાઢયો. તેનું શરીર અકડાઈ ગયું હતું, એને ટાઢ ચડી હતી, ગુરુએ વેદને તેડી લીધો.

આશ્રમમાં જઈ ધૂણી ધખાવી તેને તપાડયો, પછી ગરમ દૂધ પાયું.

વેદ ઉપર ગુરુની બહુ પ્રીતિ થઈ.

ગુરુની કૃપાથી વેદ મોટો પંડિત થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

હરણાંનું સ્મરણ

એક વિશાળ વન હતું. વીસવીસ ત્રીસત્રીસ ગાઉ સુધી માણસની ઝૂંપડી કે મુસાફરનો કામચલાઉ ચૂલો પણ ક્યાંયે ન મળે. ત્યાં એક રળિયામણા તળાવ પાસે કેટલાંક હરણાં રહેતાં. તળાવને કાંઠે એક બીલીનું ઝાડ હતું. એ ઝાડની નીચે પાષાણરૂપમાં મહાદેવ વિરાજમાન હતા. હરણાં રોજ તળાવમાં સ્નાન કરે, મહાદેવનાં દર્શન કરે અને ચરવા જાય. બપોરે આવીને બીલીને છાંયે વિશ્રાન્તિ કરે અને સાંજરે તળાવનું પાણી પીએ, મહાદેવનાં દર્શન કરે ને સૂઈ જાય. કશાં શાસ્ત્ર ભણ્યા વગર જ હરણાંને ધર્મનું જ્ઞાન થયું હતું, તેથી બહુ જ સંતોષપૂર્વક તેઓ પોતાનું નિર્દોષ જીવન વિતાડતાં હતાં.

માઘ મહિનો હતો. કૃષ્ણપક્ષની ચતુર્દશી હતી. એવે એક વિકરાળ પારધી પેલા વનમાં પેઠો. સાંજ પડું પડું થઈ રહી હતી. પારધીને ભૂખ કકડીને લાગી હતી. પારધીની ભૂખ કંઈ જેવી તેવી ન હોય, બીજું કંઈ ન હોય તો કાચું ને કાચું માંસ પણ કરડી ખાય. પણ આ પારધીને પોતાની ભૂખનું દુઃખ નહોતું. ઘરમાં બાળબચ્ચાં ભૂખ્યાં છે, તેમને શું આપવું ? શું મોઢું લઈ ઘેર જવું ? શિકાર ન મળે તો ઠાલે હાથે ઘેર જવા કરતાં વનમાં જ રાતની રાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યા રહીએ; વખતે કંઈક હાથ ચડી જાય. આવો વિચાર કરતો તે તળાવ પાસેની બીલી પર ચડીને બેઠો.

પોતાનાં બાળબચ્ચાંનું ભરણપોષણ કરવા માટે પોતે કષ્ટ વેઠવાં અને જોખમો ઉઠાવવાં એટલો જ પોતાનો ધર્મ છે એમ તે માનતો. એથી વ્યાપક ધર્મનું તેને ભાન નહોતું.

રાત પડી. કૃષ્ણપક્ષની કાળીમેશ રાત. કશું જ સૂઝે નહિ. પારધીએ તળાવ તરફ જોવા માટે આડાં આવતાં બીલીનાં પાંદડાં તોડી તોડીને નીચે ફેંકયાં. એટલામાં બે ચાર હરણાં પાસે પાણી પીવા આવ્યાં. હરણાંને જોઈ પારધી ખુશ ખુશ થઈ ગયો અને ધનુષ્ય ઉપર બાણ ચડાવવા લાગ્યો. તે જોઈ હરણાં ચમકયાં અને નિરાશાના અવાજમાં બોલ્યાં, 'ભો ભો વ્યાધ, તારા ધનુષ્ય ઉપર બાણ ચડાવ મા. અમે મરવા તો તૈયાર છીએ, પણ અમને ઘેર જઈ અમારાં બાળબચ્ચાંને અને સગાંવહાલાંને મળી આવવા જેટલી મુદત આપ. સૂર્યોદય પહેલાં અમે પાછાં આવી હાજર થઈશું.'

પારધી ખડખડ હસ્યો. 'શું તમે મને બબૂચક સમજો છો? આમ હાથ આવેલો શિકાર હું જતો કરું? મારાં બાળબચ્ચાં ભૂખે મરે છે તે?'

'અમે પણ તારી પેઠે અમારાં બાળબચ્ચાંનો ખ્યાલ કરીને જ રાહત માગીએ છીએ. અમે વચન પાળીએ છીએ કે નહિ એની પરીક્ષા તો કરી જો."

પારધીના મનમાં શ્રદ્ધા અને કૌતુક જાગી ઊઠયાં. બરાબર સૂર્યોદય પહેલાં આવવાની ખાસ તાકીદ આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે હરણાંને જવા દીધાં. અને પોતે બીલીનાં પાંદડાં તોડતો ઝાડ ઉપર જ રાતવાસો રહ્યો.

પેલાં હરણાં ઘેર ગયાં, બાળબચ્ચાંને ભેટ્યાં, પોતપોતાનાં શીંગડાંથી એકબીજાને ખજવાળ્યાં, છેક નાનાં હતાં તેમને ધરાઈ ધરાઈને ચાટી લીધાં, બનેલી વાત બધાંને કહી સંભળાવી અને વદાય માગી. 'शठं प्रति शाठ्यं कुर्यात् । અરે, દુષ્ટ પારધી સાથે વચનપાલન કેવું ? ટાંટિયામાં જેટલું જોર હોય તેટલું વાપરી અહીંથી છાનાંમાનાં નાસી જાઓ' એવી સલાહ આપનાર કોઈ ન નીકળ્યું. સગાંવહાલાં બોલ્યાં, 'ચાલો, અમે પણ સાથે આવીએ છીએ. સ્વેચ્છાએ મરણ વહોરી લેવાથી મોક્ષ મળે છે. તમારો અપૂર્વ આત્મયજ્ઞ જોઈ પાવન થઈશું.'

બાળબચ્ચાં સાથે થયાં. પારધીના હિંસકપણાની જાણે પરીક્ષા કરવાને જ ન નીકળ્યાં હોય !

સૂર્યોદય પહેલાં તો હરણાંનું એક મોટું ટોળું આવી પહોંચ્યું. રાતવાળાં હરણાં આગળ આવ્યાં ને બોલ્યાં: 'લો ભાઈ, અમે વધને માટે તૈયાર છીએ.' બીજાં હરણાં પણ બોલી ઊઠ્યાં: 'અમને પણ માર. ભલે તારાં બાળબચ્ચાંની ભૂખ શમો.'

પારધીની હિંસાવૃત્તિ રાત્રિની પેઠે ગળી ગઈ. આખા દિવસનો ઉપવાસ અને આખી રાત્રિનું જાગરણ થવાથી તેની વૃત્તિ અન્તર્મુખ થઈ જ હતી. તેમાંયે આ પ્રતિજ્ઞાપાલક હરણાંનું ધર્માચરણ જોઈને તો તે દિંગ થઈ ગયો. તેના હૃદયમાં નવીન પ્રકાશ પડ્યો. પ્રેમશૌર્યની તેને દીક્ષા મળી. તે ઝાડ નીચે ઊતર્યો અને હરણાંને શરણ ગયો. બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગનું માણસ એ ચોપગાં પશુને પગે લાગ્યો. આકાશમાંથી શ્વેત પુષ્પોની વૃષ્ટિ થઈ. કૈલાસથી મોટું વિમાન ઊતરી આવ્યું, તેમાં પારધી અને હરણાં બેઠાં અને કલ્યાણકારી શિવરાત્રિનું માહાત્મ્ય ગાતાં ગાતાં શિવલોક સિધાર્યાં. આજે પણ તેઓ આકાશમાં મૃગ નક્ષત્રના દિવ્ય રૂપે પ્રકાશે છે.

મહાશિવરાત્રિનો દિવસ એટલે તે ધર્મનિષ્ઠ, સત્યવ્રતી હરણાંના સ્મરણનો દિવસ.

૫

મિલની મજૂરણ

૬૩ વરસની ડોશી થઈને તે મરી ગઈ. તે ચાર છોકરાંની મા હતી. ૬૩ વરસની આવરદામાંથી ૫૩ વરસ તેણે લૅન્કેશાયરની મિલમાં ખપાવ્યાં હતાં.

તેના જીવનનું દૃશ્ય ચીતરું ? લાંબું લાંબું ઇંઢમૂંઢ ભારખાના જેવું કારખાનું, ઉપરાઉપરી પાંચ છ માળ, ભીંતો જાણે બારીઓનું વન, શિયાળાની અંધારી સવારે દીવાઓથી આખું ઝગઝગતું હોય, સાંજે જુઓ તોપણ એનો એ ઝગઝગાટ અને સવાર સાંજની બે સંધ્યાઓની વચમાં આખો દહાડો સંચાઓના ધડધડ ખડખડ અવાજ; હવામાં સંચાના તેલની દુર્ગંધ અને રૂની રૂંછી; મરદો અને બૈરાંઓ — કાળાં કાળાં મોઢાં ને કાળાં કાળાં ચીંથરાંવાળાં મજૂર લોકો — હરડાફરડ કરતાં હોય કે સંચા ઉપર કામ કરતાં હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ થયું કારખાનાનું દૃશ્ય. અને તેની બહાર? ખાવા ધાતું, ધુમાડે છવાયેલું આકાશ, ધુમાડાની મેશથી રંગાયેલી શેરીઓ, સામે સૂકાં મેદાનો, અંદર ઘાસ સરખું ઊગે નહિ, ધુમાડે ગામ બધું ભરી મેલતાં મોટાં મોટાં ભૂંગળાં, માઈલોના માઈલો સુધી એ એકનું એક જ દૃશ્ય.

આ જ સ્થળમાં એનું બાળપણ વીત્યું હતું. ચપળ આંખવાળી કુમારિકામાંથી આ જ સ્થળે તે મુગ્ધાવસ્થામાં આવી હતી. યુવતી થઈને અહીં જ તેણે સંસાર માંડ્યો હતો અને અહીં જ કુટુંબપરિવારનું પાલનપોષણ કરતી તે આખરે મૃત્યુ પામી.

તે વખતે (આજે પણ તે જ દશા છે) આખાં ને આખાં કુટુંબ,— મા, બાપ ને છોકરાં — ઘેર તાળું મારીને રોજ મિલમાં મજૂરીએ જાય. સૌની સામટી મજૂરીથી સારી કમાણી કરવાની આશા કદાચ હશે.

આ કુટુંબમાં પણ તેમ જ થતું, પણ માતા બધાંથી વધારે તૂટી મરતી. તેના મનમાં એક જ ધૂન હતી, તે એક જ ધર્મ સમજતી — બસ કામ કરવું. છોકરાંને પણ એ જ કેળવણી તે આપતી: કામ કરજો, કામથી કદાપિ ન હારજો.

છેલ્લાં ચોવીસ વરસના આયુષ્યમાં તેણે એક કહેતાં એક રોજ પાડ્યો નહોતો. સવારના છ થાય કે મિલમાં હાજર જ. તે પહેલાં પણ સુવાવડને પ્રસંગે ત્રણ અઠવાડિયાંથી વધારે રોજ તેણે કદી પાડ્યા નથી. સુવાવડમાંથી નહાઈ ઊઠીને પાછી મિલને કામે ચડી જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે વાટમાં એક દાઈનું ઘર આવતું ત્યાં રોજ બાળકને મેલતી જાય.

સૌથી છેલ્લો બાળક — તેણે જ આ બધું કહ્યું છે — કહેતો હતો કે હું નાનો હતો ત્યારે રોજ સવારના પહોરમાં બા મને પથારીમાંથી તેડી લેતી, એક શાલમાં વીંટાળતી ને તેમ ને તેમ ઊંચકીને એક ડોશીને ઘેર મૂકી ચાલી નીકળતી એ બધું મને સાંભરે છે.

તે દાઈને ઘેર છોકરાને તેની મા સુવાડી દેતી ને કામે ચાલી જતી.

આખરે, અરધો સૈકો આવી મજૂરી કરીને મજૂરણ તૂટી ગઈ. તેને ક્ષયનો વ્યાધિ લાગુ પડ્યો. ઘણી વાર પરોઢિયામાં સાડા પાંચ વાગ્યે છરીની ધાર જેવા ઠંડા પવનમાં તે કામે જતી હોય ત્યારે વાટમાં બિચારી ટાઢથી અકડાઈ જાય ને ઉધરસથી બેવડી વળી જાય. એવી હાલતમાં કોઈ ઘરની ઓથે ઘડીક થોભી જઈને થાક ખાતી, ઘરના ઝાંખા દીવાના તેજમાં એ ઘણી વાર જોવામાં આવતી. એમ છતાંયે તેણે કોઈ દિવસ એક રોજ ગુમાવ્યો નથી; કલાક બે કલાકની રજા સરખી પાળી નથી.

અંત ઘડી સુધી તે હારી નહિ.

એક દિવસ સાંજની વેળાએ તે ઘેર આવી; ને આવીને ખાધું નહિ, પીધું નહિ ને સીધી પથારીમાં પડી.

રાતના નવ વાગ્યે તેનો નાનો છોકરો પથારી પાસે ગયો તો મા લૂગડાં પહેરી કરીને તૈયાર બની ગઈ હતી. — "હા, ઘર વાળવું ચોળવું હતું, અને સવારમાં વહેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠીને કામે ચડવું એટલે અત્યારે જ તે આટોપી લેવું જોઈએ ને? ઘરનું કામ પોતે ન કરે તો બીજું કોણ કરવા આવે?"

પણ સવાર પડી ત્યારે ઘરનું કામકાજ કોઈક બીજાને જ કરવાનું હતું. એ મજૂરણ ડોશીના વિના ઘરનું બધું કામકાજ થયું.

કારણ કે ડોશી બિચારી જીવનભરનો ચડેલો થાક ઉતારવા પ્રભુના ધામમાં પહોંચી ગઈ હતી. તેનું જીવ વગરનું જીર્ણ ખોળિયું સાથરે પડયું હતું.

(અંગ્રેજી ઉપરથી)

૬

મુક્તિનો ઇતિહાસ

સૃષ્ટિનું કામ લગભગ પૂરું થયું ને જ્યાં છુટ્ટીનો ઘંટ વાગ્યા વેળા થઈ એવે કાળે બ્રહ્માના મસ્તકમાં એક નવી કલ્પનાનો ઉદય થયો.

ભંડારીને તેડાવીને બ્રહ્મા બોલ્યા: "ભંડારીજી! પાંચે મહાભૂતોનો નવો મસાલો થોડો થોડો કારખાનામાં ભેગો કરી લાવો. એક નવું પ્રાણી ઘડવું છે."

ભંડારી હાથ જોડી બોલ્યા: "પિતામહ! આરંભમાં જ્યારે આપે ઉછરંગમાં ને ઉછરંગમાં હાથી ઘડ્યા, ગેંડા ઘડ્યા, મગરમચ્છ ઘડ્યા, મોટા મોટા અજગર–સર્પ ઘડ્યા, સિંહવાઘ ઘડ્યા, ત્યારે મસાલો વાપરવામાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે પાછું વાળીને જોયું જ નથી. પંચમહાભૂતોમાંથી જેટલાં ભારે અને કઠણ હતાં તે તો બધાં જ લગભગ ખલાસ થઈ જવા આવ્યાં છે. પૃથ્વી, જલ અને તેજનાં હાંલ્લાંઓનાં તો તળિયાં દેખાવા લાગ્યાં છે. રહેવામાં રહ્યાં છે માત્ર વાયુ અને આકાશ. એ છે જોઈએ તેટલાં."

ચતુર્મુખે ચાર જોડ મૂછના ચોળિયા ઘડી વાર ખંજવાળ્યા અને બોલ્યા: "ઠીક, જે કંઈ ભંડારમાં રહ્યું હોય તે લઈ આવો. જોઈ લઈશું."

આ વખતના પ્રાણીને ઘડવામાં બ્રહ્માએ પૃથ્વી, જલ અને તેજ વાપરવામાં હાથ ખૂબ ખેંચી રાખ્યો. એને ન આપ્યાં શીંગડાં કે ન આપ્યા મોટા મોટા નખ. દાંત આપ્યા તે પણ ફક્ત ચાવવા પૂરતા; કરડવાને કામ લાગે તેવા નહિ. તેજના હાંલ્લામાંથી તેજ પણ થોડુંક જ વાપર્યું. આથી પ્રાણી લડાઈનાં કેટલાંક કામોને લાયક તો થયું પણ એને લડાઈનો શોખ ન રહ્યો. આ પ્રાણી થયું તે ઘોડો.

બીજું ગમે તેમ હો પણ આને ઘડવામાં સૃષ્ટિકર્તાએ વાયુ અને આકાશને તો કંઈ બેસુમાર જ ઠાંસી દીધાં! પરિણામ એ આવ્યું કે આ પ્રાણીનું મન દોડયું સોળે આના મુક્તિની મેર. એ પવનની આગળ દોડી નીકળવા ચહાય, અસીમ આકાશની હદ ઓળંગી જવા મથે. બીજાં પ્રાણી જરૂર પડયે કારણસર દોડે; આ દોડયાં કરે વગર કારણે. જાણે પોતાની જાતને જ છોડી નાસી છૂટવાનો ધો લાગ્યો હોય. ન કોઈને કરડવા ચહાય, ન કોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારવા ચહાય, કેવળ દોડદોડ જ કરવા ચહાય. દોડતે દોડતે બિન્દુ બની જવું, કેવળ એક કાળું તલકું બની જવું, સુસવાટ માત્ર બની જવું અને અંતે હવામાં વરાળ થઈ ઊડી જવું એ જ જાણે એના મનની મતલબ હોય!

બ્રહ્મા ભારે રાજી થયા. રહેવા માટે એમણે બીજાં બધાં પ્રાણીઓને કોઈને આપ્યું'તું વન, તો કોઈને આપી'તી ગુફા. પણ આની તો દોડ જોવી બહુ ગમે માટે એને રહેવા માટે બ્રહ્માએ આપ્યું ઉઘાડું બીડ.

બીડને શેઢે રહેતો'તો માણસ. દિવસરાત હાયવોય કરી કરીને બધું ભેગું કર કર કરવાની એને ટેવ, તે એટલે સુધી કે એને એ બધાનો એક મોટો બોજો થઈ પડતો. આથી જ જેવો ખુલ્લા બીડમાં એણે ઘોડાને દોડતો જોયો કે એ મનમાં ને મનમાં કહેવા લાગ્યો: 'આને જો કોઈ રીતે પકડી શકું તો રોજ શહેરમાં સોદો કરવા જવા આવવાની ભારે સુગમતા થઈ જાય.'

ફાંસો નાખીને એક દિવસ એણે ઘોડાને પકડયો. એની પીઠ પર નાખ્યું જીન; મોઢામાં ચડાવી કાંટાળી લગામ. પૂંઠે લગાવે ચાબુક અને પડખે મારે કાંટાવાળી જોડાની એડીઓ. આ ઉપરાંત વળી રાખ્યો એક ખરેરો.

બીડમાં છૂટો રહેવા દે તો વળી હાથથી જાય એટલા માટે ઘોડાની ચોમેર ચણી દીધી ચાર ભીંતો. વાઘને રહેવા મળ્યું'તું વન. તે એનું જેમનું તેમ રહ્યું. સિંહને રહેવા હતી ગુફા.' તે પણ એની કોઈએ ખૂંચવી ન લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઘોડાને મળ્યું'તું ખુલ્લું બીડ. એને નસીબે આવ્યો તબેલો. બિચારાને વાયુએ અને આકાશે મુક્તિનો છંદ તો બેહદ લગાડી મૂક્યો હતો, પણ બંધનમાંથી એ એને બચાવી શક્યાં નહિ.

જ્યારે બહુ જ અકળાયો ત્યારે ઘોડાએ તબેલાની દીવાલને લાતો મારવા માંડી. પણ એમાં એના પગને જખમ થયો તેટલો ભીંતને થયો નહિ. તોપણ પલાસ્તરનો ચૂનો ઊખડીને દીવાલની સુંદરતા કંઈક નાશ પામવા લાગી ખરી.

આ જોઈને માણસને બહુ ગુસ્સો ચડયો. તે બોલ્યો: "આનું નામ જ કૃતઘ્નતા! ઊભે ગળે ખવડાવ ખવડાવ કરું છું. મોટા પગારના રખવાળ આણીને આઠે પહોર અને સાઠે ઘડી એની તહેનાતમાં ખડા રાખ્યા છે તોયે એના કશા લેખામાં જ નથી."

ઘોડાનું મન હેળવવાની ખાતર સાઈસોએ ઘોડાની એવી તો બરદાસ કરવા માંડી કે, ઘોડો ગરીબ ગાય બની ગયો અને એની લાતો બધી બંધ થઈ ગઈ. માણસે પોતાના પાડાપડોશીઓને બોલાવીને ઘોડો બતાવી કહ્યું: "કેવું વફાદાર જાનવર છે! આટલું વફાદાર વાહન મારી પાસે બીજું એકે નથી."

પડોશીઓ પણ તારીફ કરી બોલ્યા: "ખરેખર ભારે અશરાફ જાનવર! સાવ બકરી જેવું ગરીબ; તમારા સાધુ જેટલું સીધું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક તો જનમથી જ જોઈએ તેવા દાંત ન મળે, નખ ન મળે, શીંગડાં ન મળે, તેમાં વળી પહેલાં ભીંતને અને પાછળથી હવામાં લાતો મારવાનું પણ બંધ પડ્યું. આથી જ મનનો ભાર હલકો કરવા અંતે તેણે અવારનવાર આકાશ તરફ માથું ઊંચું કરી હણહણવા માંડ્યું. પણ આથી તો માણસની ઊંઘને ખલેલ પહોંચવા લાગી. પાડા-પડોશીઓએ પણ ઘોડાનો અવાજ ભક્તિ–ગદ્‌ગદ્ કંઠમાંથી નીકળતો હોવાનું માનવાની ના પાડી. મોઢું બંધ કરવાનાં સાધન તો જોઈએ તેટલાં. પણ સમૂળગો દમ જ બંધ ન કરવામાં આવે ત્યાં સુધી મોઢું પણ તદ્દન બંધ થવું તો અશક્ય જ. અંતે પ્રાણાગત મુમૂર્ષુના ગળામાંથી નીકળતા ક્ષીણ અવાજના જેવો ક્ષીણ દયાભર્યો હણહણાટ કોઈ કોઈ વાર ગળામાંથી કાઢવાનું માત્ર ઘોડાને હાથ રહ્યું.

અચાનક એક દિવસ એ દુઃખદ સ્વર પડ્યો બ્રહ્માને કાને. ધ્યાન છોડી બ્રહ્મા નીચે પૃથ્વી પરના ખુલ્લા બીડ તરફ નજર કરી જુએ છે તો ઘોડાનું નામ-નિશાન ન મળે.

પિતામહે યમને તેડાવીને કહ્યું: "એ તારાં જ કામાં! તું જ મારા ઘોડાને કાઢી ગયો."

યમ બોલ્યા: "સૃષ્ટિકર્તા! આપનો એકેએક શક હલવવાનું ઠેકાણું તો સદાયે હું જ! પણ દયા કરીને એક વાર માણસના વાસની તરફ તો જરા નજર કરી જુઓ!"

બ્રહ્મા જુએ છે તો તદ્દન નાની જગ્યા છે; ચારે બાજુથી દીવાલો ચણી લીધેલી છે અને વચમાં ઊભો ઊભો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘોડો મોં ઊંચું કરીને ઘણા કષ્ટપૂર્વક દુઃખભર્યો અવાજે ઈહીહીહીહી–ઈહીહીહીહી કરી રહ્યો છે!

બ્રહ્માનું હૈયું ભરાઈ આવ્યું. માણસને સંભળાવ્યું: "મારા આ પ્રાણીને જો આ જ ક્ષણે નહિ છોડી દે તો હું એને વાઘના જેવા દાંત અને નખ ઉગાડીશ અને એ તારે કશા કામનો નહિ રહે."

માણસ બોલ્યો: "શિવ! શિવ! શિવ! એમ કરવાથી હિંસાને કેટલું ઉત્તેજન મળે? પણ એ વાત કોરાણે રહી. મારી તો, હે પિતામહ! આપ સન્મુખ અરજ જ એટલી છે કે આપ ગમે તે કહેતા હો પણ આપનું આ પ્રાણી મુક્તિને લાયક જ નથી. એનું હિત વિચારીને જ મોટો ખરચ કરી મેં એને માટે તબેલો બાંધ્યો છે. ખાસો પાકા ચણતરનો છે."

બ્રહ્માએ પોતાની જીદ ચાલુ રાખી કહ્યું: "તારે એને છોડી દીધે જ છૂટકો છે."

માણસ બોલ્યો: "જેવી આદિદેવની મરજી. ઘોડાને હું છોડી મૂકું છું પણ તે સાત દિવસની મહેતલે. સાત દિવસ વીત્યે પણ, આપના બીડના કરતાં મારો તબેલો એને માટે વધારે સારો નથી એ આપનો અભિપ્રાય કાયમ રહે, તો આપ સમક્ષ નાક ઘસીને જે કરો તે શિક્ષા ભોગવવા મારે તૈયાર થવું."

હવે માણસે કર્યું એમ કે, ઘોડાને તો જાણે એણે ખુલ્લા બીડમાં છોડી મૂક્યો; પણ એને આગલે બે પગે કસીને દામણ બાંધી દીધી. આથી ઘોડો એવી તો રૂપાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલે ચાલવા લાગ્યો કે દેડકાની ચાલ પણ એના કરતાં ઓછી અળખામણી લાગે.

બ્રહ્મા બેઠેલા અંતરીક્ષે સ્વર્ગમાં; એટલે ઊંચે બેઠાં બેઠાં ઘોડાની અતિ બેહૂદી ચાલ તો એમને દેખાય, પેલી અભાગણી દામણ જ એકલી કેમે કરી દેખાય નહિ. પોતાના સર્જનકૌશલ્યની આવી ફજેતી જોઈ બ્રહ્મા ભોંઠપથી લાલ થઈ ગયા અને બોલ્યા : "ભૂલ પણ ભારે કરી છે ને!"

માણસ હાથ જોડી બોલ્યો : "હવે આને લઈ જઈને શું કરું? આપના સ્વર્ગલોકમાં જો એકાદ બીડ હોય તો એને અહીં ઉપર જ રવાના કરી દઉં."

બ્રહ્મા ત્રાસીને બોલ્યા : "જા–જા, પાછો લઈ જા એને તારા તબેલામાં!"

માણસ બોલ્યો : "આદિદેવ! માણસજાતને માથે આ કેવડો બોજો!"

બ્રહ્મા બોલ્યા : "એમાં જ તો માણસજાતની મોટાઈ છે ને!"

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

ગુરુઘરનો અનુભવ

હારિદ્રુમત ગૌતમનો શિષ્ય સત્યકામ જાબાલ. સત્યકામ જાબાલનો શિષ્ય ઉપકોસલ કામલાયન. ઉપકોસલ કામલાયનની હવે વાત કહીએ.

સત્યકામ જાબાલ સીધો પણ આકરો ગુરુ હતો. એનું નિખાલસપણું અને ગુરુઘરમાં એણે ગાળેલું ખડતલ જીવન દુનિયામાં મશહૂર છે. એને ઘણું ખરું જ્ઞાન તો ગુરુની ગાયો ચારતાં કુદરત પાસેથી જ મળી ગયું હતું. ગુરુ પાસેથી બધી વિદ્યા મેળવ્યા પછી સ્નાતક થઈ એણે ગૃહસ્થાશ્રમ માંડ્યો, અને અનેક શિષ્યો ભેગા કરી એણે આશ્રમ ચલાવ્યો. ઉપકોસલ કામલાયન એ શિષ્યોમાંનો એક. એ સત્યકામ જાબાલ પાસે શિષ્યભાવે બાર વરસ સુધી બ્રહ્મચર્ય પાળીને અને અગ્નિની સેવા કરીને રહ્યો. બાર વરસને અંતે સાથેના બધા છોકરાઓ સમાવર્તન વિધિ કરીને ઘેર ગયા. ગુરુએ ઉપકોસલનું સમાવર્તન કર્યું જ નહિ. ઉપકોસલ બહુ જ ઉદ્વિગ્ન થયો. એનું એ દુઃખ જોઈ માતા સમાન ગુરુપત્નીને બહુ માઠું લાગ્યું. તે પતિ પાસે જઈ બોલી, "બિચારો ઉપકોસલ કેટલો દુઃખી છે! એણે સારી પેઠે તપ કર્યું છે. અને આપણા ઘરના યજ્ઞના અગ્નિની સેવા પણ એણે એક દિલથી કરી છે. હવે એનું સમાવર્તન ન કરો તો આ અગ્નિઓ જ તમને ઠપકો દેશે. બિચારાને જવા દો ને!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપકોસલનું સમાવર્તન કર્યા વગર જ અને છેલ્લી શિખામણ આપ્યા વગર જ આચાર્ય તો પ્રવાસે ઊપડયા. ઉપકોસલનું મન ભાંગી ગયું. એને ખાવાનું રુચે નહિ. આચાર્યપત્નીએ એને બહુ આગ્રહ કર્યો કે "દીકરા જમી લે. તું કેમ ખાતો નથી ?" ઉપકોસલ બોલ્યો, "માણસ સાજો ન હોય ત્યારે એણે ન ખાવું જોઈએ. અત્યારે હું ચિંતાના વમળમાં પડયો છું એટલે નથી ખાતો." એમ કહી તેણે ગુરુઘરના અગ્નિઓની ફરી સેવા આરંભી. અગ્નિઓએ એની એ વ્યાકુળતા જોઈ માંહોમાંહે વિચાર કર્યો, "આ ભલા બ્રહ્મચારીએ આપણી સારી પેઠે સેવા કરી છે. હવે એને કાંઈક જ્ઞાન આપવું જ જોઈએ."

અગ્નિઓ પાસેથી જેટલું મેળવાય તેટલું જ્ઞાન ઉપકોસલને મળ્યું અને તે ગુરુઘરમાં સુખેથી રહ્યો. આખરે ગુરુ યાત્રાએથી પાછા આવ્યા. ઘેર આવતાંવેંત ગુરુએ હમેશની ટેવ પ્રમાણે ઉપકોસલને બૂમ પાડી. ઉપકોસલ દોડતો જ આવ્યો. તેને જોતાંવેંત ગુરુને ખાતરી થઈ ગઈ કે આ બાળકની બુદ્ધિ હવે મૂઢ નથી રહી. એના મોઢા પર રહસ્ય જાણનાર માણસના જેવી તેજસ્વિતા દેખાવા લાગી છે. ગુરુએ પૂછયું, "આટલું જ્ઞાન તને ક્યાંથી મળ્યું ? તને કોણ ગુરુ મળી ગયો ?" એકનિષ્ઠ ઉપકોસલે જવાબ વાળ્યો, "મને તે ઉપદેશ વળી બીજા કોણ આપી શકે ? હું તો આપનો જ શિષ્ય છું. પણ આપના આ અગ્નિઓ પાસેથી મેં કંઈક જાણ્યું છે ખરું."

સત્યકામ જાબાલે પોતે કુદરત પાસેથી જ બધું જ્ઞાન મેળવ્યું હતું. એના ગુરુને તો 'બાપુ, તું જાણે છે તે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વોત્તમ બ્રહ્મવિદ્યા છે' એટલું જ કહેવું પડેલું. એટલે ઉપકોસલની સ્થિતિ સાથે એનો સમભાવ તો હોય જ. એણે ઉપકોસલને પૂછી લીધું કે 'તેં શું શું જાણી લીધું છે?' ઉપકોસલે પોતે જેટલું જાણતો હતો તેટલું ગુરુ આગળ ઠાલવી દીધું. સત્યકામે બધું સાંભળ્યા પછી કહ્યું, "અગ્નિઓએ તો તને ફક્ત લૌકિક જ્ઞાન જ આપ્યું છે. જે જ્ઞાન વડે માણસ પાપ કરતો જ મટી જાય છે એવું બ્રહ્મજ્ઞાન હું તને કહું છું." સત્યકામે અભય અને અમૃત એવા આત્માનું જ્ઞાન ઉપકોસલને આપ્યું અને તેને કૃતાર્થ કર્યો.

૮

બ્રાહ્મણીનો બાળક

"હાય હાય, મારું રતન ક્યાં ખોવાયું? ફળિયામાં બેસાડીને હું હમણાં જ ગઈ હતી. એ તો મારી આંખ, મારું રતન. મારું રતન કોણ ઉપાડી ગયું હશે?"

આમ બૂમ પાડતી રાધા હાંફળીફાંફળી આમતેમ ગાંડીની જેમ દોડતી હતી; એને રડવું કે હસવું એનું ભાન નહોતું, વસ્ત્રનુંયે ભાન નહોતું. તેનો સાદ ફાટી જતો હતો. બિચારી મનમાં આશા બાંધી બેઠી હતી કે છોકરો કાલે સવારે મોટો થશે ને મજ નોધારીને આ સૂના સંસારમાં કંઈક આધાર થશે. જુવાનીમાં જ બિચારી એકલી — અનાથ થઈ પડી હતી.

"હું કહેતી જ હતી કે એ કર્મફૂટેલ કંદોરો એને ન પહેરાવો. તમારાં પોતાનાં જ કર્મ ફૂટેલાં છે એ બહુ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસેના ઘરમાં લક્ષ્મીને પૂછી તો આવો કે મશ્કરીમાં છોકરું સંતાડયું કર્યું તો નથી."

"કાલે ચોર આવ્યા હતા ખરા. એ ટોળી પર મને વહેમ આવ્યો જ હતો. છોકરો તેડીને હું તેમને લોટ આપતી હતી. એ અભાગિયાઓની નજર તો પેલા સોનાના કંદોરા પર ને કંદોરા પર જ હતી." ડોશીનું — રાધાની માનું — કહેવું સાચું હતું. ગામને પાદર લફંગા લોકોની ટોળી ઊતરી હતી ને સોનાના કંદોરાને લોભે તેઓ રાધાનું બાળક ચોરી ગયા હતા. તે દહાડાથી બિચારી રાધા બાવરી થઈ ગઈ.

* * *

ભંગીવાડામાં લખી કરીને એક બાઈ આંગણામાં વાસીદું કરતી હતી.

"સાંભળો છો કે? આમ આવો, જુઓ ભગવાને આપણે સારુ ભેટ મોકલી છે." તેનો ધણી દોડી આવ્યો ને અચરજ જોયું. ભીંત પાસે ઉકરડો હતો; તેની ઉપર ઝાંખરાં ઊગ્યાં હતાં; ત્યાં એક નાનકડું સુંદર બાળક પડયું હતું. એક મોટા નાગદેવ ફેણ માંડીને બાળકની રક્ષા કરતા હતા.

"એને કંઈ કરતા નહિ હું, એ સાક્ષાત્ ભગવાન આપણે માટે ભેટ લઈને પધાર્યા છે."

પણ લખીની બિચારીની વિનવણી કોણ માને? પેલો ભંગી ઘરમાં દોડી જઈને એક મોટો ધોકો લઈ આવ્યો. નાગ ઝાંખરાંમાં ચાલ્યો જતો હતો, પણ ત્યાં તો તેના માથા પર ધડ દઈને ધોકો પડયો ને તેના રામ રમી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરરર! આ તમે શું કર્યું?" રડતાં રડતાં લખીએ પેલું બચ્ચું હસ્યા કરતું હતું તેને તેડી લીધું ને ધવડાવ્યું.

"હાય, બિચારું કેટલું બધું ભૂખ્યું છે. નાગદેવને તમે માર્યા છે, પણ હવે પ્રભુ જાણે શીયે આફત માથે આવવાની હશે. આપણે એક બાળક ગુમાવ્યું એટલું બસ નહિ હોય, કાં તો!"

ત્રણ દહાડા પછી પેમાને શીળી નીકળ્યા. ગામમાં શીતળાના વાયરા હતા, એટલે તેને શીતળા નીકળ્યા એમાં નવાઈ જેવું નહોતું. પણ લખીએ તો માની લીધું કે નાગદેવને માર્યાનું પાપ જ નડ્યું. તળાવને કાંઠે ચરમાળિયાની જગ્યા હતી ત્યાં તેણે કેટલાયે ધૂપદીપ કર્યા. પણ બધું અફળ ગયું. પેમો તો લખીને વિધવા મેલીને ચાલતો થયો.

* * *

પેમો દેવું મૂકતો ગયો હતો. ભંગીવાડાના બીજા ભંગીઓની પેઠે તેનેયે દારૂનો ચસકો લાગ્યો હતો. તેની અને તેની વહુની બેઉની કમાણી ભેગી કરતાં તોયે તેમનો ખર્ચ પૂરો ન થતો. એક મુસલમાને પૈસા ધીરેલા તે લડાઈ કરીને ઘરમાં પીતળનાં થોડાં વાસણ હતાં તે, કોદાળી, પાવડો વગેરે જેમાં કંઈ કે માલ હતો તે બધું ઉપાડી ગયો. લખી બિચારી હાયવોય કરતી ને ગાળો ભાંડતી જ રહી.

સુધરાઈના પ્રમુખ ભલા હતા. તેમણે બૈરાંઓનો રોજ વધારી આપ્યો. આથી દારૂડિયા ધણીની સાથે તેનો સંસાર ચાલતો હતો તે કરતાં વિધવાદશામાં લખી વધારે સુખણી થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા બાળકને પણ શીતળા નીકળેલા, પણ ઈશ્વરની દયાથી તેને જોરથી નીકળ્યા નહિ, મોઢા ઉપર થોડાક ફોલ્લા નીકળીને મટી ગયા. ઉકરડેથી જડી આવેલું બાળક ભંગીના છોકરા તરીકે ઊછર્યું. પણ ભંગીના કામમાં એનો હાથ કેમે કર્યો બેઠો નહિ.

* * *

છોકરાનું નામ પેથો પાડ્યું હતું. તે રેલવે સ્ટેશન ઉપર જઈને મજૂરને કામે લાગ્યો. રોજ સાંજે આનો બે આના લાવીને માને આપતો. મા ઘરડી થઈ હતી, છતાં હજુ સુધરાઈમાં જુવાનની પેઠે કામ કરતી જ હતી. પેથો બહુ જ ચાલાક હોવાથી સ્ટેશનનાં માણસોમાં સૌને વહાલો થઈ પડ્યો. પણ ગમે તેવો તોયે તે ભંગીનો છોકરો, તેની હદમાં રહીને જ તેણે કામસેવા કરવી જોઈએ.

એક દિવસ ગાડી આવતાં તે પહેલા વર્ગના એક ડબા પાસે જઈ પહોંચ્યો, બે બીજા છોકરાઓ પણ તે જ ડબા તરફ દોડી ગયા. મુસાફર કોઈ હિંદુ ગૃહસ્થ હતા. તે મોટા અધિકારી જેવા દેખાતા હતા, એટલે મજૂરી મળલક મળવાનો સંભવ હતો. તેમણે બધો સામાન પેથાને સોંપી દીધો. પેલા બીજા છોકરાઓને અદેખાઈ આવી એટલે એક જણે કહ્યું, "સાહેબ, એ તો ભંગીનો છોકરો છે."

"ભંગી છે?" એ મોટા માણસ ગરજી ઊઠ્યા. તેમણે પેથા પાસેથી સામાન ખૂંચવી લીધો ને તેને ડબામાંથી કાઢી મેલ્યો.

પેથો બિચારો માર્યની બીકથી નાસી ગયો. પણ હવે તો મોડું થઈ ગયું હોવાથી યુરોપિયન મુસાફરોમાં પણ તેને કામ મળે તેમ રહ્યું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા મોટા માણસ સ્ટેશન માસ્તરની ઑફિસ પાસે ઘડી વાર ઊભા રહ્યા અને ઊંચ વર્ણના મુસાફરો તથા ભંગી મજૂરોના પ્રશ્ન સંબંધે કંઈક વાતચીત કરી. સ્ટેશન માસ્તરે દિલગીરી દર્શાવી. લોકોનો ઘસારો કંઈક કમી થયો ત્યારે સ્ટેશન માસ્તરે હાક મારી, "અલ્યા પેથા, તું બ્રાહ્મણોના સામાન ઉપાડવા કેમ જાય છે?"

"સાહેબ, હું જાણીજોઈને નથી જતો, પણ આજે તો એ સાહેબે પોતે જ મને તેમનો સામાન સોંપેલો."

"ગાંડિયા, તું ઉપરથી એવો રૂપાળો ને ચાલાક લાગે છે કે તારી ન્યાત એ કળી નહિ શકયા હોય. પણ હવે એવું નહિ કરતો." તે દહાડે પેથો બિચારો મા પાસે ખાલી હાથે ગયો.

"બા, આજ કંઈ નસીબે યારી ન દીધી," એમ કહીને તેણે બધી વાત માને કહી સંભળાવી.

"ભલે આપણે ભંગી રહ્યાં; એમાં શું ખોટું થઈ ગયું? એ લોકોનું લોહી રાતું હશે અને આપણું કાળું હશે! તેમની કાયા સોનારૂપાની હશે ને આપણી હાડ-માંસની! પણ તું એવાના ડબામાં ગયો જ શું કામ? ગાડીમાં ગોરા લોકો નહોતા?"

"ડબા બહાર પટાવાળાઓને જોઈને મને લાગ્યું, કોઈ ગોરા સાહેબ અંદર હશે, તેથી હું ત્યાં ગયો."

"હશે, બેટા, કોઈક દિવસ એમ પણ હોય. જા, હવે ઘેંસ કરી રાખી છે તે પી લે. ગરીબને પાળનાર હજાર હાથવાળો બેઠો છે."

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે પેથાને સારા શુકન થયા હશે. તેને રોજથી બમણી કમાણી થઈ. હરખભર્યો ઘર ભણી તે દોડ્યો આવતો હતો, ત્યાં રસ્તા ઉપરની હોટેલ પાસે તેના જેવા બે ચાર મજૂર છોકરાઓને ભજિયાં ખાતાં તેણે જોયા. એને પણ મન થઈ ગયું કે એકાદ આનાનાં ભજિયાં લઈને ખાઈએ. દુકાનવાળા પાસે તેણે ભજિયાં માગ્યાં.

એક મજૂર છોકરાએ કહ્યું, "શેઠ, એ તો ભંગીનો છોકરો છે." દુકાનદાર બ્રાહ્મણ હતો. તે ચિડાઈને તડૂક્યો, "જા અહીંથી, હરામખોર! ભજિયાં ખાનારો આવ્યો!" માર્યની બીકે પેથો જીવ લઈને નાઠો. પેલા મજૂર છોકરાઓ રાજી થઈને હસવા લાગ્યા.

થોડે દૂર જઈને તે ઊભો રહ્યો. ત્યાં તાડીનું પીઠું હતું. પીઠાને નાકે એક ડોસી ટોપલામાં ભજિયાં લઈને બેઠી હતી. તેની પાસેથી એક આનાનાં ગરમાગરમ ભજિયાં લઈ તે ખાવા લાગ્યો. એક ડોસો ત્યાં ઊભો હતો તે છોકરાની મજાક કરવા લાગ્યો. તેણે કહ્યું: "અંદર જઈને એક પ્યાલી લઈ આવ ને પછી જો ભજિયાંનો સવાદ!" છોકરાને મન થયું, પણ પગ ન ઊપડ્યા. વળી કોઈ બીજો લલચાવનાર મળ્યો. તેઓ સહુ સાથે પીઠામાં પેઠા. તે દહાડે પેથાને ઘેર જતાં બહુ મોડું થઈ ગયું.

લખીએ પૂછ્યું, "આજ શું હતું, બેટા? મોડું કેમ થયું?"

પેથાએ કંઈ જવાબ ન આપ્યો. નીચું ઘાલીને એક ખૂણામાં ભરાઈ રહ્યો. વાસ ઉપરથી લખીએ જાણી લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારી વલોપાત કરવા લાગી. અંતરના સંતાપથી તેણે નિસાસો નાખ્યો, "મારી બધી આશા ધૂળધાણી થઈ!"

લખી એક દહાડો મરી ગઈ. પેથો હવે જુવાન થયો હતો. તેઓ સુધરાઈના ઘરમાં રહેતાં, પણ સુધરાઈમાં કામ કરતો નહિ તેથી તેને ને તેની બૈરીને ઘરમાંથી નીકળવું પડ્યું. પેથાએ ધાર્યું હતું તે કરતાં વધારે એની ડોસી મૂકતી ગઈ હતી. પેથાના લગ્નમાં તેણે છૂટે હાથે ખર્ચ કર્યું હતું, અને છતાં ૧૨૦ રૂપિયા એક કોથળીમાં બાંધીને એક માટલામાં સાચવીને મૂકતી ગઈ હતી. આટલી મૂડીથી એક ગાંધિયાણાનું હાટ કરવાનો પેથાએ વિચાર કર્યો. ગામની બજારમાં તો એને કોણ દુકાન આપે? ભંગીને બજારમાં દુકાન ક્યાંથી મળે? અને વખતે ભાડે કોઈ આપે તોયે એને ત્યાં ઘરાક કોણ આવે? ભંગીવાડમાં દુકાન ખોલે તો ખોલી શકે, પણ ત્યાં તો ઘરાકી એકલા ભંગી લોકોની જ. એમાં કેટલીક કમાણી થાય? તેણે ઘણા દહાડા વિચારમાં ગાળ્યા અને આખરે નાકા ઉપર એક દુકાન ખોલવાનું નક્કી કર્યું. ખરીદી ક્યાંથી કરવી એ હજુ ઠરાવવાનું હતું. ભંગીવાડામાં એક બીજો દુકાનદાર હતો તેની સલાહ લેવા ગયો. તે શેનો સલાહ આપે? તેનો ધંધો આમે બહુ ઓછો ચાલતો હતો, તેમાં નવો હરીફ જાગે તો તેનું સાવ પડી ભાંગે. પેથાને કોઈ ઊંચ વરણના માણસની મારફતે બધી ખરીદી કરવી પડતી. પણ મૂળ વેપારી અને પેલા આડતિયાના વચલા વહેવારમાં ભાવ એટલા બધા વધી પડવા લાગ્યા કે તેનું ટટ્ટુ બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ચાલ્યું નહિ. ઘરાકી એટલી ઓછી હતી કે તેને ખોટ ગઈ. તેનો ધંધો થોડા દિવસમાં પડી ભાંગ્યો.

* * *

પેથો અને તેની વહુ હવે એક મોટી મિલમાં કામે જતાં. વહુ રોજ પરોઢિયામાં ચાર વાગ્યે ઊઠતી ને મિલનો વખત થાય તે પહેલાં રાંધીસીંધીને તૈયાર થઈ જતી. મિલમાં જાય તેટલો વખત તેમનું છોકરું સંભાળવાનું એક પડોશીએ કબૂલ કર્યું હતું. પોતાની કમાણીમાંથી આ કામ માટે તેને તેઓ થોડુંક આપતાં. સાંજે મોડાં મોડાં ધણી-ધણિયાણી ઘેર આવતાં. પેથાની વહુ જરા વહેલી આવતી અને છોકરું લઈને ઘેર જતી ને બધું સમુંનમું કરી રાખતી. પણ પેથો રાતે બહુ જ મોડો આવતો, અને ઘણી વાર દારૂથી તર થઈને.

તેમનો સંસાર દુઃખદારિદ્રયમાં ચાલતો. પેથાને ઘણી વાર મા સાંભરતી. તે હતી ત્યારે થોડું કમાતાં, છતાં કેવાં સુખચેનમાં રહેતાં ! લખીએ તેને ઊંચે સાદે કોઈ દહાડો વચન કહ્યું નહોતું. પણ હવે દિવસ આખો મજૂરી કરીને થાકયોપાકયો રાત્રે ઘેર આવે ત્યારે બિચારાના નસીબમાં લડવાડ અને ગાળોના વરસાદ. દિવસે દિવસે તે ઝાઝો દારૂ પીવા લાગ્યો.

* * *

ગામમાં આજે મોટી સભા થઈ હતી. ગાંધીનાં માણસો આવ્યાં હતાં. તેમનાં ભાષણો થયાં. મિલમજૂરો ભેગો પેથો પણ સભામાં ગયો હતો. પેલા લોકો બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજી શકાય તેવું બોલતા હતા. પેથા જેવો અભણ ભંગી અને દારૂડિયો પણ એમનું કહેવું સમજી શકતો હતો. તેઓએ કહ્યું, "દારૂ ન પીશો. રેંટિયો કાંતજો. અંત્યજોને કાઢી ન મૂકશો. એ પણ આપણા ભાઈઓ જ છે."

પેથાને તેની નાનકડી હાટડી યાદ આવી. "મારી હાટડી જો ગામની બજારમાં જ હોત, અને બીજા બધાની પેઠે જો મારાથી મને ફાવે ત્યાંથી ખરીદી કરી શકાતી હોત ને ફાવે તેને વેચી શકાતું હોત તો મારી માના પૈસા આમ એળે જાત નહીં." તે દહાડે આવો વિચાર મનમાં ઘોળતો ઘોળતો તે દારૂના પીઠા પાસે થઈને પસાર થયો, અને જોર કરીને પીઠા તરફ વળતા પગને વાળી લીધા.

પેથો મૂળ તો બ્રાહ્મણનો છોકરો હતો — રાધાનો દીકરો. પણ તેને કે બીજા કોઈને એ વાતની ખબર નહોતી. પણ એમાં શું થઈ ગયું ? તે જન્મે ભંગી જ હતો એમ માનીએ તોયે અસ્પૃશ્યતા એ શું પાપ નથી ઠરતી ? કેટલાક સમજે છે કે અસ્પૃશ્યતા માણસને તેના રોજના વ્યવહારમાં જરાયે નડતી નથી, એ તો કેવળ ધાર્મિક ભેદ છે, બાકી બીજી વ્યવહારની બાબતોમાં તો સૌ સમાન જ છીએ. સાચી વાત તો એ છે કે અસ્પૃશ્યતા એ તો આપણા જીવનના અંગેઅંગમાં અન્યાય અન્યાય ભરી મૂકે છે, આખી પ્રજા ઉપર તે મેશનો ડાઘ છે. દેખવું છે તેને તો તે ડાઘ આંખે વળગશે.

ચ૦ રાજગોપાલાચારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

ધ્રુવ

૧

એક હતો છોકરો. તેનું નામ ધ્રુવ. ધ્રુવ પોતાની મા પાસે જ રહેતો હતો. સુનીતિને ધ્રુવ એ એકનો એક છોકરો. એટલે આખો દિવસ ધ્રુવને ઉછેરવામાં જ તે મશગૂલ રહેતી. સાંજ પડયે આસપાસના ઘણા છોકરાઓ ધ્રુવ સાથે રમવા આવતા, અને વાતો કરતા. છોકરાઓની વાતો તે શી હોય? ચકલી, મીંદડી, વરુ કે શિયાળ, એમની વાતો કર્યા કરે, અને થાકી જાય એટલે પોતાના માબાપ વિષે કહ્યાં કરે. આજે મારી બાએ દહીંથરાં ખાવા આપ્યાં, મારા બાપા મને મંદિરે તેડી લઈ ગયા એવું એવું. ધ્રુવ પાસે પોતાની માના વહાલની વાતો પાર વગરની હતી, પણ ઘરમાં પિતા તો હતા જ નહિ. એ મા પાસે જઈ બોલ્યો: "બા, બા, મારા બાપા કોણ છે? એ ક્યાં રહે છે?" માએ જાણે તે સાંભળ્યું જ ન હોય એમ બીજી વાત ચલાવી. પણ છોકરો શાનો છોડે? આખરે એક નિસાસો મૂકી માએ કહ્યું, "બાપુ, જેને બધા લોકો રાજા રાજા કહે છે તે જ તારા પિતા છે."

"ત્યારે આપણે અહીં કેમ? ચાલો આપણે બાપાને ત્યાં જઈએ."

"ના બાપુ, આપણાથી ન જવાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ વારુ? પેલો લોમશ કહેતો હતો કે રાજાનું મકાન ભારે સુંદર અને મોટું છે. શું ત્યાંના પહેરેગીર આપણને અંદર ન જવા દે? હું પહેરેગીરને કહીશ કે મારે બાપાને મળવું છે. પછી એ શાનો આપણને રોકે? તું ડરીશ નહિ મા, હું તારી સાથે છું."

"ના બાપુ, આપણાથી ન જવાય. ત્યાં નાની રાણી છે, તે તને મારશે."

"કેમ? રાણી રાજાનું નહિ માને? હું રાણીને કહીશ કે હું તને મળવા આવ્યો નથી; હું મારા બાપાને મળવા આવ્યો છું. પછી?"

ધ્રુવના લવારા અધવચ્ચ છોડી મા આંગણે ગઈ અને ત્યાં પૂજામાં બેસી ગઈ. ધ્રુવ બાપાને મળવા ગયો. ધ્રુવને રોકવાની હિંમત પહેરેગીરે કરી નહિ. "બાપા, બાપા," કરી તે સીધો રાજા પાસે ગયો. ધ્રુવનું મોઢું એટલું બધું એની મા જેવું હતું કે એને ઓળખતાં રાજાને વાર લાગી નહિ. રાજાની આંખમાં આંસુ આવ્યાં. ધ્રુવને ઝટ ઉપાડી લઈ એને પોતાના ખોળામાં બેસાડી દીધો, અને બહુ જ હેતથી રાજા ધ્રુવના કાલાકાલા બોલ સાંભળવા લાગ્યો. પહેરેગીરે ધ્રુવને રોકયો નહિ, પણ ધ્રુવ આવ્યાની વાત દોડતા જઈ નાની રાણી સુરુચિને કહેવા જેટલો વફાદાર એ હતો! રાણી ક્રોધે ભરાઈ. ધ્રુવને રાજાના ખોળામાંથી હડસેલી પાડયો. રાણી કહે, "રાજાના ખોળામાં બેસવાનું તારા નસીબમાં હોત તો મારે પેટે જન્મ્યો નહિ હોત?" ધ્રુવને ગરીબાઈનો અનુભવ હતો, પણ અપમાનનો નહોતો. તે તેજસ્વી બાળક રોતોરોતો મા પાસે આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

"તેથી જ તો હું તને કહેતી હતી કે આપણાથી ત્યાં ન જવાય. આપણે ક્યાં ભગવાનનું પૂજન કર્યું છે કે તપ કર્યું છે, કે રાજાના ખોળામાં બેસવાનું તારા ભાગ્યમાં હોય?"

"પણ બા, તારે પેટે હું જન્મ્યો એ ઓછું ભાગ્ય છે એમ મને નથી લાગતું. આપણે આજ સુધી ભગવાનનું પૂજન નહિ કર્યું હોય તો હવે કરીશું. હું ભગવાનનાં દર્શન કરીશ અને તેને કહીશ કે 'ભગવાન, મને એવી જગ્યા આપ કે જ્યાંથી કોઈ રાણી મને ઉઠાડી શકે જ નહિ!'"

"બાપુ, ભગવાનનું દર્શન એટલું સહેલું નથી. મોટા મોટા ઋષિમુનિ તેને માટે કેટલુંયે તપ કરે છે."

"બા, તપ એટલે શું? મારાથી તે નહિ થાય? મને લાગે છે કે હું કરી શકીશ."

"બેટા, સાધુ લોકો હિમાલયમાં જઈ બરફમાં એક પગે ઊભા રહે છે; એકલી હવા ખાઈ રહે છે; કેટલાક સવારથી બપોર સુધી પાણીમાં જ ઊભા રહે છે, અને જપ કરે છે. તું તો નાનો બાળક. તારાથી એ બધું કેમ થાય?"

"કેમ ન થાય, બા? આ જો હું ચાલ્યો."

૩

હિમાલયનો ઊંચો ઊંચો પહાડ. એની બાજુએ થઈને એક પગ મૂકવા જેટલી કેડી. તે ઉપરથી એક નાનો સરખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળક ઉતાવળે પગે ચાલતો હતો. દૂર એક ઝાડ નીચે ધોળી ધોળી દાઢીવાળા સાધુઓ ધૂણી ધખાવીને બેઠા હતા. કેટલાકે સફેદ કામળ ઓઢી હતી. અને કેટલાક આખે શરીરે ભભૂતિ ચોળીને બેઠા હતા. એક જણના હાથમાં એ તુંબાંવાળી વીણા હતી. એ ગાતો અને બીજા બધા તલ્લીન થઈને સાંભળતા હતા. ધ્રુવને દૂરથી આવતો જોઈ ગાનારે પોતાનું ગાયન બંધ કર્યું. બધાની દૃષ્ટિ એ બાળક તરફ ગઈ. નારદે ધ્રુવને પૂછ્યું, "બચ્ચા, તું ક્યાંથી આવ્યો છે? આમ ક્યાં ચાલ્યો?"

ધ્રુવ બોલ્યો, "હું સુનીતિનો દીકરો. રાજાને મળવા ગયો; ત્યાં રાણીએ મને લાત મારી. હવે હું તપ કરવા જાઉં છું. મારે ઈશ્વર પાસેથી અચળ સ્થાન મેળવવું છે."

"બચ્ચા, ગુરુ પાસેથી મંત્ર લીધા વગર તપ નહિ થાય."

"ત્યારે મહારાજ, તમે જ મને મંત્ર કહોને, તમને તો એ જરૂર આવડતો હશે."

ધ્રુવની શ્રદ્ધા જોઈ નારદ ખુશ ખુશ થયા. નારદ મુનિએ ધ્રુવના કાનમાં બાર અક્ષરનો મંત્ર કહી દીધો. અને કહ્યું, "પ્રહ્લાદ, પરાશર, પુંડરીક, વ્યાસ, અંબરીષ, શુક, શૌનક, ભીષ્મ, દાલ્ભ્ય, રુકમાંગદ, વસિષ્ઠ, વિભીષણ અને હું એ બધા એ જ મંત્રનો જાપ કરીએ છીએ."

ધ્રુવ આગળ ચાલ્યો અને નારદનું ગાયન ફરી શરૂ થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

છ મહિના સુધી ધ્રુવે શું ખાધું શું પીધું એ હું જાણતો નથી. પણ સવાર ને સાંજ, બપોરે ને રાત્રે 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ બાર અક્ષરના મંત્રનો જાપ બરાબર ચાલતો હતો. જપ કરતી વખતે આંખ મીંચીને બેસવું જોઈએ એ તો ધ્રુવ જાણતો જ નહોતો. પણ ઈશ્વરની ભક્તિમાં એનું મન એટલું તો લીન થઈ ગયું હતું કે આંખ ઉઘાડી રાખવા છતાં એ કશું જોઈ શકતો નહોતો.

એમ કહેવાય છે કે કોઈ માણસ તપ કરવા બેસે એટલે ઇન્દ્રના પેટમાં બીક પેસી જાય છે; એના હૈયામાં ધબ ધબ ધબ થાય છે; રખેને આ માણસ તપ કરીને મારું સ્થાન લઈ લે, એમ માનીને તે તપમાં વિઘ્ન નાખે છે.

ધ્રુવ બેઠો હતો ત્યાં એકાએક મોટા મોટા રાક્ષસો આવીને ઊભા અને 'હાઉ, હાઉ' કરવા લાગ્યા. એક કહે, એને આપણે શેકીને ખાઈ જઈએ. બીજો કહે, ના ના, આ તો બાળક છે. એનું માંસ કુમળું હશે; એ તો કાચું ને કાચું ખવાય.

ધ્રુવે મોઢું સરખું ફેરવ્યું નહિ. એના હૈયામાં શ્રદ્ધા અને ભક્તિ જાગતી હતી. એ શાનો ડરે? ઇન્દ્રની ફજેતી થઈ અને ધ્રુવનું તપ વધ્યું. ઇન્દ્રે વિચાર કર્યો, આ રીતે છોકરાને ગાઢી નહિ શકાય. પોતાની મા ઉપર એની શ્રદ્ધા અપરંપાર છે. કોઈ અપ્સરાને એની માનો વેશ આપી એને લલચાવીએ તો જ કંઈ પત્તો ખાય. ઇન્દ્રની આજ્ઞાથી એક અપ્સરા સુનીતિનું રૂપ ધારણ કરી ત્યાં આવી ઊભી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્રુવે એને મા જાણી પ્રણામ કર્યા. તે રોતીરોતી બોલી, "બેટા, છોડી દે આ તપ. પેલા રાક્ષસો તને ખાઈ જશે. ઘેર આવીશ તો તને કેટલુંયે સુખ મળશે. રાણીએ લાત મારી તેથી શું થયું? આપણે ફરીથી એના બારણા આગળ ન જઈએ એટલે થયું."

માતાનાં આ વચન સાંભળી ધ્રુવ ચોંકી ગયો. એણે કહ્યું, "બા, આજ સુધી તારી શિખામણ આવી નહોતી. ધારેલું કામ હમેશાં પૂરું જ કરવું એમ તું જ કહેતી હતી ને? સુખને તુચ્છ ગણવું એમ કેટલીયે વાર તેં મને કહ્યું છે. માન ખોઈએ એના કરતાં જાન જાય તે બહેતર એ આપણી કુળપરંપરા છે, એમ ક્યારનું તેં મને કહ્યું હતું. પછી આજે કેમ અવળી સલાહ આપે છે?"

બિચારી અપ્સરા મૂંઝાઈ ગઈ. સુનીતિનો વેશ તે લઈ શકી. પણ સુનીતિની મોટાઈ તે ક્યાંથી લાવે? ધ્રુવની સાદાઈ અને શુદ્ધતા જોઈ તેનું હૈયું પીગળી ગયું. આવા નિર્દોષ બાળકને છેતરવા હું આવી એ કેટલું ખરાબ કામ મેં કર્યું એમ એના મનમાં થઈ ગયું. અપ્સરા પગે પડીને બોલી, "મને માફ કરજે, નાના યોગીરાજ, ઇન્દ્રે મને મોકલી હતી." ધ્રુવનું ધ્યાન એટલું બધું એકાગ્ર હતું કે ઇન્દ્ર ઉપર ક્રોધ કરવાનું પણ એને મન ન થયું. ધ્રુવે પેલી અપ્સરાને કહ્યું, "મા, તારા ઇન્દ્રને કહે કે તારું ઇન્દ્રપદ હું નથી લેવા માગતો. મારે તો એવું સ્થાન જોઈએ છે કે જ્યાંથી બીજું કોઈ મને ઉઠાડે કે બીજો તપસ્વી મને ખસેડી દે એવી ઇન્દ્રની પેઠે બીક સરખી પણ મારા મનમાં ન રહે. મારા તરફથી ઇન્દ્રને અભય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

છ મહિના પૂરા થયા. એકાએક પ્રકાશ દેખાવા લાગ્યો. શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરી ચતુર્ભુજ વિષ્ણુ પ્રગટ થયા. વિષ્ણુએ કહ્યું, "બેટા, તારે શું જોઈએ છે?"

"તારી ભક્તિ."

"તે તો છે જ. બીજું તારે શું જોઈએ છે?"

"ભગવાન, અચળ સ્થાનની અભિલાષા રાખીને હું અહીં આવ્યો, પણ મોટા મોટા ઋષિમુનિને દુર્લભ એવું તારું દર્શન મને થયું. હવે બીજું શું માગું? કાચ ખોળવા ગયો ત્યાં રત્ન જડયું એના જેવી મારી સ્થિતિ થઈ છે. હું કૃતાર્થ છું. હવે મારે બીજું કશું નથી જોઈતું."

ધ્રુવે કહ્યું કે મારે બીજું કશું નથી જોઈતું, પણ એના મનમાં એક અભિલાષા રહી હતી. એના હૈયામાં ભક્તિનો એટલો બધો ઊભરો આવ્યો હતો કે એને ભગવાનની સ્તુતિ કરવાનું મન થયું હતું. પણ ધ્રુવ બાળક નહોતો ભણ્યો કાવ્ય કે નહોતો ભણ્યો વ્યાકરણ. તે છંદ પણ જાણતો નહોતો અને અલંકાર પણ જાણતો નહોતો. ભગવાનથી અજાણ્યું શું રહે? ભગવાને પોતાના શંખનો ધ્રુવના ગળાને સ્પર્શ કર્યો ને તરત જ ધ્રુવને દિવ્ય વાણી સ્ફુરી. તે ગાવા લાગ્યો.

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्ताम्
संजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना
अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन्
प्राणान्नमो भगवते पुरुषाय तुभ्यम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારામાં પ્રવેશ કરી આ મારી સૂતેલી વાણીને જગાડનાર અને મારા કાન, હાથ, પગ, ત્વચા વગેરે સર્વ ઇન્દ્રિયો તેમ જ મારા પ્રાણમાં પણ જીવન રેડનાર જે કોઈ પ્રભુ તું છે તેને હું વંદન કરું છું."

આવી સ્તુતિથી સંતુષ્ટ કોણ ન થાય! ભગવાને ધ્રુવને ઉઠાડી કહ્યું, "ચાલ મારી સાથે. પેલો ઉત્તરમાં અચળ તારો દેખાય છે એ જ સ્થાન તને આપું. આજથી તને બધા લોકો ધ્રુવલોક તરીકે ઓળખશે અને સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા અને અરુંધતિ સહિત સપ્તર્ષિ રોજ તારી પ્રદક્ષિણા કરશે.'

એ ચળકતા આસન પર ધ્રુવ હજી બેઠો છે, અને ત્યાંથી બધી દુનિયાને ભક્તિના પાઠ ભણાવે છે. ગમે ત્યારે જુઓ, તે ઉત્તરમાં ધ્રુવ* જ છે.

---

* ધ્રુવ એટલે સ્થિર. સુનીતિને પેટે જ ધ્રુવનો જન્મ થઈ શકે છે, અને સુરુચિ અને સુનીતિ વચ્ચે અદેખાઈ તો હમેશાં ચાલે છે એનું રહસ્ય તમે સમજો છો ખરા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

યોસ્કુરા*

૧

તે યોસ્કુરા વૃક્ષની વાત સૌ કોઈ જાણે છે.

એક ગામને છેડે તે મોટું વૃક્ષ હતું. તેને જ્યારે ફૂલ આવતાં ત્યારે એ લાલ ફૂલની પાંદડીઓ પવનથી ઊડીને આખું ગામ છાઈ નાખતી. રસ્તા, ઘરો ને ઘાટ — બધું લાલ લાલ થઈ રહેતું.

તેની નીચે, એક નાના ખંડેરમાં ચાની દુકાન હતી. સવારે કામે જતી વખતે ગામના સૌ મજૂરો ત્યાંથી એક એક પ્યાલો ચાનો પી લેતા.

દુકાનદાર ઘણો ગરીબ હતો. ચા વેચીને પોતાનું ગુજરાન ચલાવતો. ધીમે ધીમે તેની ઘરાકી વધવા લાગી. પછી તો દુકાન પરથી ઘરાક જ ખૂટે નહિ. મળસકું થતાંથતાં તો યોસ્કુરાની નીચે લોકો ભરાઈ જાય. તેની સ્ત્રી તથા નાની છોકરી ચાની કીટલી લઈ દોડાદોડ કરી મૂકે. છતાં, એ બધાંને પહોંચી શકે નહિ. દુકાનદાર તો ફક્ત પૈસા લેવાનું જ કામ કરતો.

જોતજોતામાં દુકાનદાર પાસે પાંચ પૈસાનો જીવ થયો. પછી તો તેણે એ ખંડેર ભાગી ઘર બંધાવ્યું. લક્ષ્મી તેના ઘરમાં પગ બાંધી રહી.

---

* જાપાનના એક ઝાડનું નામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ કહેવા લાગ્યા કે આ યોસ્કુરાને લીધે તેનું ભાગ્ય ફર્યું. તે પોતે પણ એમ જ માનતો. જેના પ્રતાપથી તેના દુઃખના દિવસનો અંત આવ્યો તે વૃક્ષને તે દેવ પ્રમાણે પૂજતો. તે તેના દુઃખનું સાથી હતું, તેથી તેના તરફ તેની એક ખાસ પ્રકારની મમતા બંધાઈ હતી. તે ઘણી મહેનત અને સંભાળપૂર્વક પોતાને હાથે જ તેની સેવા કરતો. પછી તો વૃક્ષને અડકવાનો પણ કોઈને હુકમ નહોતો.

તેના આ સૌભાગ્યની વાત દેશવિદેશમાં પ્રસરી ગઈ. દેશાન્તરથી લોકો તે વૃક્ષ જોવા આવવા લાગ્યા. સૌ એમ જ માનવા લાગ્યા કે જો કોઈના ઘરમાં આ વૃક્ષની એક ડાળ પણ આવે તો તેને ત્યાં લક્ષ્મી વાસ કરીને રહે.

૨

એક દિવસ બપોરની વખતે તે એકલો બેઠો હતો. તેવામાં એક માણસ તેની સામે આવી ઊભો રહ્યો. સૈનિકના વેશમાં તે સજ્જ થયેલો હતો. કમ્મરે તલવાર લટકતી હતી. તેનો ચહેરો જોતાં જ, તેનામાં સહેજ પણ કોમળતા હશે એવું લાગે નહિ. સાક્ષાત્ યમરાજ! તેણે કહ્યું, "યોસ્કુરા ઝાડ જોવા આવ્યો છું."

તેને જોતાંવેંત જ દુકાનદારના મનમાં તેને વિષે બિલકુલ સારો અભિપ્રાય થયો નહોતો. અને પછી તેનો અવાજ તથા માગણી સાંભળીને તો તે કોપથી સળગી ઊઠ્યો. તે બોલ્યો, "જોવા આવ્યો છે તો જો બાપુ! ઝાડને કાંઈ અમે પેટીમાં તો નથી રાખતા ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે માણસે કહ્યું, "ઝાડ ફક્ત જોવા જ નથી આવ્યો; — એક ડાળ જોઈએ છે! મથીમથીને મરી ગયો, પણ આજ સુધી ઘરમાં એક કોડી સરખીયે લાવી શક્યો નથી. લોકો કહે છે કે આ યોસુકુરાની એક ડાળ ઘરમાં રાખી હોય તો પૈસાની ખોટ જ ન રહે. મારે તેનું પારખું જોવું છે!"

દુકાનદાર બોલ્યો, "તે કાંઈ બનશે નહિ, ભાઈ! આ ઝાડ હું કોઈને કાપવા દેતો નથી."

તે માણસ સહેજ હસીને બોલ્યો, "મને એવો ન ધારતા કે તમે મના કરશો એટલે જતો રહીશ. હું તો જે વસ્તુ મારા મન પર લઉં છું તે પાર જ ઉતારું છું."

દુકાનદારે કહ્યું, "તેમ હશે; પણ અહીં તો તે બની શકશે નહિ."

આ સાંભળતાંવેંત તે માણસનું અંગ ક્રોધથી થરથર કંપવા લાગ્યું. એક શબ્દ પણ બોલ્યા વિના તે ઝાડ પાસે ગયો અને તે કાપવા મ્યાનમાંથી તલવાર કાઢી.

દુકાનદાર પણ ત્યાં દોડી ગયો ને ગુસ્સાથી બોલ્યો, "ખબરદાર!"

પણ તેના કહેવા ઉપર પેલાએ લક્ષ જ ન આપ્યું. તેણે તલવાર ઉગામી.

દુકાનદારથી આ દેખ્યું ન ગયું. વીજળીવેગે દોડી તે ઝાડને બે હાથે બાઝી પડ્યો. તલવાર આવીને તેના અંગ ઉપર જ પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

દુકાનદારના મૃત્યુ પછી ચાની દુકાન બંધ થઈ ગઈ. તેની સ્ત્રી તથા કન્યા દુઃખી થઈને ગામ તજી ચાલ્યાં ગયાં. ઘર ભાંગી ગયું. યોસ્કુરાનો વિશાળ છાંયડો સુનકાર થઈ ગયો. ઝાડ પણ જાણે દિવસે દિવસે સુકાવા લાગ્યું. તે સ્થળની આવી દુરવસ્થા જોઈ ગામના લોક આંખમાંથી આંસુ પાડી કહેતાં, "શું હતું ને શું થઈ ગયું?"

જે માણસને લીધે આવું થયું હતું તેની દુરવસ્થાનો તો આ બનાવ પછી પાર જ ન રહ્યો. તેની ગરીબી અનેકગણી વધી ગઈ. બે વખત કોળિયો ધાન પણ ન મળે. 'આણે ખૂન કર્યું છે' એમ કહી ગામના લોકો તેને આંગળી ચીંધતા ને પોતાથી દૂર રાખતા. તેનું જીવન ભારરૂપ થઈ પડ્યું. લોકો કહેતા, "યોસ્કુરા વૃક્ષ ઉપર હાથ ઉગામ્યો છે તે હવે શી રીતે જંપીને બેસી શકે?"

આ સાંભળી ક્રોધથી તે બોલતો, "હવે તો હું એ યોસ્કુરાને જડમૂળથી ઉખેડી નાંખીશ!"

તેના વૃદ્ધ પિતાએ કહ્યું, "ના બાપુ, આપણે હવે એ કામ નથી કરવું; મારી ખાતર પણ કરીશ મા. નહિ તો વળી કોણ જાણે શુંયે થશે!"

પણ તેણે પિતાની વાત માની નહિ.

૪

રાત્રે તે યોસ્કુરા વૃક્ષ તળે ગયો. તે સ્થળે તે વેળા કોઈ નહોતું. ચોમેર ઘોર અંધકાર હતો. ચારે દિશા ખાવા ધાતી હતી. તેના મનમાં થયું કે નિર્મૂળ થતી વખતે. ઝાડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયથી થરથર કંપે છે. તેને ખૂબ મજા પડી. તે ખૂબ જોરથી 'હા હા' કરતો હસી ઊઠયો. યોસ્કુરા વૃક્ષને પાંદડેપાંદડેથી જાણે તે વિકટ હાસ્યનો પ્રતિધ્વનિ થવા લાગ્યો!

એટલામાં તો તેણે સાંભળ્યું કે મનુષ્યના સ્વરે ઝાડ બોલે છે, "માર મા,....મને માર મા. તેમ કરવાથી કદી તારું ભલું નહિ થાય."

ઝાડને મનુષ્યને સ્વરે બોલતું સાંભળી તે ચમકયો. તેના અંગમાં ઝણઝણાટ થઈ રહ્યો.

તે ન ગણકારતાં તે બોલ્યો, "ભલું થાઓ, ભૂંડું થાઓ — આજ મારા હાથમાંથી તું બચવા પામીશ નહિ!"

વૃક્ષ ફરી બોલ્યું, "હજી પણ સમય છે. હજી પણ પાછો ફર. નહિ તો તારી દુર્ગતિનો પાર રહેશે નહિ!"

આ સાંભળી તે ફરી એક વાર હસ્યો. ફરી તેના હાસ્યથી એવડું મોટું યોસ્કુરા વૃક્ષ કંપી ઊઠયું.

મ્યાનમાંથી તલવાર કાઢી તેણે વૃક્ષ ઉપર ઘા કર્યો. મનુષ્યના સ્વરે વૃક્ષ કારમી કિકિયારી પાડી ઊઠયું. તે વખતે તેનું કઠોર હૃદય પણ કોણ જાણે શાથી કંપી ઊઠયું.

યોસ્કુરાની ટોચ ઉપર તે વેળા ચંદ્રનો ઉદય થયો. તેના પ્રકાશમાં તેણે જોયું તો તેની તલવાર લોહીથી ખરડાયેલી હતી. તેણે વિચાર્યું કે 'આ તો નવાઈની વાત! આવું તો ક્યાંયે દીઠું નહિ. વૃક્ષમાં મનુષ્યનું લોહી!'

એટલામાં ચંદ્રનો પ્રકાશ વધુ ઉજ્જવળ થયો. તેણે જોયું કે છેદાયલા મસ્તકવાળો એક મનુષ્યનો દેહ પડ્યો છે!

આ શું? એ તો એનો વૃદ્ધ પિતા!

(બંગાળી પરથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

'સ્ટીમર'

અમારી સ્ટીમર તા. ૨૦મીએ બપોરના ઊપડવાની હતી. આ સ્ટીમરનું નામ કરોઆ છે. તે બ્રિટિશ ઇંડિયા સ્ટીમ નેવિગેશન કંપનીની સ્ટીમર છે. આ જ કંપનીની સ્ટીમર રંગૂન કલકત્તા વચ્ચે પણ આવજા કરે છે. અમારી કરોઆ મુંબઇથી ઊપડી ઇસ્ટ આફ્રિકા પર થઈને ઠેઠ ડરબન સુધી જશે અને ત્યાંથી પાછી મુંબઈ આવશે.

કરોઆ ૭૦૦૯ ટનેજની સ્ટીમર છે; એટલે કે સ્ટીમરનું પોતાનું વજન તેમ જ તેના ઉપર ચડેલ માલ, ઉતારુઓ વગેરેનું વજન ૭૦૦૯ ટન સુધી થાય ત્યાં સુધી સ્ટીમરને અડચણ ન આવે એટલી તેની શક્તિ આંકવામાં આવી છે. કરોઆ ઍલેક્ઝાન્ડ્રા ડૉકના પાંચમા નંબરના બારામાં ઊભી હતી. પહેલાં તો અમારા સામાન પર કંપની તરફથી છાપેલી મોટી ચિઠ્ઠીઓ ચોંટાડવામાં આવી. મારી તેમ જ ગૌરીશંકરની ટિકિટ સેકંડ ક્લાસની હતી એટલે અમને બીજી તો કોઈ હાડમારી નહોતી, પરંતુ સામાન જોખનારા અને ચડાવનારા 'પંડ્યાઓ' આ તીર્થમાં ખડા હતા! સ્ટીમર પર સામાન્ય રીતે સામાનની કડકાઈ હોતી નથી; તેમાં પણ સેકન્ડ ક્લાસને માટે તો ન જ હોય. છતાં, આ સ્ટીમર કંપનીનાં માણસો સાંભળવા પ્રમાણે એટલાં બધાં લાંચિયાં છે કે ન પૂછો વાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને લાગે છે કે કોઈ વખત એકાદ માણસે અહીં બંડ જગાવવું પડશે.

સ્ટીમરે બરાબર અઢી વાગ્યે લંગર ઉપાડ્યું. એલેક્ઝાન્ડ્રા ડોકમાંથી બેલાર્ડ પિયર થઈ અમે ભરદરિયે ઝુકાવ્યું. સ્ટીમર ઊપડ્યા પછી હું મારી કેબિનમાં ગયો. મારી કેબિન તો ઠેઠ ડેક ઉપર જ્યાં ફર્સ્ટ ક્લાસની કેબિનો છે ત્યાં હતી. આ કેબિનને લોકો સ્પેશિયલ સેકંડ ક્લાસ કહે છે. સેકંડ ક્લાસની બીજી બધી કેબિનો કરતાં આ કેબિનમાં વધારે હવા ને પ્રકાશ છે; એક તો ઠેઠ ઉપર અને એક નાની બારીને બદલે ચાર મોટી સુંદર બારીઓ.

કેબિનમાં સામાન ગોઠવીને હું સ્ટીમર પર જોવા નીકળ્યો. સ્ટીમરમાં ફર્સ્ટ ક્લાસ તેમ જ સેકંડ ક્લાસના ઉતારુઓ માટે તો ઘણી સરસ સગવડ હોય છે. તેમને માટે કેબિન, તેમને માટે સલૂન, તેમને હરવાફરવા માટે અલાયદો ડેક, તેમને માટે બીડી પીવાનો ખાસ ઓરડો અને તે ઉપરાંત મુતરડીઓ, પાયખાનાંઓ, નાહવાના બાથરૂમો અને ભોજનનો ઓરડો પણ. આ બધાંયે સુંદર અને ચોખ્ખાં. ઉપર ગણાવ્યાં તે બધાં સ્થાનોને અતિશય ચોખ્ખાં રાખવા માટે નોકરો ઊભે પગે ખડા જ હોય છે. બે જણ તો પાયખાનાં તથા મુતરડીઓ પાસે ઊભે પગે ખડા; ચાર જણ તો બારીબારણાંનાં હેન્ડલોને ઘસીઘસીને ચકચકિત જ કર્યે રાખે; એક માણસ તો બધા લાકડાના ફર્નિચરને જ દરરોજ સાફ કરે; એક જણ તો દાદરના રબ્બરને જ ઘસે; વાળવું ચોળવું, કાચ ઘસવા, ગાદીઓ ચોખ્ખી કરવી, બિછાનાં બિછાવવાં, સાબુ બદલવા, ટબનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી કાઢી નાખવું તથા નવું ભરવું, આ બધું રોજ થયાં જ કરે. જો એક દિવસ સૂર્ય ન ઊગે તો આ પ્રમાણે ન થાય.

દરેક કેબિનમાં ચાર ઉતારુઓને રાખવામાં આવે છે. અને આ ચારે ઉતારુઓ માટે એક એક પલંગ, ગાદલું, ચાદર, બે ઓશીકાં તથા એક ધૂંસો એટલી ચીજો કંપની તરફથી આપવામાં આવે છે. ઉપરાંત, ડિલ લૂછવા માટે એક તથા મોઢું લૂછવા માટે એક, એમ બબ્બે ટુવાલો પણ આપવામાં આવે છે. તે સિવાય, દરેક કેબિનમાં એક ટેબલ, પાણીનો નળ, હાથ ધોવા માટે સાબુઓ, પાણીના ગ્લાસો અને રાત્રે પેશાબ કરવા માટે પાત્રો પણ ગોઠવેલાં હોય છે. કંપનીના બધા સામાન પર બી. આઈ. એસ. એન. કં.ની છાપ હોય છે — તેમના સાબુઓ ઉપર પણ એ છાપ! કંપનીના વપરાશ માટે જે સાબુઓ આવે છે તે ઠેઠ ગ્લાસગોના બનેલા હોય છે. આ સ્ટીમર પણ ગ્લાસગોમાં બાંધેલી છે. અને કપડાંલત્તાં તો ત્યાનાં હોય તેમાં આશ્ચર્ય જ નહિ. આ ઉપરાંત, દરેક કેબિનમાં એક વીજળીની બત્તી, એક વીજળીનો પંખો, અને નોકરને ગમે તે વખતે બોલાવવા માટે એક ઘંટડી, એટલું હોય છે. નોકર દરરોજ કેબિન વાળી જાય છે, બિછાનાં ગોઠવે છે, પાણી, દારૂ, સોડા વગેરે લાવી આપે છે અને બૂટ-પૉલિશ કરે છે. બેત્રણ કેબિનો વચ્ચે એક નોકર હોય છે.

કેબિનો ઉપરાંત, સેકંડ તથા ફર્સ્ટ ક્લાસના ઉતારુઓ માટે સલૂન જેવી ખાસ જગ્યા હોય છે. અમારી કેબિન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે જ સેકંડ ક્લાસનું સલૂન છે. અહીં સેકંડના ઉતારુઓ વાંચે છે, ચાકૉફી પીએ છે, કોઈ વાર ઘુમાડો કાઢે છે ને ગપ્પાં લગાવે છે. આ સલૂનના એક સુંદર ટેબલ પર મારી જગ્યા રિઝર્વ્ડ થઈ ગઈ છે, અને મારા મિત્રો આ ટેબલને 'પ્રોફેસર સાહેબકા ટેબલ' કહે છે. આ સલૂનમાં બેઠાં બેઠાં દરિયો મજાથી જોઈ શકાય છે.

સલૂનની પાસે જ સેકંડ ક્લાસના ઉતારુઓને હરવા-ફરવા માટે 'ડેક' છે. આ ડેક પર ઘણા ઉતારુઓ પોતાની આરામખુરશીઓ નાખી પડે છે, અથવા તો હરેફરે છે. કોઈ કોઈ વાર આ ડેક ઉપર વાદવિવાદ ચાલે છે, તો વળી ઘણી વાર જાળી બાંધીને રમતો પણ રમાય છે. સવાર અથવા સાંજની શાંતિમાં ડેક ઉપર આરામખુરશી નાખી પડવું અને દૂર દૂર દરિયા પર તથા ઊગતા આથમતા સૂર્ય પર નજર નાખવી એ પણ એક સદ્ભાગ્ય જ સમજવું.

સલૂનની પાસે જ બીડી પીવાનો ખાસ ઓરડો છે. આ અંગ્રેજ લોકોની તો મને સમજ જ નથી પડતી! એક તો બીડી પીવા જેવાં કામો, અને તેને માટે વળી પ્રતિષ્ઠાવાળો ઓરડો! આ ઓરડો બહુ જ ભભકાદાર છે. તેમાં સુંદર ખુરશીઓ, સુંદર કોચો, સુંદર ટેબલો, એક પિયાનો વગેરેનો શણગાર છે. જે માણસ કદી બીડી ન પીતો હોય તેને પણ આ ઓરડાની ખાતર એક વાર બીડી પીવાનું મન થઈ જાય એવો એ મોહક છે! બીડી પીવાની આદતને આવી પ્રતિષ્ઠા તો આ લોકો જ આપે. હું તો એ ઓરડામાં જતો જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે આવ્યાં સેકંડ ક્લાસનાં પાયખાનાં, મુતરડીઓ, સ્નાનગૃહ વગેરે. આ બધાં અતિશય સ્વચ્છ છે એમ તો એકદમ કબૂલ કરવું જોઈએ. આપણા લોકોએ સ્વચ્છતાની બાબતમાં હજી ઘણા પાઠો શીખવાના છે એ તો આપણે સૌ સમજીએ છીએ. તેમાં પણ પાયખાનાની સ્વચ્છતા તો આપણે ખાસ વિચારવાની છે. સેકંડ ક્લાસના પાયખાનામાં ચોવીસે કલાક પાણી વહ્યાં જ કરે છે; અને મુતરડી પણ જરાયે ગંધાતી નથી. નાહવાની ઓરડીઓ પણ તેવી જ ચોખ્ખી. બે વેંતનું મસોતા જેવું પોતિયું પહેરીને ચોપડ-સ્નાન કરનારા મારા પ્રશ્નોરા ભાઈઓને આ બાથરૂમોમાં નવરાવ્યા હોય તો ! એમ ઘણી વાર થઈ જાય છે.

છેલ્લે આવે સેકંડ ક્લાસનો ભોજનનો ઓરડો. વચ્ચોવચ મોટું ટેબલ, એ ટેબલ પર સુંદર લીલી બનાત જડેલી; એની બન્ને બાજુ બેઠક ફરી શકે તેવી ખુરશીઓ; ટેબલ પર બે સ્વચ્છ ફૂલદાન, અને તેની પાસે આંખને હરે તેવા રંગવાળા દારૂની શીશીઓ ! ઉપર પંખા ચાલે અને દૂર ખૂણામાં સંગીત ચાલી રહે. આ ઓરડાની આ શોભા.

આ બધાં સેંકડ ક્લાસના ઉતારુઓનાં સ્થાનો. ફર્સ્ટ ક્લાસના ઉતારુઓ માટે આવા જ પ્રકારની સગવડ, પણ વધારે કીમતી. તેમના અરીસા વધારે કીમતી, તેમનું ફર્નિચર વધારે સુંદર, તેમના બીડી પીવાના ઓરડામાં સિગારેટની રાખ ખંખેરવા માટે ડબ્બીઓ વગેરે.

હવે આપણે થર્ડ ક્લાસનાં સ્થાનો તરફ વળીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થર્ડ ક્લાસના ઉતારુઓ 'ડેક-પેસેંજર' કહેવાય છે. તેમને બેસવા માટે નીચે ભંડકો અને ફાળકાઓ હોય છે! રેલવેના થર્ડ ક્લાસમાં જેમ ઉતારુઓને ઘેટાંની માફક પૂરવામાં આવે છે તેમ અહીં પણ છે. તેઓ બિચારા ગમે તેમ જ્યાં ત્યાં પોતાનો સમાસ કરી લે છે. તેમનાં સ્થાનોમાં નથી પૂરતો પ્રકાશ, નથી હવાની પૂરતી આવજા, નથી જરાયે સ્વચ્છતા. એક તરફ યુરોપિયન લોકોના ઉપયોગ માટે સાચવેલાં ઘેટાં બેં બેં કરતાં હોય, એક તરફ ઘોડો કે ભેંશ પખાલ જેટલું મૂતર કાઢી રહ્યાં હોય, એક બાજુ અજીઠાં વાસણોનો ગંજ ઊટકાતો હોય, એક તરફ પાયખાનાં અને મુતરડીઓ બો મારી રહ્યાં હોય, એક બાજુ યુરોપિયન વીશી, ખારવાઓનું રસોડું તેમ જ મુસલમાન ભાઈઓનું રસોડું એ ત્રણે જગ્યાઓમાંથી માંસની દુર્ગંધ ઊછળી રહી હોય; અને તેમાં પણ એક બાજુ વહાણના નોકરો વહાણ ધોવાને બહાને ચારે તરફ પાણી ઉડાડી રહ્યા હોય; — આ સર્વની વચ્ચે થર્ડ ક્લાસના ઉતારુઓ પોતાનું સ્થાન લે છે અને દસ વીસ દિવસ સુધી જીવે છે! અલબત્ત, આમાં આપણા ઉતારુઓનો પણ મોટો દોષ છે. આપણી ગંદી ટેવો આમાં પણ અમુક અંશે જવાબદાર છે. પરંતુ જે ઉતારુઓની કમાણી પર કંપનીનો આવો મોટો આધાર છે તેનો કેવો અનાદર થાય છે તે પણ જોવા જેવું છે. પણ આવા બધા પ્રશ્નોનો નિકાલ તો સ્વરાજ્યના નિકાલની સાથે જ આવે, માટે આપણે જવા દઈએ.

થર્ડ ક્લાસના ઉતારુઓની સંખ્યા તો મોટી જ હોય છે. અમારી જ સ્ટીમરમાં ૪૦૦–૫૦૦ હશે. તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે હરવાફરવાની જગ્યા નથી. તેમનાં પાયખાનાં, મુતરડીઓ વગેરે ખૂબ ગંદાં હોય છે, — જવું ન ગમે તેવાં ગંદાં. તેમને માટે જે નળો છે તેનો ઉપયોગ થતો જોઈએ ત્યારે તો ચીતરી જ ચડે. નળે એક ભાઈ કળશો જઈને હાથ ધોવા આવે, ત્યાં એકાદ બ્રાહ્મણ શરીર ચોળતો ચોળતો અને ગંગાલહરી બોલતો નહાતો જાય; અને હજી આ ખેલ શરૂ છે, ત્યાં એક મુસલમાન ખીચડી પકાવવા માટે ખીચડી ધોવા આવે; — પણ હવે પેલો ખારવો માછલાં ધોવા ઊભો રહ્યો છે તેનું ? કોઈ બિચારી કાઠિયાવાડની વૈષ્ણવ બાઈ રાંધવાનું પાણી લેવા માટે ઊભી હોય તેનો તો પત્તો ખાવાનો જ ન હોય. આ દૃશ્ય આખો દિવસ, એક યા બીજા રૂપમાં ચાલુ જ હોય છે.

આ ભંડક વગેરેના ભાગમાં આપણી હિંદુઓની તેમ જ મુસલમાનોની વીશીઓ છે. આપણા ઘણા મુસલમાન તેમ જ હિંદુ ભાઈઓ આ વીશીમાં જમે છે. આપણા સેકંડ ક્લાસના ઉતારુઓ પણ મોટે ભાગે યુરોપિયન વીશીમાં ન જમતાં આ વીશીમાં જ જમે છે. આ વીશીઓ આપણા જીવનની અસ્વચ્છતાનો પૂરેપૂરો નમૂનો છે. મુસલમાન તેમ જ હિંદુ વીશીઓ માટે એક એક ઓરડી આપવામાં આવી છે. આ બંને ઓરડીઓ વચ્ચે જાળીની એક સાદી આડશ કરેલી છે. હિંદુ વીશીમાં બે પ્રકારનું ખાવાનું મળે છે: સામાન્ય અને સ્પેશિયલ. મુંબઈથી મોંબાસા આવનાર માણસે સામાન્ય ખોરાક માટે સોળ રૂપિયા આપવા પડે છે અને સ્પેશિયલ માટે બત્રીસ આપવા પડે છે. સ્પેશિયલવાળા વીશીમાં જમવા જતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, પણ પોતાની જગ્યાએ ભાણું મંગાવે છે. સામાન્ય-વાળાને પોતાનું ભાણું મંગાવવું હોય તો પાંચ રૂપિયા વધારે આપવા પડે છે. સામાન્યમાં સવારે ચા ને પૂરી; બપોરના દાળ, ભાત, શાક; સાંજે ખીચડી ને શાક. સ્પેશિયલવાળાને સવારે ચા પૂરી સાથે શાક; બપોરના રોટલી, વઘારામાં બે શાક, અથાણું, પાપડ; ચાર વાગ્યે ચા; સાંજે ખીચડી, શાક, પૂરી; રાત્રે ચા. આટલું તો ઠીક; પરંતુ આ વીશીવાળાઓ પોતાની ઓરડીમાં જે રીતે રાંધે છે તે જુઓ, તેમનો સામાન જુઓ, વીશીની પાસે જ ચાલવાના રસ્તામાં આપણાં લોકો દાળ, ભાત અને ખીચડી ચડાવવા બેસી જાય છે તે જુઓ, તો આપણને મુંબઈની લૉજો તો સારી લાગે. આ વીશીમાં વાસી ગંદાં શાક, રાંધનારાઓનાં અતિશય ગંદાં કપડાં, મેંદાના લોટની સાથે માવાનું મિશ્રણ કરીને બનાવેલી મીઠાઈ, તેમનાં ઊટકયા વિનાનાં વાસણો, તેમનો મસાલાનો કચરો, આ બધાંમાં મને તો આપણી અસ્વચ્છતાનું જ પ્રતિબિંબ દેખાય છે. જે પ્રજાનાં રસોડાં ને પાયખાનાં ગંદાં તે પ્રજા જ ગંદી એ મને અહીં વધારે સ્પષ્ટ થયું. મને લાગે છે કે આપણા કોમળ લોકો આ ગંદકીથી ત્રાસીને જ યુરોપિયન લોકોની ટેબલ પરની ચોખ્ખાઈ પસંદ કરે છે અને તેમનો ખોરાક લેવા પ્રેરાય છે. આપણે આપણા જીવનમાંથી આ ગંદકી દૂર કર્યે જ છૂટકો છે.

નાનાભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

ગોકર્ણની યાત્રા

લંકાપતિ રાવણ હિમાલયમાં જઈને તપશ્ચર્યા કરવા બેઠો. એની માએ એને મોકલ્યો હતો. શિવપૂજક મહાન સમ્રાટ રાવણની મા શું મામૂલી પથરાના લિંગની પૂજા કરે? એણે દીકરાને કહ્યું, "જા બેટા, કૈલાસ જઈ મહાદેવ પાસેથી જ એનું આત્મલિંગ લઈ આવ. તો જ મારે ત્યાં પૂજા થઈ શકે." માતૃભક્ત રાવણ ઊપડયો. માનસ સરોવરમાંથી રોજ સહસ્ર કમળ તોડી કૈલાસનાથની પૂજા કરવા લાગ્યો. તપશ્ચર્યા હજાર વરસ ચાલી. એક દિવસ, કોણ જાણે શાથી, નવ કમળ ઓછાં આવ્યાં. પૂજા કરતાં કરતાં ઉઠાય નહિ અને સહસ્રની સંખ્યામાં એક પણ કમળ ઓછું હોય એ ચાલે નહિ. હવે શું થાય? આશુતોષ મહાદેવ શીઘ્રકોપી છે. સેવામાં જરાક ન્યૂનતા આવે તો સર્વનાશ જ. રાવણની બુદ્ધિ કે હિંમત કાચી નહોતી જ. તેણે એક એક શિરકમળ ઉતારી ચડાવવા માંડયું. આવી ભક્તિથી શું ન પ્રાપ્ત થાય? ભોળાનાથ રાજી થયા. કહેવા લાગ્યા, "વર માગ; વર માગ. જેટલું માગે તેટલું ઓછું." રાવણે કહ્યું, "મા પૂજામાં બેઠી છે. તારું આત્મલિંગ જોઈએ છે." શબ્દ નીકળવાની જ વાર. શંભુએ હૃદય ફાડી આત્મલિંગ કાઢી આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિભુવનમાં હાહાકાર વર્તી ગયો. દેવોના દેવ મહાદેવ આત્મલિંગ આપી બેઠા! અને તે પણ કોને? સુરાસુરના કાળ રાવણને! હવે ત્રિલોકનું શું થશે? બ્રહ્મા વિષ્ણુ પાસે દોડ્યા. લક્ષ્મી સરસ્વતીને પૂછવા ગયાં. ઇન્દ્ર મૂર્છિત થયો. આખરે વિઘ્નનાશક ગણપતિની સૌએ આરાધના કરી અને કહ્યું, "ગમે તે કરજે, પણ આ લિંગ લંકા પહોંચવા ન પામે એમ કરજે."

મહાદેવે રાવણને કહ્યું હતું, "લે આ લિંગ, જ્યાં જમીન પર રાખીશ ત્યાં જ સ્થિર થઈ જશે." મહાદેવનું લિંગ પારા કરતાંયે ભારે. રાવણ લઈને પશ્ચિમ સમુદ્રને કિનારે કિનારે જતો હતો. સાંજ પડવા આવી હતી. રાવણને લઘુશંકાની હાજત થઈ. શિવલિંગ હાથમાં રાખી બેસાય નહિ; જમીન પર તો કેમ જ રખાય? આ મૂંઝવણ ચાલતી હતી ત્યાં દેવોના સંકેત પ્રમાણે ગણેશજી ભરવાડના છોકરાનું રૂપ લઈને ગાયો ચારતા પ્રગટ થયા. રાવણ કહે, "અલ્યા છોકરા, આ લિંગ જરાક ઝાલ જોઉં. જમીન પર રખે મૂકતો." ગણેશ કહે, "આ છે તો ભારે. થાકી જઈશ તો ત્રણ વાર બૂમ પાડીશ. એટલામાં તું આવ્યો તો ઠીક. નહિ તો પછી તારી વાત તું જાણે."

હાજત તો લઘુશંકાની જ હતી. એને કેટલી વાર લાગે? રાવણ બેઠો. કોણ જાણે આજ એના પેટમાં સાત સમુદ્દર ભરાઈ રહ્યા હતા! જનોઈ કાને ભેરવી એટલે તો બોલાય પણ નહિ! સિદ્ધિવિનાયકે કરાર પ્રમાણે ત્રણ વાર રાવણના નામની બૂમ પાડી અને 'અર્ ર્ ર્ ર્'ની ચીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડી લિંગ જમીન પર મૂકી દીધું! મૂક્યું કે પાતાળ સુધી તે પહોંચી પણ ગયું. રાવણ ક્રોધે રાતો થઈને આવ્યો અને ગણપતિના કપાળમાં ભડાક દઈને મુક્કો માર્યો. ગજાનનનું માથું લોહીલોહાણ થઈ ગયું.

પછી રાવણ દોડ્યો લિંગ ઉખેડવા. પણ તે વાત તો હવે અશક્ય હતી. પાતાળ સુધી ગયેલું લિંગ હાથમાં કેમ આવે? આખી ધરતી ધ્રૂજે પણ લિંગ બહાર આવે નહિ. આખરે રાવણે લિંગ ઝાલી આમળી નાખ્યું; એટલે એના ચાર કકડા હાથમાં આવ્યા. નિરાશાના આવેશમાં તેણે ચારે કકડા ચાર દિશામાં ફેંકી દીધા અને બિચારો લંકા પાછો ગયો.

આમળેલા લિંગનો મુખ્ય ભાગ જે રહ્યો તે જ ગોકર્ણ–મહાબળેશ્વર. આખી પૃથ્વી પર એના કરતાં વધારે પવિત્ર તીર્થસ્થાન નથી.

ગોકર્ણ–મહાબળેશ્વર કારવાર અને અંકોલા એ બે બંદર વચ્ચે આવેલા તદડી બંદરથી છએક માઈલ દક્ષિણે બરાબર સમુદ્રને કાંઠે આવેલું છે. દક્ષિણ દેશમાં કાશી કરતાંયે એનું માહાત્મ્ય વધારે છે. લિંગ મોટે ભાગે જમીનની અંદર જ છે. તેની જળાધારીમાં વચ્ચોવચ એક મોટું કાણું રાખેલું છે, તેમાંથી અંદર અંગૂઠો નાખીએ ત્યારે અંદરના લિંગનો સ્પર્શ થાય. દર્શનનો તો સવાલ જ નહિ. ત્યાંના પૂજારીઓ કહે છે કે લિંગની શિલા અત્યંત સુંવાળી છે. ભક્તોના સ્પર્શથી એ ઘસાઈ જાય છે, તેથી પ્રાચીન લોકોએ આ વ્યવસ્થા કરી છે. ઘણા વખત પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુભ શુકન થાય એટલે જળાધારી કાઢી આજુબાજુનું ચણતર દૂર ખસેડી મૂળ લિંગ બે ત્રણ હાથ ઊંડે સુધી ખુલ્લું કરે છે. અમુક મહિના સુધી ખુલ્લું રાખ્યા પછી મોતીચૂનો બનાવી આસપાસનું ચણતર ફરી ચણી નાખે છે. આ ક્રિયાને, હું ભૂલતો ન હોઉં તો 'અષ્ટબંધ' કે એવું જ કંઈક નામ આપેલું છે.

અમે કારવાર હતા ત્યારે એક વાર કપિલાષષ્ઠી જેવો દુર્લભ અષ્ટબંધનો એ યોગ આવ્યો. પિતાશ્રી, આઈ અને હું, અમે ત્રણ જણાં જ એ યાત્રાએ ગયાં. તદ્દડી બંદર ઉપર મને તેડી લેવા માટે કુલી કરવામાં આવ્યો હતો. એના ખભા ઉપર બેસી હું ગોકર્ણ ગયો. કોટિતીર્થમાં નાહ્યો. ગોકર્ણ–મહાબળેશ્વરનું દર્શન કર્યું. સ્મશાનભૂમિ અને તેની રખવાળી કરનાર હરિશ્ચંદ્રનું દર્શન કર્યું. હાડકાં નાખીએ તો હાડકાં ઓગળી જાય એવા પાણીવાળું એક તીર્થ જોયું. અહલ્યાબાઈના અન્નછત્રમાં તે સાધ્વીનું બાવલું જોયું. માથે ઘવાયેલા બે હાથવાળા ગજાનનનું દર્શન કર્યું. બ્રહ્માની એક મૂર્તિ જોઈ. અને સૌથી અગત્યની વાત તે રાવણની પેલી પ્રખ્યાત લઘુશંકાનો કુંડ પણ જોયો. આજે પણ તે ભરેલો હોય છે ને નાક ફાડી નાખે એટલો ગંધાય છે. બીજું ઘણું જોયું હશે, પણ આજે તે યાદ નથી. હા, આ પ્રદેશની ખાસિયત તો કહેવી ભૂલી જ ગયો. ઘર ગરીબનું હોય કે તવંગરનું, જમીન તો ગારાની, પણ કાળા આરસપહાણ જેવી સખત અને ચકચકતી જ હોય. સાચ્ચે જ, અંદર મોઢું દેખાય! ગરમીના દિવસોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપોરે કંઈ પણ પાથર્યા વગર માણસ એ ગારાની છો પર સુખેથી સૂઈ શકે. વખતોવખત આ જમીન છાણ ને મેશ ભેળવી તેનાથી લીંપવામાં આવે છે. પણ આ લીંપણ હાથ વડે થાય નહિ. સોપારીના ઝાડ પર એક જાતનું પૂંઠું તૈયાર થાય છે. તે વડે જમીન ઘસીઘસીને ઓપવામાં આવે છે. આ પૂંઠાને ત્યાંની ભાષામાં 'પોવલી' કહે છે.

ગોકર્ણથી પાછા આવતાં તદડી સુધી દરિયાવાટે વાફર અથવા સ્ટીમલૉંચમાં બેસીને જવાનો વિચાર રાખેલો. મોસમનું તોફાન શરૂ થવાને બહુ જ થોડા દિવસ હતા. આઠ દિવસ પછી આગબોટો પણ બંધ થવાની હતી. એટલે પાછા જનાર યાત્રાળુઓની ભીડ પાર વગરની હતી. તદડી બંદરેથી ચડનાર લોકોને સ્ટીમરમાં જગ્યા મળે કે નહિ એની જ શંકા હતી. એટલા માટે જ અમે સ્ટીમલૉંચમાં બેસી સ્ટીમર સુધી વહેલા પહોંચવાનું પસંદ કર્યું હતું.

ગોકર્ણનું બંદર કંઈ બાંધેલું નથી. કાંઠેથી છાતી જેટલા પાણી સુધી તો ચાલીને જવું પડતું. ત્યાં એક હોડીમાં બેસી સ્ટીમલૉંચ સુધી જવું પડતું. જુવાન લોકો હોડી સુધી ચાલતા જાય. બૈરાંછોકરાં તો કુલીની ખાંધે બેસી અથવા બે કુલીના હાથની પાલખી બનાવી તેના પર બેસી જાય.

શરૂઆતમાં જ એક અપશુકન થયા. એક ગરીબ ડોશી ખૂબ સ્થૂળ હતી. પણ બે કુલી કરવા જેટલા પૈસા એની પાસે નહોતા. એણે એક કુલીને સહેજ વધારે મજૂરી આપવાની લાલચ બતાવી પોતાને ખાંધે ઉપાડી જવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબૂલ કરાવ્યું. પેલો લોભી હતો દૂબળો. એ કાંઠે બેઠો. વિધવા ડોશી એને ખંધોલે સવાર થઈ. પણ કુલી ઊઠવા જાય છે ત્યાં તો બંને તોલ ગુમાવી ગબડી પડ્યાં. એટલામાં એક અદેખા મોજાએ દોડતા આવી બંનેને કૃતાર્થ કર્યાં.

બોટ લગભગ છેલ્લી હોવાથી ગોકર્ણમાં પણ યાત્રીઓ ઘણા હતા. તે બધા સ્ટીમલૉંચમાં કેમ માય? એટલે સો માણસો બેસી શકે એવડો મોટો એક પડાવ, એટલે કે હોડી, સ્ટીમલૉંચની પાછળ બાંધી દેવામાં આવી હતી, અને એની પાછળ કસ્ટમ ખાતાના એક અમલદારની સફેદ હોડી બાંધવામાં આવી હતી. ખાનગી હોડીઓનાં હલેસાં કડછી જેવાં ગોળ હોય છે, જ્યારે કસ્ટમવાળાઓનાં હલેસાં ક્રિકેટ બૅટ જેવાં લાંબાં લાંબાં ને ચપટાં હોય છે.

અમારો સંઘ સવેળા ઊપડ્યો. એક બે માઈલ ગયા હોઈશું એટલામાં આકાશ વાદળાંથી ઘેરાયું. પવન જોરથી ઘૂઘવવા લાગ્યો. ભારે ઉજાણી મળી ગઈ હોય તેમ મોજાં જોરથી ઊછળવા લાગ્યાં. હોડીઓ ડોલવા લાગી અને સ્ટીમલૉંચ પરનું તાણ પણ વધવા લાગ્યું. અરે! આ શું? ટીપાં! વરસાદનાં ટીપાં! મોટાં મોટાં બોર જેવડાં ટીપાં! હવે શું થશે? મોજાં જોર જોરથી ઊછળવા લાગ્યાં. સ્ટીમલૉંચ તોફાની ઘોડાની પેઠે ઉપરનીચે કૂદવા લાગી. પાછળની હોડીનાં રાંઢવાં કર્‍ર્‍ર્ કર્‍ર્‍ર્ અવાજ કરવા લાગ્યાં. એટલામાં સ્ટીમલૉંચ અને હોડી વચ્ચે એવું તો મોટું મોજું આવ્યું કે હોડી દેખાય જ નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું સ્ટીમલૉંચમાં બૉઇલર પાસેની પાટિયાની ઓટલી પર બેઠો હતો. અમારા ટંડેલને બનતી ઉતાવળે સ્ટીમર સુધી પહોંચવું હતું. એણે સ્ટીમલૉંચ ગાંડાની પેઠે પૂર-જોસમાં છોડી દીધી. પાટિયું ગરમ થયું. હું દાઝવા લાગ્યો. શું કરવું એ સૂઝે નહિ. જરા ખસવા જાઉં તો 'સમુદ્રા-સ્તૃપ્યન્તુ' થવાય! અને બેસવું તો લગભગ અશક્ય! આ મૂંઝવણમાંથી ભયંકર રીતે છુટકારો મળ્યો. સમુદ્રનું એક પ્રચંડ મોજું ચડી આવ્યું અને એણે મને નખ-શિખાન્ત નવડાવી દીધો. હવે ઓટલી ગરમ રહે જ શાની? પિતાશ્રી મૂંઝાયા. આઈને તો કુળદેવનું સ્મરણ સૂઝ્યું: "મંગેશા! મહારુદ્રા! માયબાપા! તૂચ આતાં આમાલા તાર." વરસાદ મુશળધાર પડવા લાગ્યો. અમે સ્ટીમલૉંચવાળા કંઈક સુરક્ષિત હતા. પણ પેલા હોડીવાળા-ઓનું શું! શરૂશરૂમાં તો સ્ટીમલૉંચને પાણી કાપવાનું હોવાથી તેમાં પાણી સહેલાઈથી આવતું, જ્યારે હોડીને દરેક આવતા મોજા પર સવાર જ થવાનું હોવાથી હોડી ગમે તેટલી ડોલે તોપણ પાણી અંદર આવતું નહિ. પણ જ્યારે પવન અને વરસાદ વચ્ચે હરીફાઈ શરૂ થઈ અને બંનેનું અટ્ટહાસ્ય વધ્યું ત્યારે એક જ મોજા સાથે અડધી હોડી ભરાઈ જવા લાગી. મોજાં સામેથી આવે ત્યાં સુધી તો ઠીક; હોડી મોજાં પર ચડી પેલી પાર પસાર થતી. ઘડીકમાં મોજાના શિખર પર તો ઘડીકમાં બે મોજાં વચ્ચેની ખીણમાં. કોક કોક વાર એક મોજા પરથી હોડી ઢળી પડે એટલામાં જ નીચેથી નવું મોજું ઊપસી આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોડીને અધ્ધર ઝીલી લેતું. આવી અણધારી હિલચાલથી અંદર ઊભેલા લોકો ધડાધડ પડી જતા.

પણ હવે મોજાં બાજુએથી અથડાવા લાગ્યાં. હોડીની અંદરનાં બૈરાંછોકરાંને તો પોક મૂકી રોવાનો જ એક ઇલાજ હતો. જેટલા જવાંમર્દ હતા તે બધા ડોલ, ગાગર કે ડબો જે હાથમાં આવે તે લઈ ભરીભરીને પાણી બહાર કાઢતા. ફાયર એન્જિનના પંપ એથી વધારે ઝડપથી શું કામ કરી શકે? હોડી માંડ ખાલી થઈ જાય એટલામાં એકાદ ક્રૂર મોજું વિકટ હાસ્ય કરી 'ધા....ડ' દઈને હોડીના પાસા પર અથડાય અને અંદર ચડી બેસે. એ વખતની ચીસો અને કિકિયારીઓ કાનને ફાડી નાખતી હતી, કાળજાં ચીરી નાખતી હતી. કોઈ યાત્રીઓ અવધૂત દત્તાત્રેયના 'ધાવા' લલકારવા લાગ્યા, તો કોઈ પંઢરપુરના વિઠોબાને બોલાવવા લાગ્યા. કોઈ અંબાભવાનીની માનતા રાખે તો કોઈ વિઘ્નહર્તા ગણેશને બોલાવે. શરૂશરૂમાં સ્ટીમલૉંચનો કપ્તાન અને ખલાસીઓ અમને સૌને ધીરજ આપતા અને કહેતા, "અરે તમે ડરો છો શાના? જુમ્મેદારી અમારી છે. અમે તો એવાં કેટલાંયે તોફાનો જોઈ નાખ્યાં છે." પણ જોતજોતામાં મામલો એવો વધી ગયો કે કપ્તાનનું પણ મોઢું ઊતરી ગયું. એ કહેવા લાગ્યો, "બાપુ, હવે રોયે શો લાભ? માણસને એક વાર મરવું તો છે જ. પછી તે પથારીમાં હોય કે ઘોડા ઉપર, શિકારમાં કે દરિયામાં. તમે જુઓ છો, અમારાથી બનતું અમે કરીએ છીએ. પણ ઇન્સાનના હાથમાં છે શું? માલિક કરે તે ખરું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના મોં તરફ હું તાકીને જોતો હતો. મુસાફરીએ ઊપડતાં પહેલાં જે માણસ ગાજર જેવો લાલબૂમ હતો તે હવે અળવીના પાન જેવો લીલોલીલો થઈ ગયો હતો !

હું એ વખતે સાવ બાળક તો હતો; પણ ગંભીર પ્રસંગે બાળક પણ પ્રસંગને સમજી શકે છે. પળે પળે હું સ્થાનભ્રષ્ટ થતો હતો. માંડ બે હાથે પકડીને મારું સ્થાન સાચવતો હતો. અમારો બધો સામાન એક બાજુ પર પડ્યો હતો. એનો તો ભાવ જ કોણ પૂછે ? પણ પૂજાની બધી મૂર્તિઓ અને નાળિયેર નેતરની એક 'સાંબળી' (ડબા)માં રાખેલાં હતાં તે હું મારી ગોદમાં લઈને બેસતાં ભૂલ્યો નહોતો. મારા મનમાં કેવા કેવા વિચારો આવતા હતા ! એ જમાનો મારી મુગ્ધ ભક્તિનો હતો. રોજ સવારે બબ્બે કલાક તો મારું ભજન ચાલતું. જનોઈ દીધેલી નહિ એટલે સંધ્યાપૂજા ક્યાંથી કરાય ? છતાં પિતાશ્રી પૂજામાં બેસે ત્યારે ત્યાં બેસી મદદ કરવામાં ખૂબ રસ આવતો. મનમાં વિચાર આવ્યો કે આજે જો ભાગ્યમાં ડૂબી જવાનું હશે તો આ દેવોની સાંબળી છાતીસરસી ચાંપીને જ ડૂબી જઈશ. બીજી ક્ષણે વિચાર આવ્યો, જો આઈના દેખતાં લોંચમાંથી પાણીમાં ઊલળી પડીશ તો આઈની શી દશા થશે ? એ વિચાર એટલો તો અસહ્ય થઈ ગયો કે શ્વાસ રૂંધાયો. છાતીમાં પથરો વાગ્યો હોય એમ દુખવા લાગ્યું. મેં ગળગળા થઈ મનમાં જ ઈશ્વરની પ્રાર્થના કરી કે જો ડુબાડવાં જ હોય તો આઈ અને હું એકબીજાને બાથમાં લઈ ડૂબી જઈએ એટલું કરજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક બાળકને મન એના પિતા એટલે ધૈર્યના સાગર. આભ તૂટે પણ પિતા ધીરજ ખોઈ ન બેસે એવી તો બાળકને હમેશાં ખાતરી. એટલે આવો પ્રસંગ જ્યારે બને ત્યારે પિતાને પણ દિઙ્મૂઢ થયેલા, બેબાકળા બનેલા બાળક જુએ છે ત્યારે તો બાળકને કંઈનું કંઈ થઈ જાય છે. હું તોફાનથી એટલો ડર્યો નહોતો, વરસાદથી એટલો ડર્યો નહોતો, 'માણસ ગંધાય, માણસ ખાઉં' કરીને મોં વકાસીને આવતાં મોજાંથી પણ એટલો ડર્યો નહોતો, જેટલો પિતાશ્રીનો મૂંઝાયેલો ચહેરો જોઈ અને ગળગળો અવાજ સાંભળીને ડર્યો.

જે તે ટંડેલને પૂછે, "હવે કેટલે આવ્યા છીએ? હવે કેટલું બાકી છે?" ચારે તરફ જ્યાં નજર નાખીએ ત્યાં વરસાદ, પવન, મોજાંનું તાંડવ! આટલો વરસાદ પડ્યો પણ આકાશ કંઈ ઊઘડ્યું જ નહિ. મેં ટંડેલને કરગરીને કહ્યું, "લોંચ જરા કિનારા તરફથી લઈ જાઓને, કે ડૂબી જઈએ તો કેટલાક તો કાંઠા સુધી તરીને જાય!" ટંડેલ ઉત્સાહ વગરનું હાસ્ય કરીને બોલ્યો, "કેવો બેવકૂફ છોકરો! કિનારાથી જેટલા દૂર છીએ તેટલા જ સુરક્ષિત છીએ. જરાક પાસે ગયા કે ખડક પર ચૂરેચૂરા થઈ જવાના. આજે તો જાણીજોઈને અમે કિનારાથી દૂર રહ્યા છીએ. સ્ટીમર સુધી પહોંચીએ એટલે કમાયા. આજે બીજો આરો નથી."

મેં કોઈ કાળે પુખ્ત ઉંમરના લોકોને એકબીજાને વળગીને રોતાં જોયાં નહોતાં. તે દૃશ્ય આજે પેલી હોડીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયું. ત્યાં તો સ્ત્રીપુરુષો એકબીજાંને બાથમાં લઈને રડારોળ કરતાં હતાં. એક બેત્રણ છોકરાંની મા બધાંને એકસામટાં બાથમાં લેવા મથતી હતી. બસ, પાંચપચીસ જવાંમર્દ તનતોડ મહેનત કરી દરિયા સાથે અસમાન યુદ્ધ લડતા હતા. તોફાન એટલું તો વધી પડયું અને લૉંચ તથા હોડી એટલી બધી ડોલવા લાગી કે લોકો બીકના માર્યા રોતા બંધ થયા. એક કાળી છાયા બધે ફેલાઈ. ભાનમાં હતા એક પેલા હોડીમાંના બહાદુરો, અને બીજા કાળા કાળા અંગરખા પહેરેલા સ્ટીમલૉંચના ખલાસીઓ. અમારો ટંડેલ હુકમ છોડતાં કોક વખતે મૂંઝાતો હતો, પણ ખલાસીઓ બરાબર એકાગ્ર થઈ વગર ભૂલ્યે, વગર મૂંઝાયે પોતપોતાનું કામ કર્યે જતા હતા. કર્મયોગ શું આથી જુદો હશે ?

આખરે તદ્દડી બંદર આવ્યું. અમે સ્ટીમરને જોઈએ તે પહેલાં જ સ્ટીમરે અમારી લૉંચને જોઈ લીધી. સ્ટીમરે ભૂંગળું વગાડયું : ભોં..... જાણે બધાંની કરુણ વાણી સાંભળી ઈશ્વરે મા મૈ:ની આકાશવાણી ઉચ્ચારી ! અમારી સ્ટીમલૉંચે પોતાના તીણા અવાજે જવાબ વાળ્યો. સૌનાં હૈયાંમાં આશાના અંકુર ઊગ્યા. બધે એક જ જયજયકાર થયો.

એટલામાં જાણે છેલ્લો પ્રયત્ન કરી જોવા અને અમારાં બધાંનાં ભાગ્ય સામે હારતાં પહેલાંની છેલ્લી લડત ચલાવવા ખાતર એક મોટું મોજું અમારી લૉંચ ઉપર ધસી આવ્યું. મારા પિતાશ્રી બેઠા હતા ત્યાંથી પાછળ પડી ગયા. મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કારમી ચીસ પાડી. અત્યાર સુધી હું રોયો નહોતો. જાણે તેનું સાટું એક જ ચીસમાં વાળવું હતું. બીજી જ ક્ષણે પિતાશ્રી બેઠા થયા અને મને છાતીસરખો ચાંપી કહ્યું, "દત્તુ, બીશ મા. મને કંઈ થયું નથી."

અમે સ્ટીમર પાસે પહોંચી ગયા. પણ પાસે જવાની હામ કોણ ભીડે? કસ્ટમવાળી બોટ એ લોકોએ ક્યારની છોડી હતી, કેમ કે લૉંચ અને મોટી હોડીના હેલા એ ખમી શકતી નહોતી. એની સલામતી તો છૂટા થવામાં જ હતી. અમારી સ્ટીમલૉંચ દૂરથી સ્ટીમરની પ્રદક્ષિણા કરી વળી, પણ કેમે કર્યે પાસે આવવાનો લાગ મળે નહિ. મોજાંથી જો સ્ટીમર સાથે અથડાય તો છેક છેલ્લી ઘડીએ બધાંના ભુક્કા ઊડી જાય. આખરે ઉપરથી રાંઢવું ફેંકાયું અને ખલાસીઓ લૉંચની છત ઉપર ઊભા થઈ લાંબા લાંબા વાંસ વતી સ્ટીમરની દીવાલ સાથેની અથડામણ રોકવા લાગ્યા. મોજું લૉંચને ફેંકી દેવા જાય ત્યાં ખલાસીઓ પોતાના લાંબા લાંબા વાંસની અણીની ઢાલ બનાવી બધો માર પોતાના હાથ અને પગ પર ઝીલી લે. છતાં આખરે સ્ટીમરની સીડી પર સ્ટીમલૉંચની છત અથડાઈ અને કડડડ દઈને એક લાંબુ પાટિયું તૂટીને સમુદ્રમાં પડ્યું.

હું પાસે જ હતો, એટલે સ્ટીમરમાં ચડવાનો પહેલો વારો મારો જ આવ્યો. ચડવાનો શાનો? દડાની પેઠે ફેંકાઈ જવાનો. ટંડેલ પોતે અને બીજો એક ખલાસી સ્ટીમલૉંચમાં ઊભા રહી એક એક માણસને પકડી સ્ટીમરની સીડીને સૌથી નીચલે પગથિયે ઊભેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખલાસીના હાથમાં ફેંકી દે. એમાં ખાસ સાવચેતી એ રાખતા કે મોજાંની ખીણમાં લોંચ ઊતરી હોય ત્યારે તાકીને રાહ જુએ, અને બીજી ક્ષણે મોજાંના શિખર પર લોંચ આવે અને સીડી સાવ પાસે આવી ગઈ હોય ત્યારે ઝટ દઈને માણસને ફેંકી દે! બંને બાજુના ખલાસીઓ જો માણસના હાથ પકડી જ રાખે તો બીજી જ ક્ષણે લોંચ ખીણમાં ઊતરે ત્યારે માણસના ફાટીને ચીરા જ થઈ જાય! હું ઉપર ચડયો અને પાછો વળીને આઈ આવે છે કે નહિ તે જોવા લાગ્યો. સાવ અજાણ્યા મુસલમાનને આઈનાં બાવડાં ઝાલતો જોઈ ને મને કંઈ ને કંઈ થઈ ગયું. પણ એ તો પ્રાણ બચાવવાનો વખત હતો. ત્યાં કંઈ સુંવાળી લાગણીઓ કામ આવે? જરાક થોભ્યા ત્યાં તો પિતાશ્રી પણ આવી ગયા. દેવોની 'સાંબળી' તો મેં ખભે ભેરવી હતી. અમને ઉપર સારી જગ્યા શોધી બેસાડી પિતાશ્રી પાછા સામાન લાવવા ગયા. હું શ્રદ્ધાળુ છોકરો ખરો, પણ તે ક્ષણે પિતાશ્રી પર ખરેખરી ચીડ ચડી. બળ્યો બધો સામાન! જીવ જોખમમાં નાખવા પાછા શું કામ જતા હશે? પણ તેઓ તો ત્રણ ફેરા જઈ આવ્યા. છેલ્લે ફેરે પાછા આવીને કહે, "ગોકર્ણ મહાબળેશ્વરના પ્રસાદનું નાળિયેર પાણીમાં પડી ગયું!" એક જ ક્ષણે આઈ અને હું બોલી ઊઠયાં. આઈએ કહ્યું, "અરેરે!" અને મેં કહ્યું, "એટલું જ કેની?"

લોંચવાળા ઉતારુઓ ચડયા પછી હોડીવાળાનો વારો આવ્યો અને તેઓ બધા ચડયા. ત્યાર પછી લોંચ અને હોડી નિશાચર ભૂતોની પેઠે ચીસો પાડતી તદ્દડીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિનારા ભણી ગઈ અને કિનારા પર તપશ્ચર્યા કરતા બેઠેલા યાત્રાળુઓને હફતે હફતે લાવવા લાગી. તોફાન હવે કંઈક શમ્યું તો હતું, પણ અંધારી રાત અને ઊછળતાં મોજાં વચ્ચે એ લોકોના જે હાલહવાલ થયા તેનું વર્ણન કોણ કરી શકે?

સ્ટીમર યાત્રાળુઓથી ચિકાર ભરાઈ ગઈ. જે બોલે તે પોતાનો સામાન સમુદ્રમાં ડૂબી ગયાની વાતો જ બોલે. આખરે યાત્રાળુઓ બધા આવી ગયા. મહેર માલિકની કે એકે જીવનું નુકસાન ન થયું. સ્ટીમર ઊપડી અને પછી લોકો પોતપોતાની જૂની મુસાફરીનાં આવાં જોખમનાં સ્મરણ એકબીજાને કહી આજનું દુઃખ ઓછું કરવા લાગ્યા. રાત્રે લાંબા વખત સુધી કોઈને ઊંઘ ન આવી. હું ક્યારે ઊંઘ્યો, કારવાર બંદર ક્યારે આવ્યું, અને અમે ઘેર ક્યારે પહોંચ્યાં, એમાંનું કશું આજે યાદ નથી. પણ તે દિવસનો તે તોફાનનો પ્રસંગ જાણે ગઈ કાલે જ વીત્યો હોય એવો સ્મરણપટ પર તાજો છે. સાચે જ, दुःखं सत्यं सुखं मिथ्या दुःखं जन्तोः परं धनम् ।

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

ભગવાન બુદ્ધ

૧

હિમાલયની તળેટીમાં, નેપાળની હદમાં કપિલવસ્તુ કરીને એક નાનકડું રાજ્ય હતું. ત્યાં કોઈ રાજા નહોતો. ત્યાંના શાક્ય લોકોમાં જે થોડાં મોટાં મોટાં ઘર હતાં તે ઘરના મુરબ્બીઓ મળીને પોતાનું એ નાનકડું રાજ્ય ચલાવતા. આ મુરબ્બીઓને 'રાજા' કહેતા. રાજા શુદ્ધોદન એમાંનો એક હતો. શુદ્ધોદનને મોટા સમ્રાટ થવાના ભારે કોડ હતા.

એ રાજાની રાણી માયાદેવીએ એક પુત્રને જન્મ આપ્યો. રાજાએ જોશ જોવડાવ્યા. જોશીએ કહ્યું, "રાજા, તારા ભાગ્યનો પાર નથી. તારો દીકરો કાં તો આખી પૃથ્વીનો સમ્રાટ થશે, નહિ તો ધર્મસમ્રાટ થશે. એને વૈરાગ સૂઝશે તો તો એ ધર્મસમ્રાટ જ થશે."

રાજાએ પૂછ્યું, "વૈરાગ શાથી ઊપજે છે?" શાણા જોશીએ કહ્યું, "જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુનું દુઃખ જોવાથી."

રાજાએ નિશ્ચય કર્યો કે ત્યારે આપણે ભાવીને માત કરીએ. છોકરો આ ચાર વસ્તુ જોઈ જ ન શકે એવી રીતે એને રાખું. ઉનાળાનો મહેલ જુદો, શિયાળાનો જુદો, અને ચોમાસાનો વળી એથીયે જુદો. ઘરમાં કોઈ માંદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ઘરડો કે દુર્મુખ નોકર ન મળે. રાજમહેલના બગીચામાં ઝાડ પર કરમાયેલું ફૂલ કે પીળું પડેલું પાંદડું ન મળે. બધે સુગંધી, સંગીત અને કાવ્યસાહિત્ય જ હોય એવી રીતે પુત્રને રાખું.

પુત્ર ગૌતમ આ સ્થિતિમાં રહ્યો. પણ આવા સુખથી કોઈ સુખી થતું હશે? એને તો બધી વસ્તુ ઉપર કંટાળો ઊપજ્યો. બાળપણથી જ તે વિલક્ષણ બુદ્ધિનો હતો, અને ઘણી વાર ઊંડા વિચારો કર્યાં કરતો. બાપે વિચાર કર્યો કે દીકરો પરણશે તો ઠેકાણે પડશે. છોકરાએ પણ માન્યું. એક સ્વયંવરમાં જઈ પોતાનું યુદ્ધકૌશલ્ય, બુદ્ધિકૌશલ્ય અને કળાકૌશલ્ય સિદ્ધ કરી, આ સિદ્ધાર્થકુમાર, સુંદર યશોધરાને પરણી ઘેર લઈ આવ્યો. બાપને થયું કે હવે દીકરો વિલાસમાં ડૂબી જશે. પણ દીકરો તો વિચારમાં જ ડૂબી ગયો. તેને થવા લાગ્યું કે આ દુનિયા છે શું? જે આસપાસ છે તે બધું પોલું પોલું લાગે છે. દીકરાએ બાપ પાસે માગણી કરી કે મારે સાચી દુનિયા જોવી છે. બાપના પેટમાં ધ્રાસકો પડ્યો. ના પાડે તો દીકરાને દુઃખ થાય અને એ દુઃખને લીધે કદાચ એને વૈરાગ ઊપજે. અને હા પાડે તો શું થાય એ ભગવાન જાણે!

બાપે આખી નગરી શણગારી અને કોઈ રોગી, વૃદ્ધ કે અશક્ત માણસ બહાર ન નીકળે એવો ઢંઢેરો પિટાવ્યો. પણ દીકરાને તો સાચી દુનિયા જોવી હતી. તે બધે ફર્યો — બધું જોયું. દરવાજે આવી તેણે સારથિને ગામની બહાર રથ હાંકવાનું કહ્યું. ત્યાં તેના જોવામાં એક ડૂબળો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપંગ થઈ ગયેલો અને દુઃખથી પીડાતો વૃદ્ધ પુરુષ જોવામાં આવ્યો. એ જોઈ તેણે સારથિને પૂછ્યું, "છન્ન! આ શું?" સારથિએ સમજાવ્યું, "મહારાજ, એ ઘરડો છે, રોગી છે, દુઃખી છે. થોડા વખત પછી એ મરી જશે!"

કુમારે ફરી પૂછ્યું, "કેમ એમ?"

છન્ન બોલ્યો, "મહારાજ, એ સંસારનો નિયમ છે. જેટલાં જન્મે છે તે સહુને રોગ, દુઃખ, ઘડપણ ને મરણ આવવાનાં જ. એ અટળ છે. સારા સંસારની એ જ દશા થવાની."

"અને શું એનું કંઈ જ ઓસડ નથી?" કુમારે પૂછ્યું.

કુમારના અંતરમાં જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ અને મરણનું આ દર્શન તીરની પેઠે ભોંકાયું. નાનપણથી જ આ વસ્તુઓ તે જોત તો આપણી પેઠે આ કુમારનું હૈયું પણ રીઢું થઈ જાત. પણ આજ સુધી કદી ન જોયેલું એકાએક જોયું તેથી તે કુમારહૃદયને અસહ્ય થઈ પડ્યું, તે ક્ષણે જ એણે મનમાં નિશ્ચય કર્યો, "આ દુઃખની અંદર રહેવું એમાં પુરુષાર્થ નથી. આખો જનસમાજ દુઃખમાં ડૂબેલો છે, એનું કંઈક ઓસડ તો હોવું જ જોઈએ. અને તે હું શોધી કાઢવાનો જ. અરે, જ્યારે આખો દેશ આવા દારુણ દુઃખમાં તવાઈ રહ્યો છે ત્યારે વળી મોજશોખ શા? સ્ત્રી સાથેનો પ્રણય શો? દીકરાનો મોહ શો? (કુમારને એટલામાં એક દીકરો પણ થયો હતો.) જેનો હું ઉદ્ધાર ન કરી શકું તેનો હું ઉપભોગ કેમ કરીને કરું? મેં મારાં આ સત્તાવીસ વર્ષ એળે જ ગુમાવ્યાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમારના હૃદયમાં વૈરાગે પ્રવેશ કર્યો અને એણે ઘરનો, રાજ્યનો, સ્ત્રી યશોધરા અને પુત્ર રાહુલનો ત્યાગ કર્યો. પિતા રોતા હતા, માતા માયાદેવી તો એના જન્મ પછી સાતમે દિવસે જ મરી ગઈ હતી. સાવકી મા મહાપ્રજાપતિ (જે એની માશી પણ થતી હતી) એણે તો રોઈ રોઈને આક્રંદ કર્યું. પણ કુમાર તો ઘર છોડીને ગયો એ ગયો જ.

અનોમા નદીને કિનારે આવી કુમારે માથાના લાંબા લાંબા સુંદર વાળ ઉતારી નાખ્યા, રેશમનાં સુંવાળાં બહુમૂલ વસ્ત્રો ફેંકી દીધાં, પોતાના પ્રિય ઘોડા કંથકની વદાય લીધી અને મહા-અભિનિષ્ક્રમણ કર્યું.

પહેલવહેલી ભિક્ષા માગી ત્યારે રાતના વાસી અને સાવ સૂકા ભાખરીના કકડા કેમે કરી ગળા નીચે ઊતરે જ નહિ. રાજવી જીવન અને તપસ્વી જીવન વચ્ચે દારુણ યુદ્ધ ચાલ્યું. પણ એક ક્ષણમાં જ તે પતી ગયું. ત્યાર પછી કોઈ કાળે આ મુશ્કેલી નડી નહિ.

ગુરુની શોધમાં અનેક દિવસો ગાળ્યા. એ વખતના સમાજમાંથી અને શાસ્ત્રોમાંથી જેટલું મેળવી શકાય તેટલું મેળવી લીધું, કેળવી શકાય તેટલું કેળવી લીધું. છતાં શાંતિ ન મળી. દુનિયાને શાંતિ પમાડાય એવું ઓસડ હાથ ન આવ્યું. જાત જાતના યોગ આદર્યા, દેહદંડન કર્યું, પણ કાંઈ પત્તો ન ખાધો.

આખરે બિહારના ધન્ય પ્રદેશમાં, નિરંજરા નદીને કાંઠે તે અનશનવ્રત લઈને બેઠા. મગજમાં વિચાર તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભઠ્ઠીની પેઠે સળગતા હતા. અશુદ્ધ વિચારો બળી જવા લાગ્યા, દુનિયાનું રહસ્ય પીગળવા લાગ્યું, અને તપસ્વીની ખાતરી થઈ કે હવે પછીની યાત્રા — અનુભવની યાત્રા આમ કાય-ક્લેશથી, દેહને દુઃખ દેવાથી થવાની નથી, પણ સુખ અને દુઃખ છોડીને વચમાં જે સમાન સ્થિતિ રહે છે તે ધારણ કરવાથી જ આગળ વધાય એમ છે.

તપસ્વીએ ફરી આહાર શરૂ કર્યો. આસપાસ ભેગા થયેલા સાધકોએ જાણ્યું કે તપસ્વી હાર્યો, મોળો પડ્યો, હવે એની સાથે રહેવામાં માલ નથી. સૌ એને છોડી ચાલ્યા ગયા. પણ તપસ્વી તો આગળ ધપ્યે જ જતો હતો.

આખરે છેલ્લી ઘડી આવી. મહાયુદ્ધ જામ્યું. મનુષ્ય-જાતિના શત્રુ, હૃદયસ્વામીના હરીફ અને કુટિલ તર્કના આદ્ય ગુરુ એવા 'મારે' પોતાની બધી દસ પ્રકારની સેના આ દયામય વિશ્વબંધુ ઉપર છોડી.

અહોભાગ્ય મનુષ્યજાતિનું કે આખરે, વૈશાખી પૂનમની એ રાત્રે 'માર'નો પરાભવ થયો અને સિદ્ધાર્થ ખરેખર સિદ્ધાર્થ થઈ ગયા — બુદ્ધ બની ગયા.

૨

જેણે પોતાનો ઉદ્ધાર કર્યો છે તે જ દુનિયાનો ઉદ્ધાર કરી શકે છે. જે પોતે જાગ્યો હોય એ જ દુનિયાને જગાડે. બુદ્ધ એટલે જાગેલો. જે ક્ષણે સિદ્ધાર્થ 'મારજિત' થયા તે જ ક્ષણે આખા વિશ્વનું રહસ્ય તેમની દૃષ્ટિ આગળ ખુલ્લું થયું અને તે લોકજિત થવાને લાયક થયા.

તેમણે જોઈ લીધું કે આપણે દેહધારી છીએ. એટલે દરજ્જે કુદરતના નિયમને વશ છીએ જ. કુદરતનું દુઃખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાળી ન શકાય એવું ભલે હોય, પણ તે ભારે નથી. જન્મ, જરા, વ્યાધિ, મરણ, પ્રિય વસ્તુનો વિયોગ અને અપ્રિય વસ્તુનો સંયોગ એ તો હમેશાં ચાલવાનાં જ. વિવેકથી એનું સ્વરૂપ સમજી લઈએ તો એનું દુઃખ મોળું પડે છે. દુનિયાનું મોટામાં મોટું દુઃખ તો આપણે પોતે જ ઊભું કરીએ છીએ. આપણી કોઈ કાળે છીપે નહિ એવી તૃષ્ણા જ આપણને દુઃખમાં ડુબાડે છે, અને અનંત કાળ સુધી દુઃખરસમાં આપણને નાખી આપણા આખા જીવનનું કડવું અથાણું કરી નાખે છે.

આ તૃષ્ણા મરે નહિ ત્યાં સુધી આપણા દુઃખનો અંત નથી. અને એ તૃષ્ણા મરી ગઈ એટલે દુઃખનું કંઈ કારણ નથી. પછી જે સ્થિતિ રહે છે એ જ આપણો વારસો. એ સ્થિતિ કેવી હશે એની ચર્ચા આજે શા માટે? રોગ મટી ગયા પછી શું થશે? શું થવાનું હતું? કલ્યાણ જ.

એ સ્થિતિનું નામ તે નિર્વાણ. મુક્ત થયેલા બધા જીવોનું એ જ ધામ.

પણ આ જ્ઞાન સાંભળશે કોણ? આ ઓસડ લેશે કોણ? આ પંથે ચાલશે કોણ? આખી દુનિયા તૃષ્ણાની પાછળ પડી છે. તૃષ્ણાનો નાચ ચાલ્યાં જ કરવાનો. અરેરે, ત્યારે શું કોઈનો ઉદ્ધાર થવાનો જ નથી? આટલી મહેનતે મેળવેલું ઓસડ શું એળે જ જવાનું?

તે કરુણામૂર્તિએ ફરી વિચાર કર્યો. પ્રસન્ન હૃદયમાંથી જવાબ મળ્યો, 'જેઓ શુભ, સંસ્કારી છે તેમના પ્રત્યે મૈત્રીભાવ રાખીએ; જેઓ વૈભવશાળી છે તેમના તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદિતા કેળવીએ, એટલે કે તેમનું સુખ જોઈ રાજી થઈએ; જેઓ દુઃખી અથવા દુઃસ્થિત છે તેમનો કંટાળો કે તિરસ્કાર નહિ કરતાં તેમના તરફ કરુણાભાવ રાખીએ; અને જેઓ દુષ્ટ વૃત્તિવાળા છે, જેઓ જ્યાં ત્યાં દ્રોહ જ ફેલાવે છે ને અકારણ વૈર રાખે છે તેમના પ્રત્યે કાંઈ નહિ તો ઉપેક્ષાભાવ રાખીએ તો આખી દુનિયામાં વિજય જ છે.'

આ ચાર વૃત્તિ તે જ બ્રહ્માનાં ચાર મુખ. આ ચાર મુખમાં જ ચારે વેદ સમાયેલા છે એમ જોઈ બુદ્ધ ભગવાન દુનિયાની સેવા કરવા ઊપડયા, અને ધર્મચક્ર ફરવા લાગ્યું.

૩

જેમની પાસેથી કરજે કાઢીને આટલું જ્ઞાન મેળવ્યું તેમના બોજામાંથી પ્રથમ મુક્ત થવું જોઈએ. પેલા શિષ્યો જેમણે બુદ્ધ ભગવાનને આહાર કરતા જોઈ તેમનો ત્યાગ કર્યો હતો તેમની પાસે પ્રથમ તેઓ ગયા. પછી તો શું? દરેક દુઃખી માણસ તેમની પાસે આવવા લાગ્યો. બ્રાહ્મણો આવ્યા અને હજામો આવ્યા, જોગી આવ્યા અને જતી આવ્યા, શ્રીમંત આવ્યા અને દરિદ્રીઓ આવ્યા; જેમની પાસે હજારો શિષ્યો હતા એવા અભિમાની ગુરુઓ આવ્યા, અને જેમની પાછળ પોતાનું મન કે શરીર પણ ન ચાલે તેવા દૂબળાઓ પણ આવ્યા.

સંઘ વધ્યો અને સંઘની સેવા કરનાર ગૃહસ્થો પણ વધ્યા. મોટા મોટા વિહાર બંધાયા, મોટમોટા રાજાઓ બુદ્ધ ભગવાનની સલાહ લેવા આવવા લાગ્યા, અને પ્રજાના આગેવાનો પણ તેમની પાસે ઉન્નતિના મંત્ર સાંભળવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાજર થવા લાગ્યા. યક્ષ, ગંધર્વ, કિન્નર સૌને નિર્વાણનો રસ્તો મળ્યો, અને ધર્મચક્ર પૂર જોસમાં ફરવા લાગ્યું.

૪

બિચારી યશોધરાનું શું થયું હશે? રાહુલને કોણ લાડ લડાવતું હશે? રાજા શુદ્ધોદનને બીજો દીકરો થયો હતો, પણ સિદ્ધાર્થને તે કેમ ભૂલી શકે? એણે પોતાના દીકરાની કીર્તિ સાંભળી તેને બોલાવવા એક દૂત મોકલ્યો. પણ એ પાછો જાય જ શાનો? એ દૂત તો શિષ્ય બની સંઘમાં દાખલ થઈ ગયો. બીજો દૂત ગયો, તેની પણ એ જ દશા. હવે ત્રીજું કોણ જાય? આખરે વૃદ્ધ અમાત્ય ગયા. ભગવાનના સત્સંગનો એક વરસનો આનંદ અનુભવ્યા પછી તેને રાજાનું કહેણ યાદ આવ્યું, અને એ બુદ્ધ ભગવાનને પિતાને ત્યાં લઈ ગયો. બુદ્ધે ચિરવિધુરા યશોધરા, બાળક રાહુલ અને વૃદ્ધ શુદ્ધોદન બધાંને ઉપદેશ આપ્યો, અને ભિક્ષાએ ઊપડ્યા. કેટલી શરમ, કેટલી નામોશી, કે રાજાનો દીકરો શેરીએ શેરીએ ભિક્ષા માગવા જાય છે! રાજાએ કહ્યું, "દીકરા, આપણી કુળપરંપરામાં ભિક્ષા નથી." દીકરો કહે, "રાજન્, તમારી કુળપરંપરા જુદી છે. મારી કુળપરંપરા બોધિસત્ત્વોની છે. તેઓ હમેશાં ગરીબો સાથે રહેતા આવ્યા છે, અને ગરીબોએ જ સ્વેચ્છાથી આપેલું અન્ન ખાતા આવ્યા છે."

૫

મહાપ્રજાપતિએ વિચાર કર્યો કે બહેન તો દીકરાને જન્મ આપી મરી ગઈ. તે દિવસથી સિદ્ધાર્થને મેં ઉછેર્યો. આજે એ જ દીકરો દુનિયાનો ઉદ્ધારક બન્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું કેમ એની પાસે જઈ દીક્ષા ન લઈ શકું? શાક્યકુળની ઘણી રાજકન્યાઓ મહાપ્રજાપતિ સાથે બુદ્ધ ભગવાનને મળવા ઊપડી. મુસાફરીનાં કષ્ટો વેઠતાં તેમના પગ સૂજી ગયા. તેમણે બુદ્ધ ભગવાનને વિનંતી કરી કે અમને પણ સંઘમાં સ્થાન આપો. ભગવાને કહ્યું, "તે ન બને. મારો સંઘ બગડી જશે." સ્ત્રીઓમાં ભારે નિરાશા ફેલાઈ, એટલે બુદ્ધ ભગવાનના પ્રિય શિષ્ય અને સેવક આનંદે પૂછ્યું, "ત્યારે શું ભગવન્, સ્ત્રીઓને માટે ધર્મનો સાક્ષાત્કાર અશક્ય છે?" બુદ્ધ ભગવાને કહ્યું, 'એમ નથી. તેઓ પણ નિર્વાણનાં સરખાં જ અધિકારી છે, તેમને પણ ધર્મ જાણવાની બુદ્ધિ છે." આખરે બુદ્ધ ભગવાને સ્ત્રીઓ માટે એક નોખો સંઘ સ્થાપ્યો. એ સંઘમાં પણ અત્યંત ધર્મનિષ્ઠ અને અધિકારી વ્યક્તિઓ થઈ ગઈ.

આયુષ્યનાં એંશી વર્ષ સુધી ધર્મનો ઉપદેશ કરી, કુશીનારા નામના સ્થાન પર તેમણે પોતાનો પવિત્ર દેહ છોડ્યો. ધીમે ધીમે બુદ્ધ ભગવાનનો ઉપદેશ પૃથ્વી પર ફેલાવા લાગ્યો. પાટલિપુત્રના મહાન રાજા અશોકવર્ધને બૌદ્ધ ધર્મોપદેશકોને દેશદેશાંતરમાં મોકલી તથાગત (બુદ્ધ ભગવાન)નો ઉપદેશ આખી દુનિયાને સંભળાવ્યો. આજે ચીન, જાપાન, બ્રહ્મદેશ, સિલોન વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મ ચાલે છે. અને બુદ્ધ ભગવાનનો ઉપદેશ તો દુનિયા આખીના વિચારવાન લોકોને ગળે ઊતરવા લાગ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

અન્ત્યજોનાં દુઃખની કહાણી

એક અન્ત્યજશાળામાં ભણતું બાળક એક દિવસ માંદું થયું. છોકરો નાની ઉંમરનો, બુદ્ધિશાળી અને યોગ્ય તબિયતને પરિણામે મહેનતનો બદલો આપે એવો. ઢેડવાડો ગામથી ઘણો દૂર, દવાખાનાથી તો એથીયે વધારે દૂર. એક વિધવા માતા અને સરખી ઉંમરનો એક ભાઈ, એ એનું કુટુંબ. દવાખાનામાં કલાકો ગાળે ત્યારે પણ ભાગ્યે જ દાદ મળે, અને દવા મળે તે પણ જાણે અન્ત્યજોને માટેની. રોગ બહુ સાધારણ હતો, ફક્ત સહેજ સંભાળની જ જરૂર હતી. એક સાંજે દવા લેવા ગયેલી માતા પાછી વળતાં અંધારામાં ભૂલી પડી અને રસ્તો શોધતી ઘેર પહોંચીને દીવો પ્રગટાવી જુએ તો કંગાલ પથારી પર બાળકનું જીવ વગરનું શરીર પડેલું! બીજી સવારે રિવાજ પ્રમાણે ઘરના આંગણા પાસે જ તે બાળકને દફન કરવામાં આવ્યું. તે સાંજે તે એકલો રહેલો ભાઈ, મરેલાની કબર તરફ આંગળી કરી પાસે ઊભેલા એક પરિચિત જનને કહેતો હતો, "આ મારો ભાઈ, પરમ દહાડે તો નિશાળે ગયો હતો!" એ વધારે બોલી શક્યો નહિ.

* * *

અમારા લત્તામાં એક ભંગીનો છોકરો રસ્તા સાફ કરે છે. આઠનવ વરસનો એ બાળક બહુ મીઠાબોલો, દેખાવડો અને સ્વચ્છ ટેવવાળો છે. ઊંચી જ્ઞાતિઓના સરખી ઉંમરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકો સાથે વિચાર, વાણી અને વિવેકમાં હરીફાઈ કરી શકે. તેને એક દિવસ પૂછવામાં આવ્યું, "તને કેટલો પગાર મળે છે? તું ભણતો કેમ નથી? વણવાનું કામ શીખવું છે?" તેના જવાબમાં તેણે જણાવ્યું, "નિશાળ બહુ દૂર પડે છે અને અમારાથી વણવાનું કામ ન થાય. હાલ ચાર રૂપિયા મળે છે, પણ નોકરી મૂકી દઉં તો ઉપરીઓ મારાં માબાપને અને મને મારે અને હેરાન કરે, કેમ કે વાળવાવાળા મળતા નથી. વળી મોટો થઈશ ત્યારે છ રૂપિયાનો મહિનો મળશે!"

* * *

કાઠિયાવાડના એક રેલવે સ્ટેશન પર ટ્રેન એક મધરાતે આવી. બે મિનિટ જ રોકાવાની હતી. ઉતારુઓ કોઈ સૂતા હતા. અને જે બેઠા હતા તેઓએ એક ગરીબ, લાચાર અને ચિન્તાતુર દેખાતી સ્ત્રીને ઉતાવળે પગલે ડબે ડબે દોડતી જોઈ. પોતે અન્ત્યજ છે એ હકીકત છુપાવવાની કળા હજી એ લોકોનો મોટો ભાગ નથી શીખ્યો. "આ સેકંડ ક્લાસ છે," "આ રિઝર્વ્ડ છે," "ઠેઠના ડબામાં જા," વગેરે અવાજો સાંભળતી એ બાઈ બને તેટલી હિંમત જાળવી રાખી આખી ગાડી ફરી વળી, અને પછી ગાડી ચાલતી જોઈ ત્યારે તેનાં આંસુઓ ન રોકાયાં. ચાલતી ગાડીએ એક ઉતારુએ તેની બૂમ સાંભળી, "ટાઢથી થરથરતી ગામડેથી ચાલતી આવી'તી. મેં ટિકિટ લીધી છે. મારો દીકરો બહુ માંદો છે તેને મળવા—"

* * *

"અમને ગરીબોને વગર અપરાધે ગામબંહાર કાઢયાં છે અને અમારી ફરિયાદ કોઈ સાંભળતું નથી. અમારાં માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખી થઈને ગામ છોડી જાય છે. અમારાં ઝૂંપડાંઓનાં લાકડાં દર વરસે ઊધઈ ખાઈ જાય છે અને અમારા સૂતરમાં અને લોટમાં પણ આવી પડે છે. રાત્રે એકલા ઘેર નથી અવાતું. પાઈ પાઈની ચીજ માટે ગામમાં જવું પડે. ચોરી કે લૂંટ થાય તેની સામે કંઈ ન બને. દવા વગર માણસો હેરાન થાય. કોલેરામાં અને ઇન્ફ્લ્યુએન્ઝામાં પચીસ-પચાસ માણસો મરી જાય તોપણ કોઈ તપાસ ન લે. અમારી જૂની જગ્યા ગામને છેડે એમ ને એમ પડી છે. અમને ત્યાં રહેવાની, ઘર બાંધવાની રજા આપો. ઈશ્વર તમારું સારું કરશે." આ ભાવનગર જેવા શહેરના ઢેડ લોકની ફરિયાદ. અધિકારીનો છેવટનો નિર્ણય: "હું ઢેડવાડો એક ઇંચ પણ નજીક લાવવાનો નથી."

* * *

આવા આર્તનાદ તો ખૂણે ખૂણેથી આવે છે અને તેમાં માણસ માણસ પાસેથી યાચી શકે તેટલી દયા ઉપરાંત વધારે ઊંચી માગણી નથી. જગદ્ગુરુ જ્યારે ફરી વાર "પર્વત પરનું વ્યાખ્યાન" આપશે ત્યારે આવાં વાકયો તો તેમાં જરૂર સંભળાશે: "જેઓએ અન્ત્યજોને અપનાવ્યા છે તેઓને મારો આશીર્વાદ છે, કારણ કે તેઓએ અન્ત્યજ સ્વરૂપમાંયે મારો સ્વીકાર કર્યો છે;" અને "જેઓએ અન્ત્યજોના તિરસ્કારનું પાપ કર્યું છે તેમને માટે પ્રાયશ્ચિત્ત નથી, કારણ કે તેઓએ મારા બંધુઓથી મને વિખૂટો પાડ્યો."

કપિલ ઠક્કર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ દ દ

દેવો, મનુષ્યો અને અસુરો ત્રણે એક જ પિતાનાં સંતાન. પ્રજાપતિએ નાનપણમાં એમનું લાલનપાલન ખૂબ કરેલું. જ્યારે તેઓ ભણવાલાયક થયા ત્યારે પિતા પાસે જ, પણ શિષ્યભાવે રહેવા લાગ્યા. તેઓએ વિદ્યાભ્યાસમાં અમુક વખત ગાળ્યો અને ગુરુની ખૂબ સેવા કરી. સામાન્ય કેળવણી પૂરી થયા પછી દેવોએ પિતાગુરુ પાસે જઈને કહ્યું, "હવે અમને અમારે લાયક કંઈ ખાસ શિખામણ આપો; અમને દીક્ષા આપો." ગુરુએ તેમને મંત્ર આપ્યો: 'દ.' આ એકાક્ષરી મંત્ર સાંભળીને તેઓ સંતુષ્ટ થયા. ગુરુએ તેમને પૂછ્યું, "કેમ મંત્રાર્થ બરાબર સમજ્યા છો ને?" દેવોએ કહ્યું, "જી હા, અમે બરાબર સમજ્યા છીએ. આપે અમને દમન કરવાનું કહ્યું. અમે અમારી ઇન્દ્રિયોને વશમાં રાખીએ, સંયમ પાળીએ એ જ આપનો ઉપદેશ છે ને?" "હા, એ જ, એ જ મારા કહેવાનો ઉદ્દેશ હતો," એમ સંતુષ્ટ ગુરુએ જવાબ વાળ્યો. "તમે બરાબર સમજ્યા છો. એ આદેશનું પાલન કરજો. તમારું ભલું થશે."

આપણે જાણીએ છીએ કે દેવો સ્વર્ગમાં રહે છે, અપ્સરાઓના નાચ જુએ છે અને અમૃત નામનું પીણું પીએ છે. આ મોજીલા દેવો ઇન્દ્રિયો વશ રાખવાનો પ્રયત્ન કરે, સંયમ પાળે તો જ તેમનું કલ્યાણ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવો પછી આવ્યા મનુષ્યો. એમણે પણ પ્રજાપતિ પાસેથી પોતાને લાયક શિખામણ માગી. એમને પણ ગુરુએ 'દ' એ જ એકાક્ષરી મંત્ર આપ્યો. મનુષ્યોએ પોતાના દોષનો વિચાર કરી તેની સામે જ આ ઉપદેશ હોવો જોઈએ એમ અનુમાન કર્યું. જ્યારે ગુરુએ પૂછ્યું "તમે બરાબર સમજ્યા તો છો ને?" ત્યારે મનુષ્યોએ કહ્યું, "કેમ ન સમજીએ. આપે અમને કહ્યું કે દાન કરો, લોભ ન કરો." પ્રજાપતિ રાજી થયા. તેમણે કહ્યું, 'બરાબર. માણસ દાન કરે, સંતોષ કેળવે, વ્યર્થ સંગ્રહ ન કરે તો જ આ પૃથ્વી પર સુખેથી રહી શકે."

છેલ્લો વારો આવ્યો ક્રૂર અસુરોનો. તે પણ પ્રજાપતિ પાસે ગયા. તેમને પણ ખાસ દીક્ષા જોઈતી હતી. "અમને કંઈક કહો," એમ કહેતાંવેંત ગુરુએ ભણ્યું 'દ.'

અલ્પબુદ્ધિ અસુરો સમજશે જ એવી ગુરુને ખાતરી નહોતી. પણ અસુરોએ ભણવામાં કચાશ રાખી નહોતી. તેઓ પણ તરત સમજી ગયા કે આપણી કઠોરતા ઉપર આ પ્રહાર છે. "તમે શું સમજ્યા?" એમ પ્રજાપતિએ પૂછ્યું. "દયા કરો એ જ આપનો ઉદ્દેશ હોઈ શકે ને? અમે શું ઓછી હિંસા કરીએ છીએ? અમારા ત્રાસથી ધરતી આખી ધ્રૂજી ઊઠે છે. હવે પછી અમે જરૂર દયા કેળવીશું." આનંદમાં ગુરુ ઊચર્યા, "ધન્ય છે તમને. તમે એટલું સમજો કે વેરથી વેર શમતું નથી, દયાથી જ શમે છે તો તમારે બીજું શું જોઈએ છે? તમારી પાસે પરાક્રમ છે, ઉત્સાહ છે, બુદ્ધિશક્તિ છે. બધાં પ્રાણીઓ પ્રત્યે હૃદયમાં લાગણી રાખો એટલું જ જરૂરનું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન પ્રજાપતિની એ અદ્ભુત શિખામણ આકાશના મેઘોએ સાંભળી. અને તે દિવસથી આજ સુધી તેઓ ગંભીર ગર્જના કરી એ જ પ્રાચીન અને સનાતન ઉપદેશનો અનુવાદ કરે છે: દ દ દ — દમન કરો, દાન કરો, દયા કરો.

૧૬

દેવી કંઈ તમારા ઘરની ચાકરડી નથી

લીલાધર એક મોટો નામાંકિત ગવૈયો હતો. ગાયન, વાદન અને નર્તનની અંદર આસપાસ સો સો માઈલમાં તેની જોડ નહોતી. રામદેવ મહારાજાએ મહા મુસીબતે એની પ્રીતિ સંપાદન કરી અને એને પોતાના દરબારમાં લાવીને રાખ્યો. રામદેવ લડાઈમાં પડ્યા પછી વૃદ્ધ લીલાધર રામદેવના પાટવી કુંવર મદનપાલના દરબારમાં રોજ ગાયન, વાદન અને નર્તન ચલાવતો.

મદનપાલને સંગીતનો એટલો બધો શોખ નહોતો. એક દિવસ સરખેસરખા દોસ્તોની ટોળી મળી અને એ દોસ્તોએ મદનપાલને લીલાધરનું ગાયન સંભળાવવા આગ્રહ કર્યો. મદનપાલે દોસ્તોને રાજી કરવા લીલાધરને બોલાવ્યો અને કહ્યું, "ઉસ્તાદજી, એકાદ ભૈરવી કે સારંગ થવા દો." લીલાધરે નમ્રતાપૂર્વક કહ્યું, "બાપુ, અત્યારે ભૈરવી કે સારંગ એકેનો સમય નથી." મદનપાલનો મિજાજ ગયો. એણે અવાજમાં જરા અધિકારની છટા લાવીને કહ્યું, "એ તમારે જોવાનું નથી. અમે કહીએ છીએ ને! તમે તમારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાઓ." વૃદ્ધ લીલાધરની દશા સૂડી વચ્ચે સોપારીના જેવી થઈ. રાજા રામદેવરાજે પોતાનું અનેક વાર કેટલું સન્માન કરેલું, અનેક મુશ્કેલીને પ્રસંગે કેટલા ઉપકાર કરેલા એ આ નિમકહલાલ સેવકની સામે આવીને ખડા થયા, અને તેને મનમાં થયું કે એ જ રામદેવરાજાના કુંવરને ના પણ કેમ પાડી શકાય?

પણ મહારાજાની ગાદીને માટે આ સ્વામિભક્ત સેવકને ઘણું અભિમાન હતું અને રામદેવરાજને સ્વતંત્રતા કેટલી વહાલી હતી એ પણ તે જાણતો હતો. પ્રાણ ગયો ત્યાં સુધી રામદેવરાજે કોઈના ખંડિયા તરીકે પોતાને ગણાવા દીધો નહોતો.

એક અડધી ઘડીની અંદર આ વિચારો લીલાધરના મનમાં આવી ગયા. તેણે તરત જ પોતાના હાથમાંની સારંગી હળવે રહીને જમીન પર સુવાડી દીધી અને ભરદરબારમાં તે ઊભો રહ્યો. ઘડપણને લીધે કે મનની અંદર મચેલા ખળભળાટથી એના પગ થરથર કંપતા હતા. ગંભીર અવાજથી તે બોલ્યો, "અન્નદાતા, ધ્યાન દઈને મારાં વચન સાંભળજો. કોઈને આશ્રયે રહેવું એ માણસને ગમતું નથી અથવા ગમવું ન જોઈએ. પણ આપ તો હજારોના પાલક રહ્યા અને મેં આપનો આશ્રય ગ્રહણ કર્યો છે, એટલે જે આપ ફરમાવો તે મારે શિરને સાટે છે. મહારાજાની મોજ આવે ત્યારે પોતાની મરજી નામરજી ન જોતાં ગાવાની આ દાસની ફરજ છે એ ખરું, પણ મહારાજનું ફરમાન થાય એટલા માટે ફાવે તે વખતે ફાવે તે રાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાવાનું નહિ બને. જે સરસ્વતીની હું આરાધના કરું છું એ કાંઈ હજૂરના ઘરની ચાકરડી નથી. તેની અવજ્ઞા કરવાથી તેનો શાપ જેમ મારા ઉપર ઊતરશે તેમ હજૂરને પણ નડશે. મહારાજ, હું આપની રજા લઉં છું. મને માફ કરશો. એટલું કહેતો જાઉં છું કે આજથી બીજા કોઈની સામે આ દેહે ગાયન નહિ ગાઉં; મને ગાદીનું પૂરું અભિમાન છે."

ડોસો કાશીની જાત્રાએ ચાલ્યો ગયો. "કોઈને આશરે રહેવું કોઈને ગમે જ નહિ — અથવા ગમવું ન જોઈએ. મને ગાદી માટે અભિમાન છે," એ લીલાધરના છેવટના શબ્દો મદનપાલના ઉપર કેવા સજ્જડ ચોંટી ગયા, તે કેવો અસ્વસ્થ બની ગયો, અને એક વરસની અંદર તૈયારી કરીને શત્રુને હરાવી 'ખંડિયા'પણાનો ડાઘ તેણે કેવો ધોઈ નાખ્યો એ કહેવાની જરૂર નથી. નાનાં અને મોટાં સૌમાં લીલાધરના જેવી વૃત્તિ જાગ્રત થાય તો એક વર્ષમાં સર્વત્ર સર્વોદય જોઈ શકીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

શાન્તિદાસ

ચરોતરમાં મહેમદાવાદથી પાંચ સાત ગાઉ ઉપર પાટીદારની વસ્તીનું એક જૂનું ગામ છે. મૂળ એ ગામ નરવાનું હતું, પણ પચાસ પોણોસો વરસથી નરવો તૂટ્યો છે, ને નવી સરવે પ્રમાણે ખાતાબંધી વહીવટ ચાલે છે.

ગામમાં ઉજળિયાત વસ્તી સારી છે; આશરે બસો ઘર પાટીદારનાં છે. બીજાં વાણિયા, બ્રાહ્મણ તથા વસવાયાનાં છે. ગામના લોક મહેનતુ ને સંપીલા છે. ગામમાં ઘણું દેવું નથી. શાહુકાર વાણિયા ધીરધાર કરતાં વેપારનો ધંધો વધારે કરે છે. ગામનો ચોરો રૈયતે બાંધેલો મોટો વિશાળ છે, હિંદુઓનું મંદિર પણ સારું છે, ને એક ધર્મશાળામાં વટેમાર્ગુ તથા સાધુસંત ઊતરે છે; તેથી ઠેઠ કાનમ લગી ગામની આબરૂ પણ સારી છે.

કણબીની વસ્તીમાં મોટું ને મોભાવાળું ઘર શાન્તિદાસ પાટીદારનું છે. તેમના બાપને સાત દીકરા હતા. તે બધા હાલ જુદા જુદા રહે છે. સાતે દીકરાને વાડીવસ્તાર સારો થયો છે. શાન્તિદાસને છ દીકરા છે; તેમાંના મોટા પાંચ ધંધે વળગી ગયા છે, પણ નાનો ભિખારીદાસ હાલ નોકરી ખોળે છે. આશરે દસેક વરસ ઉપર શાન્તિદાસની વહુના મનમાં એમ આવ્યું કે મારા છ દીકરામાંથી નાનો દીકરો અંગ્રેજી ભણે ને સરકારી નોકરીએ વળગે તો કેવું સારું! વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોપીવાળાની મહેરબાની થાય તો ચડતાં ચડતાં એ તો કુમાવીસદાર થઈ જાય, ને આપણે ઘેર આખા પરગણાની હાકેમી આવે. શાન્તિદાસના મનને આ વાત ભાવી નહિ. હાલ અઢારે વરણ અંગ્રેજી ભણતર ભણવા માંડે છે, તેમાં ઘણા અધવચ મૂકી દે છે, ને થોડા જ ઠેઠ લગી પહોંચે છે. વળી જે થોડા ભણી ઊતરે છે તેમને બધાને કુમાવીસદારી મળતી નથી, એ વાત શાન્તિદાસ સારી પેઠે સમજતા હતા. પણ છોકરો છેલ્લા ખોળાનો હતો, ને આટલી ઉંમરે ઘરનાં બૈરાંને નાખુશ કરવાં એ પણ ઠીક નહિ, એમ એમણે વિચાર્યું. વળી એમના હૈયામાં એમ પણ ખરું કે પરમેશ્વરને કરવું હોય ને છોકરાનું નસીબ ઊઘડે તો છોકરાની માના કોડ પૂરા પડે ને ઘડપણમાં આપણા સુખમાં મણા ન રહે. એટલે પહેલાં તો જરા એમણે બૈરાંનું કહ્યું ગણકાર્યું ન ગણકાર્યું એમ કર્યું; પણ છોકરાની માએ એ વાતની કેડ મૂકી નહિ, તેથી હારીને અંતે તે હા ભણ્યા. સારું મુહૂર્ત જોઈને અંગ્રેજી ભણાવવા ભિખારીદાસને અમદાવાદ વદાય કર્યા. અંગ્રેજી વિદ્યા ભણવી સહેલી નથી. તેમાં વળી સરકારના કાયદા, વળી તેમાં ઘોરણ ને ફોરણ, ને પરીક્ષાઓ, તેથી ભણતાં ભણતાં ઘણા દહાડા લાગ્યા, તેથી કોઈ કોઈ વાર શાન્તિદાસને અકળામણ પણ આવે. દર માસે ખાધાખાઈ તથા ફીના દસબાર રૂપિયા અમદાવાદ મોકલવા પડે તે મોટા કબીલાદાર આદમીને ભારે પડતા. પણ વરત લીધું તે પૂરું કરવું; હવે અધૂરું ભણતર મૂકવાથી કાંઈ લહાણ નથી એમ સમજી તે કાંઈ બોલતા નહોતા. અન્તે સાતે વરસે ભિખારીદાસ મેટ્રિકની પરીક્ષા પાસ થયો; તેની ખબર આવતાં શાન્તિદાસને ઘણું સારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યું, ને છોકરાની મા તેથી વધારે હરખાયાં, ને કહે કે "હું કહેતી નહોતી કે મારો ભીખો નામ કાઢશે? કાંઈ પૈસા ઉગાયે કામ થાય? જ્યારે મૂળાનાં પતીકાં જેવા ખર્ચ્યાં છે, ત્યારે મારો છોકરો નાગરના છોકરાને ટક્કર મારે તેવો થયો છે."

એ પ્રમાણે ભીખાની મા સૌ આગળ ફુલાય. ભીખાની પરીક્ષા ઊતર્યાના સમાચાર આવ્યા એટલે તેમણે ગામમાં ગોળ વહેંચ્યો, માતાને વધામણાં દીધાં, ને ઘેર નૈવેદ કર્યા; બ્રાહ્મણ તથા સગાંસ્નેહીઓને જમાડયા, અને સૌ આશરાગતિયાને પણ સંતોષ્યા. ભીખો ગામમાં આવ્યો ત્યારે ગામના સૌ લોક તેને બોલાવવા આવ્યા. તેઓ શાન્તિદાસને કહે કે "હવે બાપા, અધૂરું ન રાખશો; હવે તો ભિખારીદાસને મુંબઈ મોકલો. બે પૈસા દેવું થશે તો જરબાજરીનો રોટલો ખાઈ પેટે પાટા વાળી દેવાશે; પણ હવે તો એને મુંબઈ મોકલો."

એમ બધા ઘણો આગ્રહ કરીને કહેવા લાગ્યા. શાન્તિદાસ ખાતાપીતા ગૃહસ્થ હતા. તેમની ખેતી મોટી હતી તથા ઢોરઢાંખર મસ હતાં, ને દાણોદૂણી પણ ઘણું રાખતા. પણ નગદ પૈસાનું બહુ જોર એમની પાસે નહોતું, એટલે મુંબઈ મોકલવાનું તેમનું મન ઢચુપચુ થતું હતું. પણ છોકરાનો, તેની માનો તથા આખા ગામનો આગ્રહ જોઈ તેમણે પણ અન્તે નમતું મૂક્યું ને ભિખારીદાસને મુંબઈ ભણવા રાખવાનો વિચાર નક્કી કર્યો. ને ખરચ સારુ ગામના શાહુકાર વનમાળીદાસને ત્યાંથી પ્રથમ રૂપિયા સોનો ઉપાડ કર્યો. વદાય થતા પહેલાં ભિખારીદાસને કોરે બોલાવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું, "ભાઈ, મારી પાસે પૈસા નથી; મુંબઈ તો ઇંદ્રપુરી જેવું છે, ત્યાં ભાતભાતની જણસો મળે છે, તરેહ તરેહના શોખ ત્યાં થઈ શકે છે; માટે તું જો નીતિથી રહી નીચું માથું ઘાલી અભ્યાસમાં જ મન રાખવાનું કબૂલ કરે તો હું મોકલું, નહિ તો ખર્ચ વેઠવાનું મારું ગજું નથી, માટે એ વિચાર આપણે માંડી વાળો."

ભીખાએ પોતાના બાપને પગે હાથ મૂકીને કહ્યું કે "ભા, હું એક પાઈ પણ નકામી નહિ ખરચું. અઢાર વરસનો થયો ને શું હું સમજતો નથી કે આપણા ઓરડામાં શું છે ને શું નથી?"

સરકારી કૉલેજ ઊઘડતાં ભિખારીદાસ મુંબઈ જઈ તેમાં દાખલ થયા, ને અભ્યાસ શરૂ કર્યો. થોડા દહાડા તો બાપની શિખામણ ને પોતાનું વચન હૃદેમાં રાખી ભિખારીદાસે ખૂબ મહેનત કરી. પછી ત્યાં જૂના થતા ગયા ને છોકરાઓનો સહવાસ વધવા માંડયો. ત્યાંના પારસીના છોકરાઓના ચળકતા બૂટ જોઈ એમના મનમાં વારંવાર એમ થતું કે, આપણે એવા બૂટ હોય તો કેવું સારું! એવા મનના ઉછાળા ઉપરાઉપરી થાય, ને ભિખારીદાસ તેને દાબી દે; પણ વળી પાછું ફરી ફરીને બૂટનું મન થાય. એમ કરતાં કરતાં કેટલાક દહાડા વહી ગયા. પણ છેવટે ભિખારીદાસનું મન રોકયું રહ્યું નહિ. તેમણે વિચાર કર્યો કે આપણે વરસે દહાડે ત્રણસો રૂપિયા ખરચીએ છીએ, તેમાં ત્રણ ચાર રૂપિયાના વિલાયતી બૂટ લેવામાં કાંઈ વધી જવાનું નથી. બીજી ગમે તે રીતે કસર કરીશું તો એટલા રૂપિયા ઊગરશે; એટલે બાપાનું મન પણ રહેશે, આપણું વચન પણ જળવાશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને આપણા જીવને ભાવતી વસ્તુ પણ મળશે. એમ વિચાર કરી તેણે વિલાયતી બૂટની એક જોડ લીધી. તે પહેરીને ચમચમ કરતા ફરે, ને બૂટ સામું જોઈ મલકાઈ મલકાઈ જાય !

ચાર મહિને કૉલેજ બંધ થઈ ત્યારે ભીખાભાઈ પાછા ગામે આવ્યા. સગુંવહાલું, ગામલોક, સહુ બબ્બે ગાઉ એમને લેવા સામું આવ્યું હતું. ભાગોળે આવ્યા ત્યારે ભીખાભાઈ ગાડામાંથી ઊતર્યા, પણ ઊતરતાં પહેલાં પેલા વિલાયતી બૂટ કાઢી પહેર્યા, ને ચમચમ કરતા સૌથી આગળ ચાલ્યા. સૌ કહે, "કેમ ભાઈ આવ્યા કે, કેમ ભાઈ આવ્યા કે? સારા છો? કુશળ છો?" ત્યારે એ હળવે રહી કહે, "હા–હા." ગામના છોકરા પણ એમને જોવા આવ્યા હતા, કેમ કે એ ગામમાંથી મુંબઈ ભણવા સારુ આ પહેલાં કોઈ ગયું નહોતું, ને ભીખાભાઈ મુંબઈ જઈ આવ્યા એ મોટી નવાઈ હતી.

ગામમાં આવ્યા પછી સાંજ સવાર હવા ખાવા ભિખારીદાસ નીકળે ત્યારે પેલા બૂટ પહેરીને જાય. તે જોવાને ગામના બધા જુવાનિયા નીકળે. શાન્તિદાસના બીજા દીકરાઓના તથા દીકરીઓના દીકરા મળી આશરે પંદર વીસ હતા. થોડા દિવસ વીત્યા નહિ એટલામાં તેઓએ પોતપોતાની મા પાસે એવા બૂટ સારુ કંકાસ કરવા માંડ્યો. શાન્તિદાસના ભાઈઓના ઘરમાં પણ બૂટ વાસ્તે ક્લેશ થવા લાગ્યો. ગામના બીજા કણબી વાણિયાના છોકરાઓને પણ એવા બૂટનું મન થયું. બધા છોકરાઓની માઓ પોતપોતાના છોકરાઓ ભણીની તાણ કરે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાયડાઓ એ માને નહિ. એમ બધાં સારાં ઘરમાં થોડો થોડો કંકાસ પેઠો. નિતની કળકળથી ભાયડાઓ છેવટે હાર્યા. એકે એકે સૌ એવા બૂટ મંગાવવા લાગ્યા. દર ફેરે જ્યારે છૂટી પડે ત્યારે ત્યારે ભિખારીદાસ મુંબઈથી પાછા આવે; ને હરવેળા જ્યારે આવે ત્યારે ગામના લોકના છોકરાની પચીસ ત્રીસ વિલાયતી બૂટની જોડો લેતા આવે! એમ બે ત્રણ વરસ વીતી ગયાં, ને ગામમાં બીજી પૂંજી વધી હોય કે નહિ, પણ બૂટની પૂંજી તો ઘણી વધી! ગામમાં વિલાયતી બૂટની ત્રણસો જોડ થઈ. સાંજે બધા જુવાનિયા ખેતરે કે તળાવે ફરવા જાય ત્યારે એ બૂટ પહેરીને જાય, ને એવા બૂટવાળા છોકરાની હારની હાર આગળ પાછળ હરવેળા ગામમાં ફરતી દેખાય. તેથી કેટલાક લોકો માંહોમાંહે વાત કરે કે "ગામની શોભા સારી વધી." ત્યારે વળી બીજા કહે કે "એમાં શું કમાયા? ગામ વહેલું ભીખ માગશે."

વિલાયતી બૂટ લાંબા ટકતા નથી, ને વરસ દહાડાની માંહે ફાટી જાય છે, એટલે જતે દહાડે એમ થયું કે ભીખાભાઈ જવા નીકળે તે દહાડે તેમને ગામલોક દોઢસો બસો બૂટના પૈસા વળગાડે. આ પ્રમાણે બૂટનો ચાલ જબરો થતો ગયો, ને ગામને માથે રૂપિયા એક હજારનો વરસ દહાડે વેરો ચોંટ્યો!

એક વાર ભિખારીદાસ ઉનાળાની છૂટીમાં પાછા આવ્યા હતા, ને આંગણામાં ખાટલો ઢાળી પાછલે પહોરે બેઠા હતા. શાન્તિદાસ બાપા ઓટલે હાથમાં રૂપાની નેહવાળો હુક્કો ઝાલી રાખી ગુડગુડ કરતા હતા. બીજા થોડા પાટીદાર ને ગામલોક પણ ત્યાં સહેજ બેઠા હતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને વાતો કરતા હતા. વનમાળીદાસ પારેખ પણ ત્યાં આવ્યા હતા.

વનમાળીદાસ — બાપા, નવરાશે આપણું ખાતું આંખ તળે કાઢો તો ઠીક.

શાન્તિદાસ — કેમ વારુ ?

વનમાળીદાસ — આંકડો જરા વધતો જાય છે તે તમને ખબર હશે.

શાન્તિદાસ — લીધું વરત પૂરું કરવું જોઈએ. છોકરાને મુંબઈ મોકલતાં પહેલાં શી રીતે હતું ?

વનમાળીદાસ — ત્યારે તો તમારા સો પચાસ લહેણા રહેતા.

એમ વાતો ચાલતી હતી તેવામાં ગામના દસવીસ મોચી ભેગા થઈ આવ્યા. આવીને ફાળિયાં ઉતારી રાડ પાડવા લાગ્યા કે "બાપા, હવે તો બહુ થયું; હવે તો ખમા કરો તો સારું."

શાન્તિદાસ — શું છે ? વાત તો કહો.

મોચીઓ મધ્યેનો એક મોચી કે જેનું નામ સોમલો હતું તેને તેમણે કહ્યું, "સોમલા, તું ઠાવકો છે, તું વિગત માંડીને વાત કહે. તમારે શું જોઈએ છે ? ને તમારે શું દુઃખ છે ? સગી મા હોય તેને પણ કહીએ તો દુઃખ જાણે."

સોમલો — દુઃખ તો ઘણું છે; વણ વાંકે મરી જઈએ છીએ; પણ રોગ પ્રમાણે ઉપાય થાય તો કળ વળે; એ તમારા હાથમાં છે. બાપા, તમો ઉપાય કરો તો થાય, નહિ તો એકે ઉપાય નથી, ને અમારે જીવ્યાનો આરો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તિદાસ — કરારે તું બોલ. જો મારા હાથમાં હશે તો હું ઉપાય કર્યા વગર નહિ રહું.

સોમલો — બાપા, દુઃખ તો બહુ છે. જુઓ, અમારાં મોચીનાં તમારા ગામમાં વીસ ઘરાં છે. જ્યારથી ગામ વસ્યું ત્યારથી અમો તમારી પછવાડે પછવાડે વસ્યા છીએ, ને તમારે શરણે પડ્યા છીએ. અમે આજ લગી ગામ લોકોના જોડા ને કોસ સીવતા ને અમારો ગુજારો કરતા. વળી એકાદ વીઘું જમીન હોય તો ખેડીએ પણ ખરા; એમ કરી દહાડા કાઢતા. પણ આ બે વરસથી અમારું પૂરું થતું નથી ને છોકરાં ભૂખે મરે છે. ભીખો-બાપો જ્યારથી મુંબઈ ગયા ત્યારથી અમારા દુઃખનું મંડાણ મંડાયું. એ એક બૂટની જોડ લાવ્યા, એટલે અમને લાગ્યું ઠીક છે, એમાં શું માંહી? પણ હવે તો ગામમાં લગભગ એવી ચારસો પાંચસો વિલાયતી બૂટની જોડ ખપે છે. અમો વરસમાં સો સો જોડ સીવીએ, એટલે મજૂરીના પચાસ પોણો-સો રૂપિયા કમાઈએ, ને અમારાં દસ બાર ઘરનો નિભાવ એથી થાય. હવે આ બૂટ આવ્યા એટલે એ જોડો ખપતી નથી. હવે પારસણોની પેઠે અહીંનાં બધાં બૈરાં જોડીઓ મૂકીને બૂટ પહેરશે તો બૈરાંનાં પગરખાં સીવવાનું કામ પણ અમારું જશે, ને જેટલા થોડા રોટલા રહ્યા છે તે પણ નહિ રહે. અમારો ગુજારો તો ગામલોક ઉપર હતો, પણ ગામલોક તો બૂટ પહેરે, એટલે આ દશા આવી. અમારાં છોકરાંને પેટ ભરી રોટલા પણ મળતા નથી. જો અમદાવાદના કે બીજા આપણા અહીંના ગામના બૂટ હોત તો અમારામાંથી કોઈ ત્યાં જઈ શીખી આવત; અથવા ન શીખત તો છેવટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે ભૂખે મરત, પણ અમારી નાત કે ધંધાવાળા બીજાને રોજી મળત, પણ આ તો વિલાયતી બૂટ, એટલે અમારો એકે ઉપાય નથી, ને અમારે કોઈ પણ રીતનું મન વાળવાનું નથી, ને આમ ને આમ ચાલશે તો બધાં મરી પરવારીશું.

ભિખારીદાસ — કેવા બેવકૂફ લોક છો ! તમારે વાસ્તે શું અમે બૂટ નહિ પહેરીએ ? માણસને ગમે તે પહેરવાની છૂટ છે. સાહેબ લોકો બૂટ પહેરે છે. મુંબઈમાં ઘણી વસ્તી બૂટ પહેરે છે, તે સૌ ગાંડા લોક હશે? બેવકૂફ લુચ્ચા લોક !

સોમલો — ગાંડા કે ઘેલા, પણ ભૂખે મરીએ ત્યારે શું કરીએ ?

ભિખારીદાસ — ભૂખે મરો છો તેમાં કોનો વાંક છે ? બીજો ધંધો કરો.

સોમલો — અમે મોચી તે બીજો ધંધો શું કરીએ ?

ભિખારીદાસ — દુનિયામાં ઘણા ધંધા છે. ગમે તે કરો.

સોમલો — શું અમો કુંભારનું કામ કરીએ કે દરજીનું કામ કરીએ કે લવારનું કામ કરીએ કે સોનીનું કામ કરીએ કે હજામનું કરીએ ? શું કરીએ, કહો ભીખાબાપા.

ભિખારીદાસ — ત્યારે મજૂરી કરો. મજૂરીમાં શું આવડવું છે ?

સોમલો — અમે કોઈ દહાડો મજૂરી ન કરેલી તે શી રીતે મજૂરી થાય ? મજૂરીમાં હાથપગમાં જોર જોઈએ. અમને ચાર પૈસા પણ કોણ આપે ?

ભિખારીદાસ — ત્યારે પૂરું ન થાય તો પરગામ જઈ વસો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમલો — આ ગામમાં અમારી વીસ પેઢી થઈ, ને હવે ઘરબાર મૂકીને ક્યાં જઈએ? અહીંનાં ઘર, નાતજાત શી રીતે ઉપાડી જઈએ? લેવું, દેવું, બધું અહીં રહ્યું, ને શી રીતે જવાય? બાપા, આટલું બધું અમને કહો છો, ત્યારે તમે વિલાયતી બૂટ ન પહેરો તો શું સત્યાનાશ વળી જાય? મોચી મજૂરી કરે, બીજો ધંધો કરે, ગામ છોડી જાય, તે કરતાં પાટીદાર વિલાયતી બૂટ ન પહેરે તો શું બગડે?

શાન્તિદાસ વચમાં બોલ્યા, "ભીખા, તું છાનો રહે. આ મોચી કહે છે તે વાત જાણવા જેવી છે. જુવાનિયા-વેડા કરી એને તરછોડીશ નહિ."

એટલામાં ગામના પારેખ જગજીવનદાસ આવ્યા. તે કહે કે "આ શી ભાંજગડ ચાલે છે?"

શાન્તિદાસ — મોચી રાડ પાડતા આવ્યા છે કે ગામમાં બૂટ આવ્યા, તેથી અમે ભૂખે મરીએ છીએ.

જગજીવનદાસ — હા, મોચી મને કહેતા હતા. બીજાં વસવાયાં પણ થોડી થોડી બૂમ પાડે છે. પૂંજીઓ કુંભાર કહે છે કે એણીવારના વરસે મોચી લોકોએ મારી નાળો સમૂળગી લીધી નથી. પશવો દરજી કહે છે કે મોચી લોકની સિલાઈ ઓણ મને મળી નથી. એ રીતે છે. માટે આપણે ચાર જણ મળીને વિચાર કરીએ તો સારું.

શાન્તિદાસ — કહો તો બધા કાલે મળીએ.

જગજીવનદાસ — ઠીક, હું બધાને કહાવીશ, ને રામનાથમાં કાલ પાછલા પહોરે મળીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દહાડે શાન્તિદાસ બાપા, એમના ભાઈ, ભત્રીજા, ગામના બીજા પાટીદાર, જગજીવન પારેખ, નાથાભાઈ મોદી, જુગલદાસ તલાટી, તુળસીરામ મહેતા વગેરે બધું ગામ રામનાથ મહાદેવમાં ભેગું થયું. ત્યાં વસવાયાં પણ વણતેડ્યાં પેટનાં બળ્યાં ભેગાં થયાં હતાં. સોમલો મોચી તથા બીજા મોચી તથા દરજીના ને કુંભારના આગેવાનો આગળથી આવ્યા હતા. બધાએ પહેલાં તો મોચીની વાત સાંભળી. ત્યાં ભીખાભાઈ પણ ગયા હતા. તેમણે અંગ્રેજી વિદ્યાનો આધાર બતાવીને એક મોટી બશેરિયા ચોપડી હતી તે ઉપરથી એક લાંબું ભાષણ કરવાની તૈયારી કરી હતી. તે ઊભા થયા અને બોલવા લાગ્યા, પણ એમના બાપ અને કાકા કહે, "બેસ બેસ, તું ભણી આવ્યો તે જાણ્યું. હજુ તો અમારું ખરચ ખાય છે! જ્યારે બે પૈસા કમાય, ને દુનિયા કેમ ચાલે છે તે સમજે ત્યારે તારું ભાષણ બહાર કાઢજે."

બધાં વસવાયાં વતી જગજીવન પારેખ પ્રથમ બોલ્યા. તે કહે કે "આ બૂટની મોંકાણે આઠ દસ મોચીનાં ઘરનો ધંધો બંધ પડ્યો છે, ને તેમને ખાવા પીવાની બહુ વેળા પડે છે. મોચી નરમ થયા એટલે તેમની ઘરાકીવાળા કુંભાર, દરજી વગેરે પણ નરમ થયા છે, ને બે પૈસા જેના લેણાદેણા છે તે શાહુકારનું લેણું ડૂબવા વખત આવ્યો છે, અને ધક્કો આખા ગામને લાગશે. કોઈએ એમ ન સમજવું કે આમાં મારે શી લેવાદેવા છે; બધાનું સારું હોય તો આપણે સારું, ને નરસું હોય તો આપણે નરસું. હું અમદાવાદ ગયો હતો, ત્યાં પણ આવાં ને આવાં રોદણાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોનીનાં ઘરેણાં વિલાયતથી તૈયાર થઈ આવે છે, ને તે એવાં આંખને ગમે તેવાં હોય છે કે આપણા ખરા દાગીનાને પણ કોરે મૂકે. એટલે સોનીનો ધંધો બાર આની થઈ ગયો છે. લવારનો ધંધો તો બિલકુલ બંધ પડી ગયા જેવો જ છે. લવાર મજૂરી કરે તેને અંગ્રેજી કારખાનામાં રોજ સારો મળે છે; પણ ચપ્પુ, કાતર ને ખીલા કરનારાનો તો બિલકુલ રોજગાર બંધ જ પડ્યા જેવો છે. વિલાયતી કાપડ કરોડો રૂપિયાનું આવે છે, તેથી સાળવી, વણકર, છીપા, આંધણીગર વગેરેનો ધંધો ગયો છે. લોક ઘણાં લૂગડાં પહેરે છે, તેથી દરજી ને ધોબી શહેરમાં તાજા દેખાય છે; પણ એકંદરે કારીગર તથા વેપારીને પરદેશી માલ આવવાથી અથાગ નુકસાન થયું છે. ને હજુ તો ક્યાં? શહેરમાં કોઈ ધણીધોરી નહિ એટલે વિટંબણા ભારે પડે છે. આપણે તો બધા મળીને કરીએ તો બંદોબસ્ત કરવા સમર્થ છીએ; માટે અમારી ધ્યાનમાં આવે છે કે આપણે આપણા ગામ પૂરતો ઠરાવ કરીએ તો ઠીક."

શાન્તિદાસ — શો ઠરાવ?

જગજીવનદાસ — હાલ તો એટલો કરો કે ગામમાં કોઈ પરગામના બૂટ ન પહેરે. એટલું થાય તો મોચીનું દુઃખ ટળે.

શાન્તિદાસ — કેમ ભવાનીદાસભાઈ, શું ધાર્યું?

ભવાનીદાસ — હા, હા, સો ફેરા એવો બંદોબસ્ત કરવો જોઈએ.

નાથાભાઈ મોદી — આપણે પણ કબૂલ છીએ, કેમ તુળસીરામ મહેતા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુળસીરામ — આપણે પણ સો ફેરા કબૂલ.

જુગલદાસ તલાટી — વારુ, બૈરાંને ઘેર પૂછ્યું ? છોકરાં કંકાસ કરશે, તો તેમની માઓ તેમની કુમક કરશે તેનું શું ધાર્યું ?

શાન્તિદાસ — છોકરાં અને તેમની માઓ જખ મારે છે.

બધા કહે, "વાહ વાહ, બાપા, વાહ વાહ. ત્યારે ચાલો આપણે મંદિરમાં તુળસી ઉપાડો." બધા મંદિરમાં ગયા, ને ઠાકોરજી આગળ તુળસી ઉપાડી સૌએ જુદા જુદા સમ ખાધા કે "પરદેશી બૂટ લાવીએ તો અમને ઠાકોરજી પૂછે," ને પછી બધા વેરાયા.

ગામ સંપીલું હતું; લોકો લાંબી નજરવાળા હતા, તોપણ આ વેળા ઠરાવ પાળવામાં થોડી આનાકાની થઈ, ને પછી ઘેર ઘેર થોડી કચકચ પણ થઈ; પણ શાન્તિદાસે પોતાને ઘેરથી પહેલ કાઢી ભિખારીદાસને જોડા પહેરાવ્યા. એમ પટાપટ ચાલતાં અંતે બધા ગૃહસ્થોએ સોગન પાળ્યા ને છ મહિને મોચી પાછા આગળ જેવા ખાતા પીતા થયા, ને બીજા કારીગર પણ તાજા થયા.

દી૦ બ૦ અંબાલાલ સાકરલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

ઉષસ્તિ ચાક્રાયણ

आपत्कल्पेन यो धर्मं कुरुतेऽनापदि द्विजः ।
स नाप्नोति फलं तस्य परमेति विचारितम् ॥

આપત્તિનો વિચાર કરી શાસ્ત્રકારોએ આચારમાં જે છૂટ આપી હોય, તેનો આપત્તિ ન હોય, છતાં જે લાભ લે છે તેને ધર્મપાલન કર્યાનું ફળ મળતું નથી.

કુરુ દેશમાં એક સમયે લીલો દુકાળ પડ્યો. કરાના ભારે વરસાદે મોલ મારી નાખ્યા હતા. અન્નને અભાવે લોકોને રખડવું પડ્યું. એવે સમયે ચક્રનો પુત્ર ઉષસ્તિ પોતાની જુવાન સ્ત્રીને સાથે લઈ ભટકતો ભટકતો એક મહાવતના ગામમાં બેહાલ સ્થિતિમાં આવી પહોંચ્યો. મહાવત બાફેલા અડદ ખાતો હતો. તેની પાસે ઉષસ્તિએ થોડું ખાવાનું માગ્યું. મહાવતે કહ્યું, "મારી પાસે ખાવા જેટલું હતું તે આ ભાણામાં પડ્યું છે, એટલે એહું છે. મારી પાસે બીજા અડદ છે જ નહિ!"

ઉષસ્તિએ કહ્યું, "એમાંથી જ મને મળશે તો ચાલશે!" મહાવતે પોતાની થાળીમાંથી થોડા અડદ ઉષસ્તિને આપ્યા અને તેને પીવાને સારુ પોતાનો પાણીનો લોટો ધરી કહ્યું, "આ પાણી પીજો!"

ઉષસ્તિએ જવાબ વાળ્યો, "એ જો હું પીઉં તો મેં એહું પીધું ગણાય, માટે એ પાણી હું પીવાનો નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાવતને અચરજ થયું અને સામું પૂછવા લાગ્યો, "તો આ મારા અડદ એઠા નથી શું ?"

ઉષસ્તિએ જવાબ આપ્યો, "ભલા માણસ, આ અડદ હું ન ખાત તો હું જીવી ન શકત. એ ખાઈને હવે ફરતાં ફરતાં પાણી તો ગમે ત્યાંથી મને મળશે તેથી એઠા અડદની જેમ જો હું એઠું પાણી પણ પીઉં તો મેં ચોખ્ખો સ્વેચ્છાચાર કર્યો ગણાય."

ખાધા પછી બાકી રહેલા અડદ સાથે લઈ ત્યાંથી ઉષસ્તિ પોતાની સ્ત્રી પાસે આવ્યો. સ્ત્રીને તો બીજેથી સારી ભિક્ષા મળેલી હોવાથી તેણે એ એઠા અડદ ન ખાધા. પણ પતિના આપેલા એટલે લઈને પોતાની પાસે રાખી મૂક્યા.

બીજે દિવસે સવારમાં ઊઠી ઉષસ્તિએ પોતાની સ્ત્રીને કહ્યું, "જો થોડું અન્ન મળી જાય તો તે ખાઈને થોડી શક્તિ મેળવીએ. પછી કાંઈક દક્ષિણા પ્રાપ્ત થઈ શકશે. કેમ કે પાસેના મુલકનો રાજા યજ્ઞ કરે છે ત્યાં મને પાત્ર જાણી તે ઋત્વિજોના કામને સારુ જરૂર મારું વરણ કરશે."

આ સાંભળી તેની સ્ત્રીએ આગલા દિવસના રહેલા સડેલા અડદ તેને આપ્યા. તે ખાઈ તેઓ રાજાના યજ્ઞમાં પહોંચ્યાં. મંત્રો ભણતા હતા ત્યાં જઈ ઉષસ્તિ બેઠો.

યજ્ઞના ઋત્વિજો વગર જાણ્યે ગમે તેમ મંત્રો ભણતા હતા. તે સાંભળીને તરત જ ઉષસ્તિ બોલ્યો, "ખબરદાર ! હે મૂઢો, મારી સમીપ આમ ગમે તેમ મંત્રો ભણશો તો તમારાં માથાં એની મેળે ખરીને નીચે પડશે." આ સાંભળી બધા ઋત્વિજો મંત્ર ભણતા અટકી ગયા. રાજાએ પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋત્વિજોને આમ મૌન થયેલા જોઈ વિચાર્યું કે આ નવો આવેલો બ્રાહ્મણ કોઈ સમર્થ પુરુષ હોવો જોઈએ. તેની આગળ હાથ જોડી ઊભા રહી રાજાએ પૂછ્યું, "ભગવન્, આપ કોણ છો?"

ઉષસ્તિએ જવાબ આપ્યો, "હું ચક્રનો પુત્ર ઉષસ્તિ છું."

એ સાંભળી રાજાએ કહ્યું, "અહો! ચાક્રાયણ ઉષસ્તિ તે આપ! આપનાં ગુણ તથા કીર્તિ સાંભળી ઋત્વિજના કામને માટે મેં આપની જ શોધ કરાવી હતી. ઘણી શોધ કરવા છતાં આપની ભાળ ન લાગી તેથી નાછૂટકે બીજાઓનું વરણ કરવું પડ્યું. પણ હવે અનાયાસે આપ પધાર્યા છો તો ઋત્વિજોનાં સર્વ કર્મને સારુ હું આપનું જ વરણ કરું છે."

ઉષસ્તિએ એ સ્થાનનો સ્વીકાર કરી રાજાને કહ્યું, "પણ મારા આવવાથી આ બ્રાહ્મણોને રજા આપવાની જરૂર નથી. મારી દેખરેખ નીચે એ જ લોકો કામ કરશે. ભૂલ કરશે ત્યાં હું સુધારતો જઈશ. દક્ષિણા હું એમના જેટલી જ લઈશ. મને વધારે દક્ષિણા આપીને તારે હાથે એમનો માનભંગ મારે કરાવવો નથી."

ત્યાર પછી બધા બ્રાહ્મણો ઉષસ્તિને પોતાની ભૂલો વિષે પૂછવા લાગ્યા. તેણે તે બધાનું સમાધાન કર્યું અને તેમની પાસે યથાવિધિ યજ્ઞ પૂરો કરાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

યમરાજનો અતિથિ

વાજશ્રવસ નામે એક પ્રસિદ્ધ ઋષિ હતા. તેમણે વિશ્વજીત્* નામના યજ્ઞનું ફળ મેળવવાની ઇચ્છાથી પોતાનું સર્વ ધન — ગાયો — બ્રાહ્મણોને આપી દીધું. ઋષિને નચિકેતા નામે એક પુત્ર હતો. બ્રાહ્મણો દક્ષિણામાં મળેલી વૃદ્ધ ગાયોને લઈ જતા હતા. તે જોઈ નચિકેતાના મનમાં, એ બાળક હોવા છતાં, શ્રદ્ધા પેઠી. તેણે વિચાર કર્યો:

"જેમનામાં પાણી પીવાની પણ તાકાત રહી નથી, જે ઘાસ પણ ખાઈ શકતી નથી, જે દૂધ દઈ શકે તેમ પણ નથી, તથા જેમની ઇંદ્રિયો શિથિલ થઈ ગઈ છે એવી ગાયોનું જે દાન કરે છે, તે ખરેખર, આનંદથી રહિત જે લોક છે ત્યાં જાય છે."

આમ વિચાર કરી, પોતાના બલિદાનથી પિતાને એ અનિષ્ટમાંથી ઉગારવાના હેતુથી તેણે કહ્યું, "હે તાત! હું પણ તમારું ધન છું. મને કોને આપો છો?" પણ આપે એના બોલવા તરફ ધ્યાન આપ્યું નહિ. એટલે નચિકેતાએ બીજી વાર પૂછ્યું, "પિતાજી! મને કોને આપો છો?" પિતા તોપણ ચૂપ જ રહ્યા. એટલે નચિકેતાએ ત્રીજી વાર પૂછ્યું, "પિતાજી! મને કોને આપો છો?"

---

* આ યજ્ઞમાં પોતાનું સર્વ ધન દાન કરી દેવાનું હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી ફરી એનો એ જ પ્રશ્ન સાંભળી પિતાએ ચિડાઈને કહ્યું, "તને મોતને આપું છું."

પિતાનાં આવાં ક્રોધયુક્ત વચન સાંભળી નચિકેતાએ વિચાર કર્યો: "પિતાજીના એવા ઘણા શિષ્યો છે, જેમાં મારો નંબર પહેલો છે, ઘણા એવા પણ છે, જેમાં મારો નંબર વચ્ચે આવે; પણ હું કનિષ્ઠ પંક્તિમાં આવું એવો તો નથી જ. યમને ત્યાં તો આપણે આપણને ભારરૂપ માણસોને પણ પોતાની મેળે ન મોકલીએ; અને હું તો ઘણો ઉપયોગી છું. મને કોઈ ઋત્વિજને આપી દીધો હોત તો એને ઘરકામમાં હું ઘણો ઉપયોગી થઈ પડત. પણ યમરાજનું એવું કયું કામ હશે, જે પિતા આજે મારા દાનથી સિદ્ધ કરશે? એને ત્યાં ક્યાં નોકરચાકરોની ખોટ છે, કે મારા વગર કામ અટકી રહે!"

બાળક નચિકેતાને પિતાનું હાર્દ કંઈ સમજાયું નહિ. તોપણ પિતાનું વચન પાળવા માટે એ યમને ત્યાં જવા તૈયાર થયો. પણ કયો પિતા પોતાના જીવતા છોકરાને રાજીખુશીથી યમને ત્યાં મોકલવા કબૂલ થાય?

પુત્રને તૈયાર થયેલો જોઈ પિતા શોક કરવા લાગ્યા. એ જોઈ નચિકેતાએ કહ્યું, "હે તાત! આપની પૂર્વે થઈ ગયેલા આપના બાપદાદા વગેરેએ પોતાનું વચન પાળવાની ખાતર કેવાં કેવાં કષ્ટ વેઠયાં તે જુઓ અને હાલમાં પણ અન્ય સાધુસંતો સત્યને માટે કેટલો ભોગ આપે છે તેનો વિચાર કરો; અને મારે માટે શોક કરવાનું મૂકી દઈ મને જવાની રજા આપો. માણસો ઘાસની માફક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીર્ણ થઈને મરે છે અને વળી ઘાસની માફક જન્મે છે. તેમાં શોક શાનો ?"

પુત્રનાં આવાં વચન સાંભળી પિતાએ એને યમને ત્યાં જવાની રજા આપી. યમ ઘેર નહોતા. એટલે નચિકેતાએ ત્રણ દિવસ અન્ન લીધા વગર યમને ઘેર રાહ જોઈ. ત્રીજે દિવસે યમ ઘેર આવ્યા. એટલે ઘરનાં વૃદ્ધોએ કહ્યું, "સાક્ષાત્ અગ્નિ જ અતિથિબ્રાહ્મણના રૂપમાં ઘરમાં પ્રવેશ કરે છે. સત્પુરુષો અતિથિને જળ વગેરે આપી તે અગ્નિના દાહની શાંતિ કરે છે. માટે હે યમ ! આ અતિથિના હાથપગ ધોવા માટે પાણી લઈ જાઓ. અતિથિ ત્રણ દિવસથી તમારી રાહ જોઈ અન્નજળ વગર બેસી રહ્યો છે. માટે તમે જાતે સેવા કરશો તો જ એ શાંત થશે. જે અલ્પબુદ્ધિવાળા મનુષ્યના ઘરમાં અતિથિબ્રાહ્મણ ભોજન કર્યા વગર રહે છે, તેનું સર્વ પુણ્ય તથા પુત્રપશુ વગેરે સર્વ એ લઈ જાય છે."

વૃદ્ધોનાં વચનો સાંભળી યમરાજા નચિકેતા પાસે દોડી ગયા અને હાથ જોડી કહેવા લાગ્યા, "હે બ્રહ્મન્ ! નમસ્કાર કરવા યોગ્ય તમે અતિથિ થઈને મારા ઘરમાં ત્રણ રાત્રિ પર્યંત ભોજન કર્યા વગર પડી રહ્યા ! તમને નમસ્કાર હો ! અને તેથી મારા દોષની નિવૃત્તિ થઈ મારું કલ્યાણ થાઓ. ભૂખ્યા પેટે પસાર કરેલી દરેક રાત્રિ માટે એક એક, એમ ત્રણ વર માગો."

નચિકેતાએ કહ્યું, "ત્રણ વરદાનમાંથી પ્રથમ વર હું એ માગું છું કે મારા પિતાના મારે વિષેના સંકલ્પવિકલ્પ શાંત થાય, તેમનું મન પ્રસન્ન થાય, મારે માટેનો તેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધ શમી જાય અને તમે પાછા મોકલેલા મને ઓળખીને મારી સાથે તેઓ પ્રેમથી ભાષણ કરે."

યમરાજે કહ્યું, "તથાસ્તુ! પહેલાંની માફક જ મેં પાછા મોકલેલા તને તારા પિતા ઓળખશે, મૃત્યુના મુખમાંથી છૂટેલા તને જોઈ એમનો ક્રોધ શાંત થશે અને રાતે એ સુખથી ઊંઘશે."

પ્રથમ વરથી પિતાની પ્રસન્નતા સંપાદન કરી, દ્વિતીય વરદાનમાં સ્વર્ગના સાધન અગ્નિનું જ્ઞાન નચિકેતાએ માગ્યું.

યમરાજે તેને પૃથિવ્યાદિ લોકોનો આદિ જે અગ્નિ, તે પ્રગટાવવા માટે જે ઈંટો જોઈએ, જેટલી જોઈએ તથા તે જેવી રીતે ગોઠવવી જોઈએ — તે બધું કહ્યું. નચિકેતાએ પણ પોતે બધું બરાબર સાંભળ્યું છે એ બતાવવા માટે યમરાજે એને જેમ કહ્યું હતું તેમ બધું ફરીથી યમરાજને કહી બતાવ્યું. તેથી સંતોષ પામીને યમે ફરીથી કહ્યું, "હે નચિકેતસ્! તારા પર પ્રસન્ન થઈને તને હું બીજો એક વર આપું છું. આ અગ્નિ તારા નામથી ઓળખાશે. અનેક રત્નોથી ગૂંથેલી આ માળા પણ તું લે. હે નચિકેતસ! હવે ત્રીજો વર માગ."

નચિકેતા બોલ્યો, "ભગવન્! માણસ મરી જાય છે ત્યારે લોકોને આવી શંકા થાય છે — કેટલાક કહે છે કે શરીર નાશ પામે તોપણ શરીરથી ભિન્ન, આત્મા અવશેષ રહે છે; જ્યારે કેટલાક કહે છે કે એવો કોઈ આત્મા છે જ નહિ. આપના ઉપદેશથી આમાં સત્ય શું છે, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણવાની મારી ઇચ્છા છે. ત્રણ વરદાનમાંથી બાકી રહેલા ત્રીજા વર તરીકે હું આ માગું છું."

નચિકેતાએ એ પ્રમાણે કહ્યું, ત્યારે નચિકેતા આત્મજ્ઞાન માટે અધિકારી છે કે નહિ,. તેની પરીક્ષા કરવા માટે યમરાજે કહ્યું :

"હે નચિકેતસ્! પૂર્વે દેવોના મનમાં પણ આ આત્મતત્ત્વ વિષે શંકા ઉત્પન્ન થઈ હતી. આ આત્મતત્ત્વ સહેલાઈથી સમજી શકાય એવું નથી. આ ધર્મ અતિ સૂક્ષ્મ છે. માટે હે નચિકેતસ્! અન્ય વર માગ. મને ન રોક. એ વર મારો મને પાછો આપી દે."

નચિકેતાએ કહ્યું, "ખરેખર, જ્યારે દેવોએ પણ આ આત્મતત્ત્વમાં શંકા ઉઠાવી છે, અને હે મૃત્યો! આપ પણ કહો છો કે એ સહેલાઈથી સમજી શકાય એવું નથી, ત્યારે તો એ સમજાવવા માટે આપના જેવો વક્તા શોધ્યા છતાં પણ મળી શકે તેમ નથી. આપ અન્ય વર માગવાનું કહો છો; પણ બીજો કોઈ વર એની તોલે આવી શકે તેમ નથી."

નચિકેતાનાં એવાં વચન સાંભળી યમરાજે એને લાલચો બતાવવા માંડી :

"હે નચિકેતસ્! સો વર્ષની આવરદાવાળા પુત્રપૌત્રો માગ. ઘણાં પશુઓ, હાથી, સુવર્ણ, ઘોડા માગ. ભૂમિનું વિસ્તીર્ણ રાજ્ય માગ અને પોતે પણ જેટલાં વરસ જીવવાની ઇચ્છા હોય તેટલાં વરસ જીવ.

"જો આના સમાન બીજો કોઈ વર મનમાં આવતો હોય તો તે માગ. દ્રવ્ય માગ. લાંબું આયુષ માગ. હે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નચિકેતસ્ ! આ વિશાળ પૃથ્વી પર તું રાજા થા. હું તને ઇચ્છા પ્રમાણે ભોગ ભોગવવા માટે શક્તિમાન બનાવીશ.

"જે જે ભોગો મનુષ્યલોકમાં દુર્લભ છે તે સર્વ ભોગો ઇચ્છા પ્રમાણે માગી લે. આ રથ અને વાજિંત્ર સહિત સ્ત્રીઓ છે. આવી સ્ત્રીઓ મનુષ્યોને નથી મળતી. મારી આપેલી આ સ્ત્રીઓ વડે તું સેવા કરાવ. પણ હે નચિકેતસ્ ! મરણ સંબંધી — મરણ પછી આત્મા છે કે નહિ એવો — પ્રશ્ન ન પૂછ."

યમરાજનાં વચનો સાંભળી, લાલચોમાં ન ફસાતાં નચિકેતાએ કહ્યું,

"હે મૃત્યો ! જે ભોગો આપે ગણાવ્યા તે તો કાલ સુધી પણ ટકશે કે નહિ, તેની શંકા છે. એ મનુષ્યોની સર્વ ઇંદ્રિયોનું તેજ હરણ કરે છે. વળી લાંબામાં લાંબું આયુષ પણ અનન્ત કાળની સાથે સરખાવતાં અલ્પ જ છે. માટે આપનાં રથાશ્વાદિ વાહનો અને નૃત્યગીતને હું શું કરું ? જે આ વર ગૂઢ હોવા છતાં નચિકેતાના મનમાં પ્રવેશ પામ્યો છે તેથી બીજો વર નચિકેતા માગશે નહિ."

નચિકેતાની નિઃસ્પૃહતા જોઈ યમરાજ ખુશ થયા; અને તે આત્મજ્ઞાનનો અધિકારી છે એમ જાણી તેને શ્રેય અને પ્રેયનો ભેદ સમજાવ્યો, જગતની અનિત્યતા બતાવી, ઇંદ્રિયદમનનો ઉપદેશ કર્યો અને આત્મા તથા બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન આપી આત્માને કેમ મેળવાય અને મૃત્યુને કેમ જીતી જવાય એ વિદ્યા બતાવી. યમરાજે આપેલી આ વિદ્યા મેળવીને નચિકેતાને બ્રહ્મની પ્રાપ્તિ થઈ, તેનો મોહ નીકળી ગયો અને તે મૃત્યુને તરી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

ગ્રામસેવક મધ

હજારો વર્ષ પૂર્વે બોધિસત્ત્વ મગધ દેશમાં મચલ નામના એક ગામડામાં એક ખેડૂતના કુટુંબમાં જન્મ્યો. તેનું નામ તેનાં માતાપિતાએ મધ એવું રાખ્યું હતું. મધ જ્યારે ઉંમરલાયક થયો ત્યારે પોતાના ગામના લોકોનું સ્વાર્થીપણું જોઈ મનમાં ખૂબ ખિન્ન થયો. તે પોતાના ગામના રસ્તા સાફ કરવાનું, ગંદવાડ લઈ જઈ બહાર નાખવાનું, પીવાના પાણીમાં ગંદું પાણી જાય નહિ માટે કૂવાને પાળ બાંધવાનું વગેરે એવાં જ બીજાં લોકોપયોગી કામો કરતો. પરંતુ તેનાં આ કામથી રાજી થવાને બદલે લોકો તેને દોષ દેતા. તેઓ ચબૂતરા પર કે દારૂના પીઠા પર ભેગા થઈ કહેતા કે, "અરે, આ પેલો ગાંડિયો મધ! પોતાના ઘરનું કામ છોડીને ચાલ્યો નકામી માથાફોડ કરવાને! એકલાથી તે કદી આખા ગામનું હિત થયું છે? આપણે ભલા ને આપણું કામ ભલું, તેને બદલે આ તો ગામનું ભલું કરવા નીકળ્યો છે! શું કરવું છે આપણે આખા ગામને? મધને પોતાની મૂર્ખાઈ સારુ કોઈક દિવસ પશ્ચાત્તાપ કરવો પડશે!"

મધની છચોક નિંદા થતી, એટલું જ નહિ પણ તેનાં સગાંઓ પણ તેની વિરુદ્ધ હતાં, તોપણ તેણે પોતાનું કર્તવ્ય છોડી દીધું નહિ. મધ એક દિવસ એકાદ રસ્તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાફ કરે અને બીજે જ દિવસે આસપાસનાં ઘરમાંથી સ્ત્રીઓ કચરો નાંખે. કોઈ વૃદ્ધ કહે કે, "આ ગંદવાડ શું કામ કરો છો?" તો તેઓ કહેતી, "તમારે શું? પેલો મધ મૂઓ છે ને? એ આવશે અને કરશે સાફ."

મધ ફરી બેચાર દિવસે પાછો તે ને તે જગ્યાએ જાય અને સાફ કરી નાખે. મધના આ આત્મસંયમનું પરિણામ જૂના જમાનાના લોકો ઉપર તો કંઈ પણ થયું નહિ, પરંતુ, મધનો આ માર્ગ સારો કેમ ન હોય? એવા એક બે તરુણોને વિચાર આવવા લાગ્યા. મધ પોતાના ઘર-કામમાં કાંઈ પણ અડચણ આવવા દેતો નહિ. ઘરનું ખેતીનું કામ આટોપી લઈ ફાજલ વખત તે જનસેવામાં ગાળતો. ગામના બીજા લોકો ફુરસદને વખતે દારૂનાં પીઠાં પર અથવા ચૌટામાં ભેગા થઈ ગપ્પાં મારવામાં પોતાનો વખત ગાળતા. એટલું જ નહિ, પણ દારૂના વ્યસનથી તેમનું ઘરકામ પણ ઠીક થતું નહિ. તે ઉપરાંત મારામારીમાં અને ટંટાફિસાદમાં તેમના વખતનો અપવ્યય થતો તે તો જુદો જ.

ઉપર કહી ગયા તેવા બે તરુણોમાં એક દિવસ આવો સંવાદ થયો. પહેલો તરુણ બોલ્યો, "કેમ રે, ગામમાંના બધા લોક તો આ મધનો દોષ કાઢે છે. પરંતુ મને લાગે છે કે આપણા ગામમાં જો કોઈ સારો માણસ હોય તો તે મધ જ છે. મધને મેં કદી દારૂને પીઠે કે ચાવડી પર તો જોયો જ નથી; કદી કોઈ સાથે તે ટંટાબખેડા કરતો નથી; તેના ઘરમાં તો મૂર્તિમંત શાંતિ વાસ કરે છે. આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસને આપણા લોક મૂર્ખ ગણે છે, એ આશ્ચર્ય નથી શું? મને લાગે છે કે આપણે ગુરુ કરવા હોય તો તપોવનમાં ગુરુ શોધવા ન જતાં આને ગુરુ કરવા એ સારું."

બીજાએ કહ્યું, "ચાલ, અબઘડી આપણે મઘ પાસે જઈએ. તે આ વખતે કંઈ પણ લોકસેવાનું જ કામ કરતો હશે."

આ પ્રમાણે વાતચીત થયા પછી તે બન્ને તરુણ, મઘ જ્યાં કામ કરતો હતો ત્યાં ગયા અને મઘને કહ્યું, "આજ સુધી અમે તારી ઉપેક્ષા કરી, એ માટે અમને અત્યંત દુઃખ થાય છે. અભાગીને પોતાને ઘેર પડેલી થાપણની જેમ ખબર ન હોય તેમ જ તારા સદ્‌ગુણ, તું અમારી પાસે હોવા છતાં, અમને ખબર પડયા નહિ. આજથી અમે તારા શિષ્ય થઈ તારું અનુકરણ કરી સત્કૃત્યમાં કાળ ગાળવાનો નિશ્ચય કર્યો છે."

મઘ બોલ્યો, "મિત્રો, સદાચરણમાં કાળનો સદ્વ્યય કરવાની તમારી ઇચ્છા વખાણવા જોગ છે, પરંતુ આ માટે મારું શિષ્યત્વ સ્વીકારવાની આવશ્યકતા નથી. મારા જેવા તો મર્ત્ય, નાશવંત છે, એ તમે જાણો જ છો. માટે આવા ક્ષણભંગુર પ્રાણીનું શિષ્યત્વ ન સ્વીકારતાં, આપણે બધા ધર્મનું શિષ્યત્વ સ્વીકારીએ એ સારું. કારણ ધર્મ શાશ્વત છે, તે અનાદિ છે; તેને આપણી પાસેથી કોઈ પણ દૂર કરી શકે એમ નથી."

તે તરુણ બોલ્યા, "પણ ધર્મનું જ્ઞાન તમારા જેવા સંત વિના અમ જેવા સંસારી જનોને કેમ થાય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મઘ બોલ્યો, "ધર્મ ગહન વસ્તુ છે. તેનું સંપૂર્ણ જ્ઞાન થવું આપણા જેવા સંસારી જનોને શક્ય નથી. તોપણ એક વાત ખરી છે કે ધર્મની સ્થાપના શીલના પાયા પર થયેલી છે. અર્થાત્ શીલ વિના ધર્મપ્રાપ્તિ થવાની નહિ."

તરુણે પૂછ્યું, "શીલ એટલે શું?"

"કુમાર્ગથી નિવૃત્તિ અને સત્કર્મમાં પ્રવૃત્તિ એને સાધુલોક 'શીલ' કહે છે. પ્રાણીનો ઘાત ન કરવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, અસત્ય ભાષણ ન કરવું, અને માદક પદાર્થોનું સેવન ન કરવું, એ પાંચ નિયમ એકનિષ્ઠાથી પાળીએ તો આપણે કુકર્મથી બચી જઈએ અને પરોપકારાદિ સત્કૃત્યમાં આપણા કાળનો ઉપયોગ કરી શકીએ."

તરુણ બોલ્યા, "આજથી આ પાંચ નિયમ અમે બરાબર શ્રદ્ધાપૂર્વક પાળીશું, અને ઘરકામથી બચેલો કાળ સત્કર્મમાં ગાળીશું."

આમ ધીરે ધીરે મઘને ત્રીસ અનુયાયી મળ્યા. તે સૌએ મળી રોગી લોકો માટે અને અનાથ અપંગ લોકો માટે એક ધર્મશાળા સ્થાપન કરી. આસપાસના ગામના રસ્તા સાફ કર્યા, નાના નાના પુલો બાંધ્યા, તળાવ ખોદ્યાં અને બીજાં લોકોપયોગી કામ કર્યાં. આ ઉપરાંત તેઓ પોતાના પરગણાના લોકોને પંચશીલનો ઉપદેશ કરતા. આ તેમના કૃત્યનું આખા પરગણા ઉપર એવું પરિણામ થયું કે થોડા અપવાદ બાદ કરતાં ત્યાંના બધા લોક સદાચારી બન્યા. દારૂના પીઠાવાળાને પોતાની દુકાનો બંધ કરવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી, અને ત્યાંના ગ્રામભોજક (ન્યાય અને વસૂલી કામદાર)ને દંડના રૂપમાં ઘણી જ મોટી પ્રાપ્તિ થતી, તે નહિ જેવી થઈ ગઈ.

આ પરગણાના લોકોમાં પહેલાં એટલા ટંટા થતા કે તેનો નિકાલ કરતાં ગ્રામભોજકને જમવાને સુધ્ધાં ફુરસદ મળતી નહિ; પણ હવે ગ્રામભોજકે આખો દિવસ તકિયાને અઢેલી વાતો કરતાં બેસવું, અને કચેરીનો વખત પૂરો થતાં ઘેર જવું એવો પ્રકાર શરૂ થયો. પોતાના પરગણામાં સ્થિતિ આવી કેમ પલટાઈ ગઈ એની ચોકસી કરતાં, મઘ અને તેના ત્રીસ અનુયાયીઓએ આ બધી ક્રાંતિ કર્યાનું ગ્રામભોજકને જણાયું. આ ત્રીસેને આ પ્રદેશમાંથી ઊંચકી લીધા સિવાય લોકો પહેલાંના જેવી સ્થિતિમાં આવશે નહિ એમ વિચારી, કાંઈ જરૂરી કામ માટે પોતે મગધ દેશના રાજાને મળવા જાય છે એમ પોતાના હાથ નીચેના લોકોને જણાવી તેણે રાજધાનીનો રસ્તો પકડયો.

મગધ દેશનો તે કાળનો રાજા ઘણો વિલાસી હતો. તેનો મેળાપ થવો મહા કઠણ કામ હતું. તોપણ ગ્રામભોજકે પોતાની સાથે આણેલું મોટું નજરાણું રાજાને ભેટ કરી મહાપ્રયત્ને એક મુલાકાતનો જોગ સાધ્યો. રાજાએ ગ્રામભોજકના આગમનનું કારણ પૂછતાં તે બોલ્યો, "મહારાજ, શું કહેવું ? અમારા દેશમાં ત્રીસ તોફાનીઓ અને તેમના નાયકે ઘણો જ ઉત્પાત મચાવી મૂક્યો છે. બધા લોક ગામ છોડી ભાગે છે અને આ હરામખોરોના ડરથી અમારા પ્રદેશમાં બીજા લોક આવતા નથી. આ પ્રમાણે ખેતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેપાર રોજગાર બધું બંધ પડી ગયું છે. હવે આપને અમારા પરગણામાં જ નહિ, પણ આસપાસના સહુ પ્રાન્તમાં પણ કર વસૂલ કરવો અશક્ય થઈ પડશે."

રાજા અતિશય સંતાપ પામી બોલ્યો, "આ વાત તમે મને જણાવી એ બહુ સારું થયું. તમારી સાથે હું નાની ફોજ આપું છું. તેની સહાયતાથી તમે એ તોફાનીઓને પકડી લાવો."

ગ્રામભોજકે પોતાના પરગણામાં જઈ મઘ અને તેના સાથીઓને પકડ્યા. તેઓએ ગ્રામભોજકનો કંઈ પણ વિરોધ કર્યો નહિ. "તમને પકડવા માટે રાજાનો હુકમ છે," એમ કહેતાંની સાથે જ તેઓ પોતાની મેળે સ્વાધીન થયા. ગ્રામભોજકે તેમના હાથપગમાં બેડીઓ ઘાલી દીધી અને તેમને પકડી આણ્યાની વરદી રાજાને આપી. તે વખતે રાજા અંતઃપુરમાં હતો. આ દરોડાખોરોને જોવાની તેને ફુરસદ નહોતી. તેણે ત્યાંથી જ હુકમ છોડ્યો કે "તોફાનીઓને મહેલના આંગણામાં ઊંધા સુવાડી તેમના શરીર પરથી હાથી ચલાવો."

રાજાના હુકમ પ્રમાણે મઘ અને તેના સાથીઓને મુશ્કેટાટ બાંધીને ઊંધા સુવાડવામાં આવ્યા. પછી હસ્તિશાળામાંથી એક મદોન્મત્ત હાથી તેમના પર છોડવાને સજ્જ કરવામાં આવ્યો.

મઘે પોતાના અનુયાયીઓને કહ્યું, "ભાઈઓ, આજ સુધી આપણે સદાચારમાં કાળ ગાળ્યો છે. હવે આપણામાંના કોઈકને એમ લાગવાનો સંભવ છે કે સદાચરણથી મનુષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખી જ થાય છે એમ નથી. અમે અમારું જીવન સત્કર્મમાં જ ગાળ્યું છે છતાં અમારા પર આ સંકટ કેમ આવ્યું ? પણ મિત્રો, આ સમયે એવા વિચારનો સ્પર્શ પણ તમારા દિલને થવા દેશો નહિ. આલોકમાં ન્યાયયુક્ત વહેવાર નહિ હોય, છતાં પરલોકમાં આપણાં કર્મોનું ફળ આપણને મળવાનું છે. આલોકમાં કોઈ લુચ્ચો માણસ પુષ્કળ સંપત્તિ મેળવે છે અને કોઈ સત્પુરુષ દારિદ્રયમાં દબાય છે. એટલે આલોકમાં તો માણસને ન્યાય મળતો નથી એ ઉઘાડું છે. પરંતુ આપણાં કર્મોથી આપણે એટલાં બધાં બંધનોમાં આવી જઈએ છીએ કે તેને લીધે પરલોકમાં આપણો છુટકારો થવો અત્યંત અશક્ય થઈ પડે છે. માટે આપણાં કર્મો જ આપણા રક્ષક અને આપણાં કર્મો જ આપણા ન્યાયાધીશ થશે, એ પક્કું ધ્યાનમાં રાખો. વળી તમારા મનને ખોટું લાગતું હોય તે વખતે જો તમારું મરણ થશે, તો તેનું પરિણામ અત્યંત અનિષ્ટ આવવાનું, કેમ કે મનુષ્યનું મન અસ્થિર હોય તેવે વખતે જો તેનું મરણ થાય તો પુનર્જન્મમાં તે હીન યોનિમાં જન્મે છે, એવાં ઋષિમુનિઓનાં વચન છે. તેથી આ પ્રસંગે તમારી મૈત્રીભાવના દૃઢ કરો. જેવો તમારો લોક પર પ્રેમ હતો તેવો જ તમારી ફરિયાદ કરનાર ગ્રામભોજક પર, તમને મારવાનો હુકમ કરનાર રાજા પર અને તમને મારવાને પ્રવૃત્ત થયેલા આ હાથી પર તમારો પ્રેમ થવા દો. શત્રુ, મિત્ર, તટસ્થ અને હું એવા ભેદો મન-માંથી કાઢી નાખી સર્વની ઉપર સરખી મૈત્રી થવા દો. એક દેહનાં જેમ ભિન્નભિન્ન અંગો હોય છે તેમ જ આપણે એક વિશ્વનાં અંગ છીએ, એ સમજ ઢીલી પડવા દેશો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજ પર્યંત કરેલાં સત્કૃત્યોનું તમે આ સમે ચિંતન કરો."

મઘનાં વચન પ્રમાણે તે સર્વેએ તે હાથી પર, રાજા પર અને ગ્રામભોજક પર મૈત્રીભાવના કરી. જોકે તે પ્રાણીઓ તેમના દેહને અપાય કરનારાં હતાં, તોપણ તેમના અંતઃકરણને તો હિતકર્તા જ લાગ્યાં! "આ ગ્રામભોજક, આ રાજા અને આ હાથી આપણને આ નશ્વર જગતમાંથી મુક્ત કરે છે, તો પછી તેમને આપણા શત્રુ કેમ ગણીએ?" એમ તેઓ કહેવા લાગ્યા.

હાથી મહા બુદ્ધિમાન પ્રાણી છે. માણસ કરતાં પણ બીજાં પ્રાણીનું મન ઓળખતાં તેને વધારે આવડે છે. જ્યારે મઘ અને તેના સાથીઓને મારવા માટે મહાવતે હાથીને આગળ આણ્યો ત્યારે તે મોટેથી કિકિયારી પાડી એકદમ પાછળ હઠ્યો! કેમે કર્યો તે તેમના શરીર પર ડગ દે જ નહિ! ફરી બીજો, ત્રીજો, એમ બેચાર હાથી આણ્યા. પરંતુ તે સર્વ મહાવતના અંકુશના મારની દરકાર ન કરતાં કિકિયારી કરી પાછળ હઠ્યા. એકે હાથીએ મઘને અને તેના સાથીઓને ઉપદ્રવ કર્યો નહિ!

આ સમાચાર રાજાને મળતાં જ તે બોલ્યો, "આ લોકો હાથીનો મંત્ર જાણતા હોવા જોઈએ અથવા તેમની પાસે કંઈ ઔષધ હોવું જોઈએ, જેના યોગે હાથી તેમની પાસે જવાની હિંમત કરતો નથી."

રાજાની આજ્ઞા થતાં બોધિસત્ત્વને અને તેના સાથીઓને સિપાઈઓએ રાજા સમક્ષ લઈ જઈ ઊભા કર્યા. રાજાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની પાસે ઔષધ છે કે કેમ એ જોવા માટે તેમની જડતી લેવડાવી. પણ કશું મળ્યું નહિ. ત્યારે રાજાએ તેમને પૂછ્યું, "તમને હાથીનો મંત્ર આવડતો હોવો જોઈએ, નહિ તો હાથી તમારા શરીર પરથી ચાલવાને ના પાડે એ બને જ કેમ ?"

બોધિસત્ત્વ બોલ્યો, "મહારાજ, અમારો મંત્ર કહીએ, તો આજ સુધી અમે એકનિષ્ઠાથી શીલનું પાલન કરતા આવ્યા છીએ; જાણીબૂજીને અમે કોઈ પણ પ્રાણીનો ઘાત કર્યો નથી; પરસ્ત્રીને અમે મા સમાન માનીએ છીએ; અસત્ય ભાષણ અમે કદીયે કર્યું નથી; અને મદ્યાદિ માદક પદાર્થોથી અમે અલિપ્ત રહ્યા છીએ. આ સિવાય આપની પ્રજાની સેવા યથામતિ કરતા આવ્યા છીએ. અમારા પર એકાએક જ્યારે આ પ્રસંગ આવ્યો ત્યારે મેં મારા મિત્રોને હિંમતથી કહ્યું કે, 'આપણને પકડનાર ગ્રામભોજક પર, મારવાનો હુકમ આપનાર મહારાજ પર અને મારનાર હાથી પર આપણે બધાએ મૈત્રીની ભાવના રાખવી, કોઈ પણ પ્રકારે દ્વેષનો સ્પર્શ આપણાં મનને થવા ન દેવો.' અમારા આ શીલનો અને મૈત્રીનો પ્રભાવ એ જ અમારો મંત્ર છે."

રાજાએ પોતાના દૂત મોકલીને મઘના ગામની અને આસપાસનાં ગામની ખરી સ્થિતિ શી છે એની ચોકસી કરી ત્યારે તેને જણાયું કે બોધિસત્ત્વ અને એના સાથીઓએ તે પ્રાંતની ઉત્તમ સુધારણા કરી છે; ત્યાંના લોક સુખી હોઈ પરસ્પર અત્યંત પ્રેમથી વર્તે છે; ચોરી, મારામારી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટંટાફિસાદ વગેરે વસ્તુઓ તે પ્રાંતમાં નામશેષ થઈ છે. આ જાણીને રાજાએ ખોટી ફરિયાદ કરનારા પેલા ગ્રામભોજકને પકડીને એકદમ ફાંસી દેવાનો હુકમ આપ્યો અને તેની જગાએ મઘને નીમવામાં આવ્યો. ત્યારે બોધિસત્ત્વ રાજા પાસે ગયો અને ગ્રામભોજકને માફી આપવાની વિનંતી કરી તે બોલ્યો, "મહારાજ, ગ્રામભોજક ન હોત તો અમને આપનાં દર્શનનો યોગ ન મળ્યો હોત. અમારા શીલને અને મૈત્રીને કસોટીએ ચડાવી જોવાની સંધિ એણે મેળવી આપી તેથી તે અમને પ્રિય છે. માટે મહારાજે એને જીવતદાન આપવું એવી અમારી નમ્ર વિનંતી છે."

બોધિસત્ત્વની વિનંતીને માન આપી રાજાએ ગ્રામભોજકને છોડી મૂક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

પંખીઓને પ્રવચન

બાળકોના સહવાસમાં ગાંધીજી જે આનંદ મેળવી શકે છે તેવો ભાગ્યે જ બીજા કોઈના સહવાસમાં મેળવતા હશે. બેંગલોરથી એક મિશન કન્યાશાળાની બાળાઓ અહીં ઉનાળાની રજા ગાળવા આવી હતી. રોજ એકાદ બે રસ્તામાં મળે. એક દિવસ તેમની મુખ્ય શિક્ષિકાએ ગાંધીજીને એક મીઠો કાગળ લખ્યો, અને બાળાઓએ પણ પોતાના કુમળા કાચા અક્ષરોએ એક કાગળ લખ્યો તેમાં જણાવ્યું કે, "આ ટેકરી ઉપરની હવા, વનસ્પતિ, રૂડાં પંખીઓ વગેરેથી તમને આનંદ થતો હશે. આપની તબિયત અહીં પૂરેપૂરી સુધરે એવી રોજ અમે પ્રાર્થના કરીએ છીએ." અતિશય પ્રેમથી ભરેલા એ પત્રનો જવાબ વાળતાં ગાંધીજીએ લખેલું : "વહાલાં પંખીડાં, તમારો પત્ર એ મને તાકાત આપનારી ઔષધિ થઈ પડ્યો છે. તમે જરૂર થોડા દિવસ પછી હું વધારે સારો હોઉં ત્યારે આવજો."

એ મુજબ મિસ રૉબિન્સન ૩૦ બાળાઓ સાથે એક સાંજે આવી ગયાં. પચાસ વર્ષથી આ શાળા ચાલે છે. એટલે કે આ રાજ્યનો વહીવટ જ્યારે અંગ્રેજ સરકારના હાથમાં હતો ત્યારનાં મિશનોએ અહીં પ્રવેશ કરીને શાળાઓ દાખલ કરેલી છે, અને મિસ રૉબિન્સન આ ટેકરી ઉપર વીસ વર્ષ થયાં પોતાની કન્યાઓને લઈને આવે છે! કેટલીક વાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શાળાની સંઘરવા જેવી લાગી તેની નોંધ લઉં. કન્યાદીઠ કેટલો ખર્ચ આવે એ વાત ગાંધીજીએ પહેલી પૂછી. ચાળીસ રૂપિયા સાંભળીને ગાંધીજી ચમક્યા. પણ બધી યુરોપીય શૈલી, અંગ્રેજીમાં જ તાલીમ, અમેરિકન સ્ત્રીઓ જ શિક્ષકો વગેરે હોય ત્યાં ઓછું ખર્ચ શી રીતે આવે? પણ અહીં ટેકરી ઉપર તેમનું વર્તન તેમને શોભાવે એવું હતું. અહીં જે સસ્તામાં સસ્તું મકાન મળે છે તે એટલે રોજના બે રૂપિયા ભાડાનું એમણે રહેવા માટે લીધું હતું. એટલી નાનકડી જગ્યામાં સૂઈ ન શકે માટે બહાર વૃક્ષ-કુંજમાં નાની રાવટીઓ નાખી હતી. મોટી બાળાઓ બધી રાવટીમાં સૂએ, અને દરરોજ બબ્બે બાળાના આખી રાતની ચોકીના વારા હોય! ચોકી ચોરબોરની નહિ, કારણ અહીં એ ડર નથી જ. પણ સર્પાદિ પ્રાણીઓ જ્યાં ત્યાં હોય છે તે માટે. છોકરીઓએ કેટલાયે સાપ માર્યા છે એમ બહાદુરીથી મિસ રૉબિન્સન વાત કરતાં હતાં. બધી બાળાઓ પોતાની રસોઈ પોતે જ કરતી, અને એકાદ નોકર સિવાય તેમને કોઈની મદદ નહોતી. સવાર સાંજ ખૂબ ફરે, બપોરે બે કલાક શાળા ચાલે, સાંજે કંઈક સંગીત અને કવાયત ચાલે, અને રાત્રે બધાં ભેળાં બેસીને વાર્તા વંચાય તે સાંભળે; આમ ખેલવાની સાથે કામને પણ તેમણે ઠીક ભેળવ્યું હતું. ગાંધીજીએ તો તેમને 'વહાલાં પંખીડાં' એમ કેવળ પ્રેમથી જ સંબોધ્યાં હતાં, પણ તેમનામાંની કેટલીક છોકરીઓએ ટોચ ઉપર પંખીવાળી લાકડી હાથમાં રાખી હતી તે જોઈને અમને સાનંદાશ્ચર્ય થયું. શિક્ષિકાએ ખુલાસો આપ્યો: "અમે અનેક વિભાગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડ્યા છે, અને દરેક વિભાગને હિંદી પંખીઓનાં નામ આપેલાં છે. દરેક બાળા તે તે પંખીના નામથી ઓળખાય છે. અમારી શાળામાં બાળાઓને વ્યક્તિશઃ ઇનામ આપવામાં નથી આવતાં. દરેક મંડળને સ્વચ્છતા, વ્યવસ્થા, અભ્યાસ પ્રમાણે ઇનામ મળે. મંડળો વચ્ચે જ હરીફાઈ થાય છે, અને પરસ્પર સહાયતાના સિદ્ધાન્તનું પાલન થાય છે."

વાતમાં ને વાતમાં મિસ રૉબિન્સને કહ્યું: "ગાંધીજી, એમને કાંતતાં પણ શીખવીએ છીએ જો!" ગાંધીજીને રાજી કરવા જ કહ્યું હશે, બાપડીએ. પણ કાંતનારે ખાદી પણ પહેરવી જોઈએ એ વાતની તેને શાની ખબર હોય? ગાંધીજીએ કહ્યું: "હશે જ તો! મને આશ્ચર્ય નથી થતું, કારણ તમારા વડા સ્ટેનલી જોન્સ અમારે ત્યાં આવ્યા હતા ત્યારે મને કહી ગયા હતા કે અમારી શાળાઓમાં કાંતવાનું અને ખાદી પહેરાવવાનું દાખલ કરવાના છીએ. પણ વારુ, ખાદી શું એ કાંઈ તમે જાણો ખરાં કે? શું એ પશુ છે, પંખી છે કે મનુષ્ય છે? શું છે?"

હસતી હસતી બાળાઓ બોલી ઊઠી, "કપડું."

"વારુ, પણ કેવું કપડું?"

"જાડું કપડું!"

ગાંધીજી હસ્યા. "વારુ, એ તો સારું, પણ એને બનાવનારા વિષે તમે કાંઈ જાણો ખરાં?"

"દેશમાં બનેલું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નહિ, એટલું જ નહિ વધારે કહો." પછી ગાંધીજીએ વ્યાખ્યા આપી.

"વારુ, ખાદી કેમ પહેરવી જોઈએ?"

"કારણ એ સસ્તી મળે છે," એકે જવાબ આપ્યો.

"નહિ, એ તો ધૂળ જેવું કારણ કહેવાય. આપણે બધું જ સસ્તું મળે તે લઈએ છીએ થોડાં?"

"એ ધોવાય છે સારી રીતે!" બીજો જવાબ આવ્યો.

"નહિ, એ કાંઈ બહુ ભારે કારણ નથી. તમે જરા વધારે વિચારો, અને પછી કહો. જોઈએ, તમારામાં કોણ સૌથી હોશિયાર છોકરી છે? વારુ, તમે કહેશો આપણો દેશ કેવો છે?"

"સુંદર છે," એવો કાંઈક જવાબ મળ્યો.

પણ એક ડાહી સરખી છોકરી ધીમે રહીને બોલી, "ગરીબ."

"હાં, ત્યારે એવા ગરીબ લોકો આપણે ત્યાં કરોડો છે. એનાં બાળકોને તમારા જેવી શાળામાં જવાનું મળતું નથી. તમારી જેમ ચાળીસ રૂપિયા મહિને ખર્ચવાના એ ક્યાંથી લાવે? એ લોકો તો મજૂરી કરીને પેટ ભરે. કેટલાકને મજૂરી પણ ન મળે. તેવાની પાસે આપણે કંતાવીએ અને વણાવીએ તેમાંથી આ ખાદી બને. એ ખાદી તમે પહેરો તો તેમને તમારા જેવી કેળવણી તો ન જ મળે, પણ તેમનાં બચ્ચાં માટે દૂધ મળે, કોક વાર શાક મળે. તમે એ ચાળીસ રૂપિયા મહિનાની કિંમતની કેળવણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાને નથી મળતી અને તમને જ મળે છે એટલા ખાતર છોડી દો એમ કહેવાની તો મારી હિંમત નથી થતી; પણ તમને ઈશ્વરે એવી અર્ચાળ કેળવણી આપવાની સગવડ આપી છે તેથી તમે પેલાં ગરીબોનાં છોકરાંની અવગણના ન કરો, ઊલટા તેમની સાથે કાંઈક આધ્યાત્મિક સંબંધ બાંધો. એ સંબંધ તમે ગરીબોએ બનાવેલી ખાદી પહેરીને બાંધી શકો, અને પૈસા કમાવાને માટે નહિ પણ, ગરીબને અને એદીને કાંતવાનું ઉત્તેજન આપવાને માટે કાંતીને તમે એ સંબંધ બાંધી શકો. પણ આટલું બસ થયું. હવે તમારે મને કાંઈક મધુરું ગાઈ સંભળાવવું જોઈએ." બાળાઓએ મધુરું ગીત ગાઈને વદાય લીધી.

મહાદેવ દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

અસ્પૃશ્યતાની પરાકાષ્ઠા

પાલઘાટ કોચીન રાજ્યમાં આવ્યું. સનાતનીઓનો એ કિલ્લો છે. અહીં અસ્પૃશ્યોને અમુક રસ્તા ઉપર જવા દેવા કે ન જવા દેવા એ વિષે ખૂબ લડતો લડાઈ છે, લડાઈ રહી છે, અને હાલ સુધી તો અસ્પૃશ્યો જ એનું આકરું પરિણામ ભોગવતા આવ્યા છે. આ જ સ્થાને અસ્પૃશ્યતાનો અધમમાં અધમ નમૂનો 'નાયાડી'નો જોવામાં આવ્યો. પાલઘાટ પહોંચીને ગાંધીજી નહાઈ ધોઈ કાંતવા બેઠા ત્યાં તેમને લાંબી તીક્ષ્ણ બૂમો સંભળાઈ. ઘડીક વાર તેમને લાગ્યું કે મજૂરો કાંઈક કામ કરતા હશે કે કોશિયાઓ અમુક લલકારા કરતા કોશ હાંકતા હશે, પણ નહિ, આ તો 'નાયાડી'નો અવાજ હતો. ગાંધીજી તરત ત્યાં દોડી ગયા. ઘરના દરવાજાની બહાર મોટો ઘોરી રસ્તો, તેની બાજુ ઉપર મોટી વાડ, અને વાડની પેલી બાજુએ દૂર એક સરસ દાઢીમૂછ મૂંડેલો અને વાળમાં તેલ નાખેલો હૃષ્ટપુષ્ટ જુવાન ઊભો હતો. અમને આવતા જોઈને તે ભાગવા માંડતો હતો, પણ સૌએ તેને બોલાવ્યો એટલે આવ્યો. પણ વાડની આ બાજુએ તે આવે જ શેનો? "મારી જિંદગીમાં એ રસ્તા ઉપર ચડ્યો નથી તો આજે આવું? મારાં હાડકાં નહિ ભાંગી નાખે?" આમ તેણે ગાંધીજીને જણાવ્યું. આમ બૂમો કેમ પાડે છે, એનો ખુલાસો કરતાં સ્થાનિક માણસોએ જણાવ્યું કે નાયાડીઓ દર શનિવારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે પોકાર કરે છે એટલે ઘરમાંથી નોકર ચોખા લઈને આવે છે, નાયાડી પોતાનું કપડું પાથરી દૂર ભાગે છે, એટલે પેલા કપડા ઉપર નોકર ચોખાની મૂઠી ફેંકે છે! પણ આવો હૃષ્ટપુષ્ટ જણાતો જુવાન આમ ભીખ શા સારુ માગતો હશે! આ માણસ તો સુખી નાયાડી હતો, તેને તો રોજની ચાર આના મજૂરી મળતી હતી, તેની સ્ત્રીને ત્રણ આના મળતી હતી. ગાંધીજીએ પૂછ્યું: "ત્યારે તું ભીખ શા સારુ માગે છે?" પેલો કહે: "અમને ગરીબને થોડા વધારે ચોખા મળે તે શું ખોટું?" "પણ, તને હું સારું કામ આપું. તને રોજના આઠ આના સુધી મળે, તોપણ તું ભીખ માગવાની ન છોડે?" "છોડું, પણ મારા ઘરવાળાની રજા લેવી જોઈએ." "કાલે આવીશ?" "ના, કાલે તો નહિ પણ આવતા શનિવારે!" આમ તેણે અમને ટાળ્યા. આમ આ લોકોને ભીખ માગવી પ્રિય થઈ પડી છે, અને હિંદુઓ એને મૂઠી ચોખા નાખીને જાણે કૃતકૃત્ય થતા હોય એવી રીતે પોતાના હૃદયના અવાજ આગળ કાનને તાળાં વાસીને બેઠા છે.

*

એઝવા અને ચિરૂમાનું એક ડેપ્યુટેશન આ પછી આવ્યું. એઝવા એ અંત્યજોમાં 'ઊંચામાં ઊંચા' અને નાયાડી 'નીચામાં નીચા'. ચિરૂમાનો વર્ગ ક્યાંક વચ્ચે આવે છે. 'ક્યાંક વચ્ચે' એટલા માટે કહું છું કે વચ્ચે કેટલાક વર્ગ આવે છે તેની મને ચોક્કસ ખબર નથી. અને આમાં પણ ઊંચા નીચા ઉપર શિરજોરી કરે છે, અને 'નાયાડી' બિચારો જેટલો બ્રાહ્મણની દૃષ્ટિએ તેટલો જ એઝવાની દૃષ્ટિએ અસ્પૃશ્ય છે અને અદૃશ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમાંના ઘણા અંગ્રેજી જાણતા હતા, સૌ સામાન્ય સજ્જનો જેવા ઊજળા અને કેળવાયેલા લાગતા હતા, એટલે પોતે એઝવા છે એમ એમને કહેવું પડ્યું. એ બિચારા પોતાનામાંથી અનેક ખ્રિસ્તી થઈ રહ્યા હતા તેથી મૂંઝાઈ રહ્યા હતા. એકે પૂછ્યું : "આનું શું થાય? શું આ લોકોને ખ્રિસ્તી થવા દેવા?"

ગાંધીજીએ જવાબ આપ્યો : "ખ્રિસ્તી થવા દેવા અને નહિ થવા દેવા : એ અર્થમાં કે જે ધમકી આપે છે તે ભલે ખ્રિસ્તી થતા. જેને પોતાના હક માટે લડવું છે તે હકને માટે લડયાં કરે, પણ લડતાં હારે એટલે લાગલો જ બીજા ધર્મમાં જવાની ધમકી ન આપે. કાં તો હિંદુ ધર્મમાં કાંઈ ખૂબી છે એમ તમે માનો કે નથી એમ માનો. જો ખૂબી છે એમ તમે માનતા હો તો તો એ છોડવાનો સવાલ જ નથી. આજે ખ્રિસ્તી ધર્મવાળા પશુબળ ઉપર નભતાં રાજ્યોમાં જ માને છે. એટલે સાંચા ખ્રિસ્તીઓ જે અહિંસામાં માને છે તે શું ખ્રિસ્તીધર્મ છોડી દેશે? એ જ રીતે અસ્પૃશ્યતા :અને નાતજાતો કે ઊંચાનીચાનો ભાવ એને હિંદુ ધર્મની સાથે કશી લેવાદેવા નથી. છતાં ઘણાં હિંદુઓ તે માનતા હોય તેથી જે નથી માનતા તેણે હિંદુ ધર્મનો ત્યાગ કરવાની જરૂર નથી, તે મરણપર્યંત પેલાઓની સાથે યુદ્ધ કર્યાં કરે એ જરૂરનું છે. પણ તમે જો કહો કે 'ના, હિંદુ ધર્મ અમે છોડી જઈશું,' તો હિંદુ ધર્મ માટે તમને કશી જ કિંમત નથી એમ હું કહીશ."

"હિંદુ ધર્મ ઠીક ઠીક સમયમાં શુદ્ધ થઈ જશે એવી તમે આશા રાખો છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ આશા ન હોત તો મારે માટે જીવવું અશક્ય થઈ પડત."

"આજે સત્યાગ્રહ કોની સામે કરવો ? બ્રાહ્મણો જડ છે, એ સત્યાગ્રહને લાયક નથી. અમે સત્યાગ્રહ કરવાને લાયક નથી !"

"તમે સત્યાગ્રહ કરવાને લાયક નથી એ કહ્યું તે સાચું, પણ અમુક સત્યાગ્રહને લાયક નથી એમ કહેવું એ ખોટી વાત છે. અનિષ્ટ વધારેમાં વધારે જુઓ ત્યાં સત્યાગ્રહને સ્થાન છે જ. જ્યાં હિંસા સિવાય બીજો માર્ગ ન દેખાતો હોય ત્યાં સત્યાગ્રહને સ્થાન છે, કારણ હિંસાની જગ્યાએ અહિંસા સ્થાપવાનું તો આપણું કામ છે."

મહાદેવ દેસાઈ

પુસ્તકાલય
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

વિદ્યાર્થીઓને

વિદ્યાર્થીની સ્થિતિ અને દશા એ બ્રહ્મચર્યની દશા. દરેક ઇંદ્રિયનો સંયમ એ એનો ભાવ છે. વિદ્યાર્થીજીવન એ જીવનનો પાયો છે; જીવનની તૈયારી છે. એ દશામાં માબાપની પાસેથી, શિક્ષકો પાસેથી, સંસાર પાસેથી આપણે લીધા જ કરીએ છીએ. પણ એ લીધા કરીએ છીએ તે એ અર્થે, કે વખત આવ્યે એ લીધેલું બધું ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે પાછું આપીએ.

પ્રાચીન કાળમાં વિદ્યાર્થીઓ 'બ્રહ્મચારી' કહેવાતા. બ્રહ્મચારી એટલે ઈશ્વરને માર્ગે અને ઈશ્વરથી ડરીને ચાલનાર. એ બ્રહ્મચારીઓને રાજાઓ અને મુરબ્બીઓ માન આપતા. સમાજ સ્વેચ્છાએ એમનું પોષણ કરતો, અને બદલામાં તેઓ સમાજને સોગણા બળવાન આત્મા, બળવાન માનસ અને બળવાન બાહુ અર્પણ કરતા.

આજે તો વિદ્યાર્થીને બાર વરસની ઉંમરથી આજીવિકાનો વિચાર કરવો પડે છે. આ તો વિદ્યાર્થીઆશ્રમ સાથે ગૃહસ્થાશ્રમનો સંકર થયો. આ સંગમ નથી પણ સંકર છે. સંગમ તો ગંગાજમનાના સંગમ પેઠે બે શુભ વસ્તુઓનો હોય.

વિદ્યા છે તે મન, શરીર અને આત્માની ઉન્નતિ માટે છે. જેનું શરીર સુવ્યવસ્થિત અને મજબૂત છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સખત ટાઢતડકો અને શ્રમ સહન કરી શકે છે, જેનું મન ધારેલું કામ કરી શકે છે, જે સંયમી છે, જેનો આત્મા સ્વચ્છ છે — એવો સ્વચ્છ છે કે જે કહી શકે કે હું મારા હૃદયના ભણકારા સાંભળવાનો છું (અને આત્માનું સ્થાન હૃદય છે એટલે હૃદય પણ સ્વચ્છ હોવું જોઈએ) — તેણે ખરી વિદ્યા લીધી છે. આ ત્રણ વસ્તુ જેણે મેળવી હોય તેણે આજીવિકાનો પાઠ લેવાની જરૂર શાને હોય? આજીવિકાની ચિંતા શાને હોય? એને તો વિશ્વાસ હોય કે જેણે દાંત આપ્યા છે તે ચાવણું જરૂર આપશે.

વિદ્યાને જે કેવળ આજીવિકાનું સાધન માને છે તેને આજીવિકા પણ મળતી નથી. અને જે વિદ્યાને ખીલવવાની શુદ્ધ બુદ્ધિથી વિદ્યા મેળવે છે તેને આજીવિકા એની મેળે મળી રહે છે. વિદ્યાર્થી નીકળે કે તરત તેને ત્રીસનો કે ત્રણસોનો પગાર શરૂ થઈ જાય એવું જે વિદ્યાપીઠ તમને ખત લખી દે તે તો તમને અપંગ બનાવે છે. પછી પુરુષાર્થની શક્તિ તમારામાં નહિ રહે. ખરી વિદ્યાપીઠ તો તમને માત્ર મુસીબત સામે ટકી રહેવાની અને તેમાંથી નીકળી જવાની શક્તિ આપે.

ગાંધીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે કેરી

[કાલેલકર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ

નાના વિદ્યાર્થીઓ પણ ઝીલી શકે એવું નાટક લખવાનો આ અલ્પ પ્રયત્ન છે.

આ નાટક કંઈ ઉચ્ચ કલાકૃતિ નથી. વાર્ષિક ઉત્સવમાં વિદ્યાર્થીઓને વિનોદનું સુલભ સાધન મળે એ ઉદ્દેશથી જ તે લખાયું છે.

શાળાના ઉત્સવ પ્રસંગે નાટ્યપ્રયોગને સ્થાન ઘણે ભાગે હોય જ છે. કેટલેક ઠેકાણે પ્રતિભાવાન કવિઓની કોઈ અભિજાત કૃતિમાંથી અમુક ભાગ ભજવવામાં આવે છે. મોટેરાંઓને એમાં ખૂબ રસ પડે છે. છોકરાંઓને એમાં ઉત્સાહ તો હોય જ છે, તાલીમ પણ મળે છે; પણ તેઓ પૂરતો રસાસ્વાદ લઈ શકે છે કે કેમ એ વિષે માત્ર કોઈ કોઈ વખતે શંકા રહી જાય છે.

આ પ્રથા પણ આજકાલ મોળી પડી છે. આજકાલનું વલણ મોટે ભાગે એકાદ હાસ્યરસપ્રધાન સંવાદ અથવા પ્રહસન ભજવવા તરફ છે. પ્રહસનમાં સહેલો અને સોંઘો હાસ્યરસ સહેજે જામે છે, તેથી અલ્પસ્વલ્પ શક્તિથી પણ ભારે અસર પાડ્યાનું સમાધાન મળે છે. વિદ્યાર્થીઓની શક્તિ વધવાનો સંભવ હાસ્યરસમાં ઓછો હોય છે. હાસ્યરસ જો સંસ્કારી ન હોય તો અભિરુચિની હાનિ પણ થાય છે. અને ઉત્સવના પ્રસંગો હાસ્યરસથી અલંકૃત થાય છે જ એમ નથી. કોઈક કોઈક વાર ઉત્સવના ગાંભીર્ય અને પાવિત્ર્યને છેલ્લો હાસ્યરસ મારી નાખે છે, અને જાણે આખો ઉત્સવ જ એક કૃત્રિમ નાટક હોય એવી અસર ઉપજાવે છે. ઉત્સવની દૃષ્ટિએ તેમ જ અભિનયકળાની કેળવણીની દૃષ્ટિએ સોંઘો હાસ્યરસ ઇષ્ટ નથી હોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સવ પ્રસંગે પ્રસન્નતાનું વાતાવરણ હોય, ઉત્સાહ હોય, ખુશમિજાજી હોય; — ખુશમશ્કરી હોવી જ જોઈએ એમ નથી. અને હાસ્યરસમાં પણ વિનોદ જુદો અને વિદૂષકપણું જુદું. સંસ્કૃત સાહિત્યમાં જે સાવ ઊતરતો હાસ્યરસ દેખાય છે, તેમાંથી સદ્‌ભાગ્યે આપણે કંઈક ઊગરી ગયા છીએ. સંસ્કારી વિનોદ આપણે કેળવી શક્યા છીએ. પણ હમેશાં હાસ્યરસ જ હોય એમ શા માટે? સંસ્કારી કે અસંસ્કારી હાસ્યરસથી કંટાળ્યા હોઈએ ત્યારે ગંભીર પ્રસંગો પણ રસકર નીવડે છે.

આમાં પ્રવેશો વચ્ચે આવેલી કવિતાઓ શ્રી જુગતરામ દવેએ બનાવી આપી છે. સંગીત નાટકોમાં સંવાદ વચ્ચે જ સંગીત આવે છે. અર્થની દૃષ્ટિએ સંગીત યોગ્ય ઠેકાણે આવ્યું હોય તોય ગાનતાનના આલાપ સંભાષણના પ્રવાહને અસ્થાને તોડે છે. તેના કરતાં પ્રવેશ પૂરો થયા પછી એનો ભાવ બતાવનારું પદ્ય હોય તો એ જ ગરજ વધારે સારી રીતે સરે છે.

લેખક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિંડમાં જેહ બ્રહ્માંડમાં તે જ છે,
તત્ત્વ સામાન્ય સર્વત્ર વિલસે;
રંગભર જે નભોમંડળે રેલતો,
મનુજ મુખમંડળે તે જ વિહસે. પિંડમાં૦

રાષ્ટ્રમાં રાષ્ટ્રની ભક્તિ રૂપે વસે,
તે જ ગૃહમાં ગૃહભક્તિ રૂપે;
અન્ય નથી રાષ્ટ્ર, ને અન્ય નથી ગૃહ વળી,
વારિ જે સરવરે તે જ કૂપે. પિંડમાં૦

ઘર નથી અમન ને ચમનનું સ્થળ ખરે,
ઘર ગણો પરમ ગુરુની જ શાળા;
ઘર તણી હૂંફમાં વિશ્વ-ઘરના લહે
અનુભવો અવનવા બાળ બાળા. પિંડમાં૦

શૂરવીરો અને ધર્મવીરો વળી,
દાનશૂરા તથા સેવશૂરા;
ગૃહ વિષે નીપજીને ત્યાં જ સેવાય સૌ,
ગૃહતણી હૂંફથી થાય પૂરા. પિંડમાં૦

સંત ને સેવકો, ધર્મસંસ્થાપકો,
સાહસિક શોધકો જ્ઞાનગરવા;
સર્વને શિર ઉપકાર ઘરનો ઘણો,
ઘર રૂપી તરુ તણાં સુફળ સરવા. પિંડમાં૦

ઘરતણું જતન કરી જાણશે જેહ નર,
તેહનો સર્વ સંસાર સુધર્યો;
પિંડ પર જેહ જય સાધશે જોગીવર,
તેને બ્રહ્માંડજય સાવ સુતરો. પિંડમાં૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ પહેલો

ગરબડ — ઈશ્વરભાઈ, તમારો નાનો ભાઈ હવે નાનો ન ગણાય. તમે બે હજી સાથે રહો છો એ નવાઈ છે.

ઈશ્વરભાઈ — એમ કેમ બોલો છો ગરબડશા ? ભાઈઓ મોટા થયા એટલે શું એમણે જુદા થવું જ જોઈએ ?

ગરબડ — સીધી વાતને ભાઈસાહેબ, આમ ઊંધી ન લઈ જાઓ. સગા ભાઈઓ તે કાંઈ જુદા થવાનું પસંદ થોડા જ કરે ? પણ દુનિયાનો વહેવાર પણ જરાક જાણવો જોઈએ ના ? ભાઈઓ પરણ્યા, છોકરાંછૈયાં થયાં એટલે જુદા થાય એ જ ઠીક. તમે ભાઈઓ ભાઈઓ તો એક છો જ, પણ રસોડાં અલગ કર્યાં હોય તો પછી નાહકની કચકચનું કારણ ન રહે.

ઈશ્વરભાઈ—અરે, બે માજણ્યા ભાઈઓ ભેળા રહે એ તમારાથી દેખ્યું નથી જતું શું ? શું આ જમાનાનો એટલો બધો જુલમ કે એક ઘરમાં બે ભાઈઓ સાથે રહે પણ નહિ અને સાથે જમે પણ નહિ ?

ગરબડ — હું ક્યાં કહું છું કે બે ભાઈઓ સાથે રહી ન શકે ? અને તમે બે ભાઈઓ સાથે રહો તેમાં મારા પેટમાં થોડું જ દુખવાનું હતું ! એક લોહી તે એક લોહી. ગમે તેવો જમાનો આવે તોયે ડાંગે માર્યાં પાણી કંઈ નોખાં થવાનાં હતાં ? મારું કહેવું તો એટલું જ હતું કે તમારા કરતાં વહેવાર મેં જરા વધારે જોયો છે. તમે ભાઈઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો એક લોહીના રહ્યા એટલે તમે નહિ લડો, બધા ઘૂંટડા ગળી જશો; પણ પારકી જણીઓ લડ્યા વગર રહેશે? અને તેઓ જ્યારે આંખમાં ગંગાજમના રેલાવીને તમને તાણવા નીકળશે ત્યારે સગા ભાઈઓ પણ સગા મટી જશો. એટલે મેં તો સહેજ તમારા કાને નાખી જોયું કે ભાઈ, પાણી પહેલાં પાળ બાંધો તો સારું છે. ભેગું ગબડાવી શકો તો તો મારી આંખ જ ટાઢી તો.

ઈશ્વરભાઈ—ના બાપા, પાણી પહેલી પાળ બાંધીને મારે પાણીને નોતરવું નથી. અમારાં દિલ જ્યાં સાફ છે ત્યાં કોની મગદૂર છે કે અમારામાં ફાટ પડાવે?

ગરબડ—હા ભાઈ, એ તો ખરુંસ્તો. માફ કરજો હોં. મેં તો સહેજ મનમાં આવ્યું એટલે કહી નાખ્યું છે. એનું કશું મનમાં ન આણશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકા નાગણી રે, વહાલાં ! ના કરશો કોઈ સંગ;
શંકા પાપણી રે, પ્રેમી ! પાડશો ના પરસંગ.
માળ પડેલી ફૂલની — એની રંગમેરંગી ભાત;
ભાળ્યું એટલું માનજો મા તમે, મેલજો મા ઝટ હાથ.
શંકા નાગણી રે, વહાલાં ! વખભરિયા એ રંગ;
શંકા સાપણી રે, બાપુ ! ભોળવીને દે ડંખ.
શાપણી ડસે એકને ત્યારે એકના લેતી પ્રાણ;
શંકા નાગણી એકને ડસે તો કરે અનેકની હાણ.
શંકા સાપણી રે, ધારે નિત નવા રૂપરંગ;
શંકા નાગણી રે, પ્રેમી પાડશો ના પરસંગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ બીજો

ઈશ્વરભાઈ — અલ્યા એ કેરીવાળા, કેરી કેમ આપી? સારી છે કે રાશી? દરજનનું શું? બોલ. સારી હોય તો જ બતાવજે હોં.

નાનાભાઈ — કેરી તો સારી છે. પણ કેટલી બધી મોંઘી? જવા દો ને થોડા દિવસ. પછી જ લઈશું, મોટાભાઈ.

ઈશ્વરભાઈ — [વિનોદમાં] કેમ, તારા મોહનને કેરી નથી સદતી તેથી કે? આપણે ક્યાં ગાડું ઠાલવવું હતું જે! ધીરુ રોજ 'બાપુ કેરી લાવો' 'બાપુ કેરી લાવો' કરીને પજવે છે એટલે થયું લાવો થોડીક લઈ રાખીએ. છોકરાંઓ ખાશે ને રાજી થશે.

અલ્યા કેરી તો બહુ મોંઘી છે તારી. નથી લેવી જા.

ચારુ, રાખ જરા. બે દરજન આપતો જા.

[કેરી ખરીદ કરે છે.]

[ભાઈને ઉદ્દેશીને] કેરી છે તો મોંઘી, પણ આપણે થોડા જ રોજ રોજ લઈએ છીએ? પડોશીનાં છોકરાં કેરી ખાય ને આપણાં એમની સામું ટગરટગર જોયાં કરે એ ઠીક નથી લાગતું. છોકરાંઓ એક વાર ભૂખલ્યાં થઈ જાય તો પછી ખાનદાની કેળવાય જ નહિ.

નાનુ, પેલી કેરીની ટોપલી ઘરમાં મૂકી દે તો.

[નાનાભાઈ ટોપલી ઉપાડે છે.]

ના, જરા રહે. હમણાં છોકરાઓ નિશાળેથી આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ટોપલીમાંથી બે કેરીઓ લઈને —]

બસ, હવે બાકીની અંદર મૂકી આવ.

[નાનાભાઈ અંદર જાય છે.]

ઈશ્વરભાઈ — [જમણા હાથમાંની મોટી કેરી તરફ જોતાં જોતાં] ધીરુને કેરીઓ બહુ ભાવે છે. કેરી જોઈને એવો તો કૂદશે.

પણ છોકરાઓ આજે હજી કેમ ન આવ્યા? આ માસ્તર લોકોને જરાય વિચાર જ નથી હોતો. દસ તો કયારના વાગી ગયા. હજી છોકરાઓને ગોંધી રાખ્યા છે. પોતે ચચ્ચાર વાર ચા પીએ એને ભૂખ શાની લાગે? બિચારાં છોકરાંઓનાં પેટમાં તો કયારનાં કુરકુરિયાં બોલવા માંડયાં હશે. પણ એ લોકને એનું ભાન શેનું હોય?

[ધીરુ અને મોહન આવે છે.]

આવ્યા આવ્યા, ઓ પેલા છોકરાઓ આવ્યા.

[મોટે સાદે] છોકરાઓ, કે.... રી ..., કેરી.... એ જુઓ કેરી.... બોલો કોને જોઈએ કેરી?

મોહન — કયાં છે કેરી, કયાં છે કેરી?

ધીરુ — મારે જોઈએ છે, મારે જોઈએ છે. આપો, મને આપો કેરી.

[દોડતા દોડતા છોકરાઓ બાજુઓ ફેરવે છે. ધીરુ ઈશ્વરભાઈની ડાબી તરફ અને મોહન જમણી તરફ આવે છે. ઈશ્વરભાઈના મનમાં ધીરુને મોટી કેરી આપવાનું હતું એટલે અજાણતાં જ એના હાથની આંટી પડે છે — જમણો હાથ ડાબી તરફ અને ડાબો જમણી તરફ જાય છે. એટલામાં નાનાભાઈ ટોપલી ઘરમાં મૂકીને બહાર આવે છે. મોટાભાઈના હાથની આંટી જોઈ એના મોઢા ઉપર વહેમની છાયા પથરાય છે.]

નાનાભાઈ — [ચિડાઈને] મોટાભાઈ, આજથી આપણું પણ આમ જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરભાઈ — [આશ્ચર્યથી] એટલે શું ?

નાનાભાઈ — [રોષથી દબાયેલા સાદે ધીમે ધીમે બોલે છે] એટલે એ જ કે હવે પછી આપણું ભેગું નહિ ભળે. હવે સાથે નહિ રહેવાય.

ઈશ્વરભાઈ [આશ્ચર્યથી મૂંઝાઈને] અરે પણ થઈ શું ગયું ? વાત તો કર. પેલા ગરબડશાએ ભંભેર્યો લાગે છે.

નાનાભાઈ — [ઊંચે સાદે] બિચારો ગરબડશા શા સારુ ભંભેરે ? અમે સગી આંખે જોઈએ છીએ તે જ બસ નથી શું ?

ઈશ્વરભાઈ — અરે પણ તેં એવું તે શું જોઈ નાખ્યું એ તો કહીશ કે નહિ ? આજે તને થઈ શું ગયું છે ?

નાનાભાઈ — મને વળી શું થાય ? તમારા હાથમાં આંટી પડી એ જ બતાવે છે કે દિલમાં આંટી પડી ચૂકી છે. હવે ભેગા કેમ રહેવાય ?

ઈશ્વરભાઈ — [આશ્ચર્યથી પોતાના હાથ તરફ જુએ છે અને ખડખડાટ હસીને] ઓહો, આ તો હાથને આંટી પડી ગઈ! અને એટલામાં ભાઈસાહેબ આટલા બધા ચિડાઈ ગયા ! ધીરુને મોટી કેરી આપવાનું મન થયું હતું ખરું, પણ તેમાં શું થઈ ગયું ?

નાનાભાઈ — શું થઈ ગયું ? તેથી તો બધું જ થઈ ગયું.

ઈશ્વરભાઈ — માન કે એ મારી ભૂલ થઈ, પણ તેટલા ઉપરથી તે વળી એક ઘરનાં બે ઘર કરાતાં હશે ?

નાનાભાઈ — અને હમણાં કેરીવાળાના દેખતાં 'તારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહન ને મારો ધીરુ'ની વાત કરતા હતા એ પણ અમસ્તી જ હશે કાં ?

[જરા થોભીને]

ના, મોટાભાઈ, હવે ભેળા રહેવામાં માલ નથી. મને નોખો થવા દો. જેમ જેમ દહાડા વધતા જશે તેમ તેમ ખટાશ વધ્યે જ જવાની. ગરબડશાનું બિચારા જીવનું કહેવું મને તો સાચું લાગે છે.

ઈશ્વરભાઈ — પણ તું આટલો અધીરો કેમ થઈ ગયો છે? આટલા દિવસ ભેગા રહ્યા તે શું એળે જ ગયું? બાપાને ગુજરી ગયાને આજકાલ કરતાં બાર વર્ષ થવા આવ્યાં. આટલા દિવસ કોઈ કાળે ન બગડયું તે એક આંટીથી બગડી ગયું? અને બગડયું હોય તોયે શું? આપણે પાછું સુધારી લઈશું. અક્કલ જરા ઠેકાણે રાખીએ, નાના, અક્કલ ઠેકાણે રાખીએ.

નાનાભાઈ — ના મોટાભાઈ, બૂંદ સે ગઈ સો હૌજ સે નહીં આતી. ભલે તમે તમારે મને જ ભૂંડો સમજજો. બાર વરસ સુધી કોઈ કાળે કોઈ પણ પ્રસંગે મનમાં ભેદ ન આવ્યો તે આજે જ કેમ આવ્યો?

[થોડોક વિચાર કરીને ઠંડા અવાજે]

મોટાભાઈ, હું તો જુદો થવાનો જ.

ઈશ્વરભાઈ — [અધીરાઈથી] અને હું તને નહિ જ જુદો થવા દેવાનો. ગમે તે થાઓ તોયે હું તારો મોટો ભાઈ છું, સમજ્યો. દુકાન અને ખેતર મારા હાથમાં છે. તારે નોખું રાંધી ખાવું હોય તો ભલે તું તારે રાંધી ખાજે, પણ અનાજનો એક દાણો મારા ઘરમાંથી મળવા નહિ દઉં. કહું છું તે માની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જા, કાગનો વાધ ન કર. આ તો જાણે મૂછ ઊગી એટલે મોટા થઈ ગયા! અને વળી પાછો મને શિખામણ આપવા આવ્યો છે—'બૂંદ સે ગઈ સો હૌજ સે નહીં આતી!'....

નાનાભાઈ—એટલે શું મારે સદાને માટે તમારા કહ્યામાં જ રહેવું? તે નહિ બને. હવે હું પણ મોટો થયો છું. હા હા, મૂછ કંઈ અમસ્તી જ નથી ઊગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ ત્રીજો

ઈશ્વરભાઈ — [સ્વગત] ઘરમાં આ શું થવા બેઠું છે ? નાનાએ આજ સુધી આવો જવાબ કોઈ દિવસ આપ્યો નહોતો. ત્યારે શું આજે જ એ એકાએક બગડી ગયો ? કે અત્યાર સુધી મેં એને ઓળખ્યો જ નહિ ? કયું સાચું માનવું ? સગો ભાઈ એકાએક બગડે એ પણ માન્યામાં કેમ આવે ? અને આટઆટલાં વરસ પેટમાં પાપ સંઘરી નાનો મીઠી મીઠી વાતો કરતો હશે એમ પણ કેમ મનાય ? બાર બાર વરસ થયાં ઘરનું બધું વૈતરું હું જ કરતો આવ્યો છું. એને કંઈ કરવું પડયું છે ? ઘરમાં જમાઈની પેઠે રહે છે ! અને છતાં મારા હાથમાં ધીરુને એક કેરી આપવા જેટલીયે સત્તા નહિ !

છતાં હું બધું ગળી જાઉં છું. આખા જન્મારામાં કોઈની આગળ ભૂલ કબૂલ કરી નહોતી તે ભાઈ ખાતર કબૂલ કરી દીધી. તોય એ ક્યાં માને છે ? મારા વચનની કંઈ જ કિંમત નહિ ! અને જાણે હું જ ગુનેગાર હોઉં તેમ મને મહેણું મારે છે — બૂંદ સે ગઈ સો હૌજ સે નહીં આતી. દોકડો કેમ કમાવો એની તો આવડત ન મળે અને મોટો બિરબલ થવા જાય છે. ગમ ખાવાથી હવે નહિ ચાલે. હવે તો એને બતાવી જ દઉં કે ઘરમાં એની જગ્યા કઈ છે. પણ આપણે જ મોઢે ચઢાવીએ અને પછી માથે ચડીને બેસે એમાં એનોયે વાંક શો ? મેં કહ્યું કે મારી ભૂલ થઈ એમ ગણ ને ભલો થઈને માની જા. એનીયે એ ભાઈને ક્યાં કિંમત છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન મા મન થકી મોટો,
હો માનવી માન મા મન થકી મોટો.
નાનો હતો ત્યારે મોટા થવાની
હોંશે થતો નિત્ય મોટો;
મોટો મોટો કરી તને લોકે ચડાવ્યો,
અહ્યા તે'દિનો તું થયો ખોટો. હો૦
નાનો હતો ત્યારે નાની હાથુડીએ
વિશ્વાસે વસ્તુ સહાતો;
મોટો રે મનથી બન્યો તે'દિનો
વહેમ થકી મારતો લાતો. હો૦
નાનો હતો ત્યારે માનીતો થઈને
સૌમાં તું સહેજમાં સમાતો;
મોટો બનીને હવે દરિયો ને દુનિયા
માથે ઉપાડવાને ધાતો. હો૦
નાનો હતો ત્યારે કેવો નાનાં માબાપને
પ્રેમે પ્રભુ ગણી જોતો;
મોટાઈમાં આજ અહ્યા ત્રણે ભુવનનો
સ્વામી તે તારે મન છોટો. હો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ ચોથો

ચતુરભાઈ વકીલ — [ખુરશી પરથી ઊઠીને] ઓહોહોહો નાનાભાઈ! તમારાં પનોતાં પગલાં અમારે આંગણે ક્યાંથી? આવો આવો પધારો. બેસો. ત્યાં નહિ, અહીં બેસો. શી નવાજૂની છે? આ વરસે વરસાદ તો સરસ થયો છે.

તે દિવસે શાળાના મેળાવડામાં તમારા જ છોકરાએ વન્દે માતરમ્ ગાયું હતું ને? કેવું સરસ ગાયું હતું! સાચે જ કહું છું નાનાભાઈ, તમારો દીકરો મોટો દેશભક્ત થવાનો છે. તમારે એને અત્યારથી જ ભાષણો કરવામાં તૈયાર કરવો જોઈએ. એના અવાજમાં 'રિંગ' છે હો. રિંગ એટલે તમે ન સમજ્યા? રિંગ એટલે બોલતી વખતે થતું અવાજનું ગુંજન. ભાગ્યે જ કોઈ એક વક્તામાં એ જોવામાં આવે છે. તમારો દીકરો 'ફર્સ્ટક્લાસ ઑરેટર' થવાનો છે.

નાનાભાઈ— હા, તમારા જેવાની કૃપાથી છોકરો સારો નીવડ્યો છે.

ચતુરભાઈ— પણ તમારો ધીરુ કેમ આટલો મંદ? એમ તો બન્ને એક જ ઘરમાં એકસરખા ઊછરેલા. સાથે જ જમનારા ને સાથે જ ભણનારા. જુઓ એક જ ઘરના છોકરાઓ, પણ અક્કલ તો ઈશ્વર આપે ત્યારે જ ને?

પણ હવે જવા દો એ વાત. તમારું આવવું કેમ થયું એ તો કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનાભાઈ — એ છોકરાઓની વાત લઈને જ આવ્યો છું ભાઈ. મોટાભાઈએ ધીરુને આટલો મોઢે ચડાવ્યો ન હોત તો તે પણ મારા મોહન જેટલો જ હોશિયાર થાત. ઘરની વાત બહાર કેમ કહેવાય ? પણ તમને જ કહું છું. ચાર વરસ થયાં અમારું ગાડું ચીલેથી ઊતરી પડ્યું છે. મારે મારા મોહનને મુંબઈ ભણવા મોકલવો છે. મોટાભાઈ ના પાડે છે. એમનો ધીરુ ઠોઠ નીવડ્યો ત્યારથી કેળવણી વિષેની એમની બધી ઊલટ જ ભાંગી ગઈ છે. મોહન હોશિયાર છે એમ આખું ગામ કહે છે, પણ તેનું એમને શું ? આંગળીથી નખ વેગળા એટલા વેગળા. તેઓ તો એક જ વાત લઈને બેઠા છે — મુંબઈ જઈને છોકરાઓ બગડે છે અને મારે મોહનને મુંબઈ મોકલવો નથી, નથી ને નથી. ઘણાય એમને સમજાવ્યા, પણ એકના બે થતા નથી. હવે મારે કરવું શું ? ભાઈની હઠની ખાતર મારા છોકરાની કેળવણી બગડવા દઉં ?

ચતુરભાઈ — [જરાક આવેશમાં] હું તો મારા ઘરના કૂતરા કે ઘોડાની કેળવણી વિષે પણ બેદરકાર ન રહું. કેળવણી છે તો બધું છે. અમે સરકાર સાથે પણ કેળવણી માટે જ લડીએ છીએ ને ! આજે અમેરિકા આટલું આગળ કેમ છે ? કેળવણીને લીધે જ તો. જર્મનીથી દુનિયા કેમ આટલી બધી ધ્રૂજે છે ? કેળવણીને લીધે. પેલો ઍન્ડ્રુ કાર્નેગી જુઓ. નાનપણમાં કોલસાની ખાણમાં મજૂરી કરતો. આજે દુનિયામાં એને તોલે આવે એવો પૈસાવાળો કોણ છે ? ભલભલા રાજાઓ તેની ખુશામત કરે છે. બુકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટી. વૉશિંગ્ટન લો. એક ગુલામ સીદીનો છોકરો, પણ કેળવણી લઈને પોતાની કોમનો આગેવાન થયો. અમેરિકાના ખુદ પ્રેસિડેન્ટે એને પોતાની સાથે ખાણું લેવા બેસાડયો. તેથી હું તો માનું છું કે કેળવણી છે તો બધું જ છે.

નાનાભાઈ — માટે જ તો હું મોહનની કેળવણી માટે આટલો ઇંતેજાર છું. પણ મોટાભાઈને મનાવવા કેમ? આજકાલ તો જે કંઈ હું કહું તે બધું એ ઊંધું જ સમજે છે. આપ કંઈક ઇલાજ ન બતાવો?

ચતુરભાઈ — હું તો ભાઈ શો ઇલાજ બતાવું? ચાર વરસ સુધી કંઈ તમે ઓછા ઇલાજો અજમાવ્યા હશે? હું તો દુનિયાનો વહેવાર જાણું. સૌને સૌનો સ્વાર્થ વળગેલો જ છે. અંગ્રેજોને અંગ્રેજોનો સ્વાર્થ છે, આપણને આપણો છે. અંગ્રેજોને નકામા વખોડવા મને પસંદ નથી. હું પોતે જ જો અંગ્રેજ હોત તો કોઈ કાળે લોકોના બકવાદથી ગભરાઈ જઈને હાથમાંનો કોળિયો છોડી દેત નહિ. અમે પણ બરાબર જાણીએ છીએ કે અટકીને ઊભું રહેવું નહિ પડે ત્યાં સુધી આ સરકાર આપણને કશું આપવાની નથી. નાક દાબો એટલે મોં એની મેળે ઊઘડવાનું. કુદરતનો જ એ કાનૂન છે.

નાનાભાઈ — મને પણ હવે એમ લાગવા માંડયું છે ખરું.

ચતુરભાઈ — પણ ભાઈ, તમે તો ખાનદાન ઘરના રહ્યા. તમે અમારી વાત માનો તે પહેલાં બીજાં ચાર વરસ વહી જશે. ચાર વરસમાં તમારું તો કંઈ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બગડવાનું નથી, પણ બિચારા મોહનની ઉંમર જાય છે એનું જરા ખોટું લાગે છે.

મને એક કેસ મળે એટલા માટે નથી કહેતો હોં. મારે કંઈ પ્રેક્ટિસની અછત નથી. હું તો દસ દિવસના કેસો બે દિવસમાં જ પતાવી દઉં છું. એક માણસ પાસેથી મહિનાના મહિનાઓ સુધી ફી ચૂસવી એ આપણને ન ગમે. દરેક અસીલનું કામ તરત પતાવી દેવું અને તેમને રાજી રાખવા એ જ મારી તો હમેશની પૉલિસી છે. અસીલોને કંઈ બિચારાઓને મફતના પૈસા આવે છે? બાપડા રાત-દિવસ તનતોડ મહેનત કરે ત્યારે કંઈક કમાય. હું તો મારી પોતાની મહેનત ઉપરથી કલ્પી શકું છું કે સૌને કેટલી વીસે સો થતા હશે. માણસ જો ઈમાનદારીથી કામ કરે તો ઈશ્વર કંઈ તેને ઓછું આપતો નથી.

નાનાભાઈ — એટલા માટે જ તો ભાઈસાહેબ તમારી પાસે આવ્યો છું. તમે સાચી સલાહ આપશો એવી ખાતરી ન હોત તો તમારી પાસે આવત જ શા સારુ? બોલો ત્યારે હવે મારે શું કરવું?

ચતુરભાઈ — [હળવે અવાજે] તમારા પિતાશ્રી કંઈ વસિયતનામું બસિયતનામું કરી ગયા છે?

નાનાભાઈ — કરી ગયા છે તો ખરા, અને તે છે પણ મારી જ પાસે. પણ તેના ઉપર સાક્ષીની સહીઓ કરાવવાની રહી ગઈ છે. તે દિવસ કોને ખ્યાલ હતો કે વસિયતનામાની આમ કોઈવાર જરૂર પડવાની? અમે તો તે વખતે રામરાજ્યમાં હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુરભાઈ — સાક્ષી નહિ હોય તેમાં હરકત નથી. આપણે દંડ ભરીને કોરટ પાસેથી પ્રોબેટ મેળવીશું. પછી જરૂર પડયે કોરટમાં પાર્ટિશન સૂટ માંડીશું. કાલે સવારે નવ વાગ્યે મારી પાસે એ કાગળ લઈને આવજો. પછી શું કરવું તે વિચારીને તમને વિગતવાર કહીશ.

નાનાભાઈ — પણ પહેલાં તમારી ફીનું નક્કી કરી લઈએ તો ઠીક, વકીલસાહેબ.

ચતુરભાઈ — ઓહો, ફી વળી ક્યાં ભાગી જાય છે? તમારા જેવા ખાનદાન માણસ પાસે હું ફીની વાત જ કરતો નથી. અને અત્યાર સુધીની વકીલાતનો મારો અનુભવ છે કે મને કોઈ ઓછું આપીને જનારો મળ્યો નથી. દુનિયામાં હજી નેક માણસની કદર છે.

નાનાભાઈ — લો ત્યારે જે જે. કાલે નવ વાગ્યે આવીશ.

ચતુરભાઈ — હા, જરૂર. જે જે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીરખો માયાની માયાની,
આ વિધવિધવરણી ગુજરી
નીરખો માયાની માયાની — !
નીરખો ને નખશિખ પરખો
ગુજરી માયાની માયાની !
અહીં દ્રવ્ય કહી દે દારૂ,
તહીં મીઠું કહી દે ખારૂં;
રે અવળાંકરણી ગુજરી
નીરખો માયાની માયાની ! નીરખો ને૦
કંચન કહી કથીર આલે,
હીરો કહી પથ્થર ઘાલે;
રે શી છળકરણી ગુજરી —
નીરખો માયાની માયાની ! નીરખો ને૦
હક લેવા હરખે ચાલ્યો,
તો ઝઘડો ઘરમાં ઘાલ્યો;
રે અક્કલહરણી ગુજરી
નીરખો માયાની માયાની ! નીરખો ને૦
લો ન્યાય ન્યાય કહી વેચે,
પરખાવે સ્વારથ પેચે;
રે શી છેતરણી ગુજરી
નીરખો માયાની માયાની ! નીરખો ને૦
દે અન્ન કહી પાષાણ,
ને જ્ઞાન કહી અજ્ઞાન;
રે પ્રપંચકરણી ગુજરી
નીરખો માયાની માયાની ! નીરખો ને૦
અમૃત કહી વેચે મૃત્ય,
ને સત્ય કહી અસત્ય;
રે ધર્મવગરની ગુજરી
નીરખો માયાની માયાની ! નીરખો ને૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ પાંચમો

ગરબડ — કેમ ઈશ્વરભાઈ, યાદ છે તે દિવસની ? મેં નહોતું કહ્યું તમને કે આ કળીયુગનો જમાનો છે; આ જમાનામાં બે સગાભાઈઓ પણ સાથે ન રહી શકે ? તે વખતે તમારે ગળે ન ઊતર્યું. હવે જુઓ મામલો ક્યાં આવી પહોંચ્યો.

ઈશ્વરભાઈ — હા, યાદ તો છે. પણ તમારા જેવા કજિયાદલાલના કહેવાથી સગાભાઈને હું કંઈ જુદો થવા દઉં ? હા, એટલું ખરું કે ચાર વર્ષ થયાં ઘણી વાર અંદર અંદર જરાક કંકાસ થવા લાગ્યો છે ખરો. તોપણ ઘરનાં વાસણ ઘરમાં જ ખખડે એ ઠીક. એક વાર જુદા ચૂલા માંડીએ એટલે પછી ખાનદાની ક્યાં રહી ?

ગરબડ — તમે તો ભાઈ મોટા ખાનદાન માણસ. અમે રહ્યા કજિયાદલાલ. પણ તમારા પોતાના જ ઘરમાં શું ચાલી રહ્યું છે એની તમને ભાળ છે ? ખાનદાની ખાનદાની કરીને બેસી રહેશો ને એકાદ દિવસ પહેર્યે લૂગડે તમારા વહાલા ધીરુને લઈને ઘર બહાર નીકળવું પડશે એનો ખ્યાલ છે ? દુનિયા કહે છે કે એક હાથે તાળી નથી વાગતી; હું કહું છું, એક હાથે ખાનદાની પણ જળવાતી નથી. તમારો નાનો ભાઈ કોરટે ચડ્યો જ એમ માનજો. અને તમે તો ખાનદાનીનું નાડું ઝાલીને બેઠા છો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરભાઈ — હેં ! મારા સમ ? સાચે જ કે ? નાનો કોરટે ગયો ? હોય નહિ.

ગરબડ — હોય નહિ તો ભલે, બહુ સારું; તમારા મોંમાં સાકર. જે જે, બેસો, હું જાઉં છું.

ઈશ્વરભાઈ — ના ના, ના ના, ઊભા રહો. તમને કોણે કહ્યું ? નાનો ક્યારે કોરટે ચડ્યો ? વાત તો કરતા જાઓ.

ગરબડ — હા હા, ખાનદાન ઈશ્વરભાઈનો નાનો કોરટે ચડી ચૂક્યો. કાલે જ એનો દીકરો નિશાળમાં વાતો કરતો હતો. હું અચાનક ત્યાં જઈ ચડ્યો. મને જોઈને એ જરા ખંચાયો, પણ મેં તો એની બધી વાત સાંભળી લીધી.

ઈશ્વરભાઈ — હેં....

ગરબડ — તમે મોહનને મુંબઈ નથી જવા દેતા, પછી નાનો ભાઈ બિચારો શું કરે ? બોલો હવે, તમે શું કરવા ધાર્યું છે ?

ઈશ્વરભાઈ — [આવેશથી] શું કરવા ધારું છું ? એના હાથમાં રાતી પાઈ આવવા નહિ દઉં ! અમેયે દીકરાનાં વહાલ બહુ જોયાં છે, પણ દીકરાને મુંબઈ મોકલવા ખાતર કોઈ ભાઈને કોરટે ચડ્યો સાંભળ્યો નહોતો. એને ફૂટી બદામ મળવા નહિ દઉં. એ શું સમજે છે ? હું મોટો ભાઈ અહીં બેઠો છું તે એને મન જાણે ગાજર મૂળા હોઈશ !

ગરબડ — એ કંઈ તમારા હાથની વાત થોડી જ રહી છે ? સગો ભાઈ કંઈ ભાઈનો ભાગ એમ છોડશે ?

હા, કોઈ સારો વકીલ કરો તો વળી કાયદામાંથી કંઈક બારી કાઢી આપે ખરો. જુઓ, આજનો જમાનો જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વકીલોનો છે. બ્રહ્માયે ન કરી શકે તે આજના વકીલો કરી બતાવે. વકીલ એ તો આ જમાનાનું બ્રહ્માસ્ત્ર જ સમજજો.

પણ ભાઈ તમે તો રહ્યા ખાનદાન માણસ, તમે વકીલ શાના કરો? બધું જ સોંપી દોને પેલા મોહનને કે મુંબઈ જઈને બાર મહિનામાં બધું હથેળી જેવું કરીને ઘેર આવે.

[ગરબડ જાય છે.]

ઈશ્વરભાઈ—[સ્વગત] અરે રામ, નાનો કોરટે ગયો. હવે શું બાકી રહ્યું? હવે તો એ જ, હુંયે કોરટે ચડું, વકીલ પણ કરું, ફાવે તે કરું, પણ એને કાણી કોડીયે ન મળવા દઉં ત્યારે હું ખરો. ત્રણ પેઢીની કમાઈ એક વરસમાં ઉડાવી આવે! એને પાઈ હાથ આવવા ન દઉં. જોઉં તો ખરો, એ કેમ કરીને ઉડાવે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

કોણ નગર મદમાતા મુસાફર,
કોણ નગર તમે ચાલ્યા રે ?
નરક નગરના કે સ્વરગ નગરના –
ક્યાંના મારગ તમે ઝાલ્યા રે ?
મૂછ વાંકડી, ચાલ વાંકડી, વાંકી ભંમરવાળા રે;
ધમ ધમ પગલે ધરણી ધ્રુજવો, વરરાજાના ચાળા રે. કોણ૦
આગળ વાજાં પાછળ વાજાં, અંબાડી પર ઝલે રે;
હોંશે હોંશે નથી સમાતા, ફૂલમાં છાતી ફૂલે રે. કોણ૦
નરક નગર તમે ચાલ્યા મુસાફર,
જાણે તેણે તો તને જાણ્યા રે;
જાણકારે કર ગ્રહી ગ્રહી તાણ્યા,
અજાણે અમથા વખાણ્યા રે. કોણ૦

૨

કોણ નગર માનવંતા મુસાફર,
કોણ નગર તમે ચાલ્યા રે ?
સ્વર્ગ નગરના કે નરક નગરના—
ક્યાંના મારગ તમે ઝાલ્યા રે ?
ધીરે ધીરે રે તમે ધીર વટે પગ થીર કરીને મૂકો રે;
સામે'મળે તેને શીશ નામો છો, વાટની પૂછો છે વાંકોચૂંકો રે. કોણ૦
નેણ નર્માળાં ને વેણ રસાળાં, ચાલો છો તમે પગપાળા રે;
ચાલો છો તેમ તમે થાક ન જાણો ને,
અદકા બનો છો ઉજમાળા રે. કોણ૦
સ્વર્ગ નગર તમે ચાલ્યા મુસાફર,
જાણે તેણે તો તને જાણ્યા રે;
જાણ્યા તેણે તમને જય જય કીધા,
બહુ બહુ હરખે વખાણ્યા રે. કોણ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ છઠ્ઠો

મગનભાઈ વકીલ — તમે જાણો છો કે હવે મેં તો પ્રેક્ટિસ છોડી દીધી છે. ઘણું કમાયો અને ઘણું પસ્તાયો. કમાણી ભલે થઈ હશે, પણ આખો જન્મારો ખાળના એઠવાડ ચૂંથવામાં ગયો એમ જ કહો ને! એના કરતાં બીજો કંઈક ધંધો કર્યો હોત તો જીવતર સફળ થાત. ખેર. પણ હવે તમારી શી વાત છે એ તો કહો.

ઈશ્વરભાઈ — વાત કહેતાં પણ શરમ આવે છે, વકીલ-સાહેબ. ત્રણ પેઢીમાં બન્યું નથી એ આજે બનવા બેઠું છે. કહે છે કે નાનો મારી સામે મિલકત વહેંચણીનો દાવો કરનાર છે. એની અરધી એસ્ટેટ વેચીને એને દીકરાને મુંબઈ મોકલવો છે, વિલાયત મોકલવો છે, બાલિષ્ટર કરવો છે. તમે જ કહો મગનભાઈ, દીકરાના ભણતરને નામે કોઈએ આમ ઘરનાં ફનાફાતિયાં કર્યાં છે? હું મોટોભાઈ બેઠો છું, ઘરનો બધો કારભાર મારા હાથમાં છે. એને શી રીતે અધીં મિલકત મળી શકે?

મગનભાઈ — જુઓ ઈશ્વરભાઈ, તમે જરા આકળા થયા લાગો છો. જરા શાંત થાઓ તો હું તમારી જોડે વાત કરી શકું.

ઈશ્વરભાઈ — હું તો શાન્ત જ છું ને. પણ તમે જ કહો, એક ઘરનાં બે ઘર એમ કંઈ સહેજ વાતમાં કરાય? ત્રણ ત્રણ પેઢીઓ સાથે રહ્યા તે શું કોરટે જવા માટે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગનભાઈ — જુઓ, તમે જ સિદ્ધ કરો છો કે તમે સારી પેઠે ઉશ્કેરાયેલા છો. તમારા સવાલનો જવાબ તમે જ્યાં સુધી ઉશ્કેરાયેલા છો ત્યાં સુધી હું ન આપી શકું. તમે જરા શાન્ત પડો તો હું તમને બધી સમજ પાડું.

ઈશ્વરભાઈ — મગનભાઈ, તમે તો મને પિતાને ઠેકાણે છો. તમારું કહ્યું નહિ સાંભળું તો કોનું સાંભળીશ ?

મગનભાઈ — જુઓ ઈશ્વરભાઈ, કાયદાની વાત જુદી છે, અને ધર્મની વાત જુદી છે. ધર્મ સમાજને ટકાવવા માટે અને ચડાવવા માટે છે, જ્યારે કાયદો સમાજને તોડવા માટે છે. વીસ વરસની વકીલાતના અનુભવનું દોહન છે તે આ તમને કહ્યું. જુઓ પેલી ન્યાયદેવીની છબી— વિલાયતના ચિત્રકારે ચીતરેલી. એની આંખે પાટા છે. એના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ત્રાજવું છે. લોકો એનો અર્થ એવો સમજાવે છે કે ન્યાયદેવીની આગળ પક્ષપાત નથી, એ માણસનું મોઢું જોઈને ન્યાય નથી તોળતી. હું એનો અર્થ જુદો કરું છું. ન્યાયદેવી આંખે પાટા બાંધીને છતી આંખે આંધળી થઈ છે. એ કલ્યાણ અકલ્યાણનો વિચાર કરવા માગતી નથી. એના જમણા હાથમાં તલવાર છે ને, તે પ્રેમનું બંધન તોડવા માટે છે. પ્રથમ એ તે બંધનને તોડે છે અને પછી ત્રાજવાનો ન્યાય તોળી આપે છે.

હું તો તમારા મતનો જ છું કે બાપીકી એસ્ટેટ મોટા ભાઈના હાથમાં જ રહે. પણ કાયદામાં એ નહિ ચાલે.

ઈશ્વરભાઈ — પણ કાયદાનો તો તમે જેવો અર્થ કરો તેવો થાય. તમે તો માનો જ છો કે બધો વહેવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટાભાઈના જ હાથમાં રહેવો જોઈએ. તો કાયદાની એવી કોઈ બારી મને ન બતાવો ? તમે કહો તેમ પૈસા ખરચવાને હું તૈયાર છું.

મગનભાઈ — ઈશ્વરભાઈ, મારી વાત સાંભળી લો. મારી માન્યતા પ્રમાણે ઘરની એસ્ટેટ એ કોઈ વ્યક્તિની છે જ નહિ; બાપદાદા જે કમાઈ ગયા તે કાંઈ છોકરાઓ બાયલા થઈને તેના ઉપર ગુજરાન ચલાવે એટલા માટે નહિ, અથવા ભાઈ ભાઈ માંહોમાંહે તેને વહેંચવા માટે લડી મરે એટલા સારુ પણ નહિ. કુટુંબ છે ત્યાં ભલાબૂરા પ્રસંગો તો થયાં કરે. ઘરની એસ્ટેટ એ તો ગંગાજળી થાપણ કહેવાય. એક રિલીફ ફંડ જ સમજો ને. મરદ માણસ એના ઉપર એડી નજર ન જ નાખે. ઘરની એસ્ટેટ એ તો વિધવાઓના પોષણને સારુ, અપંગોના રક્ષણને સારુ, સગાંવહાલાંમાં કોઈને વખો પડયે તેમની મદદને સારુ, ઘરડાં ડોસાંડોસીઓને ટાઢે છાંયે કોળિયો ધાન મળ્યાં કરે તે સારુ, અને બહુ બહુ તો જરૂર પડયે કુટુંબનાં છોકરાંઓને એમાંથી કેળવણી મળે એટલા સારુ હોય છે. ઘરનાં ગાડીઘોડા અથવા રાંધવાનાં વાસણ જેમ કોઈ એક માણસનાં નથી હોતાં, તેમ આખી એસ્ટેટ એ પણ કોઈ એક માણસની નથી, પણ આખા કુટુંબની છે. હું ધર્મની દૃષ્ટિએ કહું છું હોં, કાયદાની દૃષ્ટિએ નહિ.

ઘરમાં જે મોટો ભાઈ હોય તેને ઘરની ખાનદાનીનો ખ્યાલ વધારેમાં વધારે હોય, ઘરની રીતભાત, વહેવાર, નાતોઘરોબો બધાનો એ જાણકાર હોય, એટલે એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથમાં જ એસ્ટેટનો વહીવટ રહે એ ઘટિત છે. પણ એ એસ્ટેટનો માલિક થઈ બેસી ન શકે.

મોટો ભાઈ માલકીહક ગણાવવા બેસે તો નાના ભાઈઓનો પણ એટલો જ હક છે. અને ભાઈઓ ઘર ભાંગવા જ બેસે તો હું કહું કે નાનાભાઈઓને વધારે મળવું જોઈએ.

ઈશ્વરભાઈ—ત્યારે શું મારે બધું છોડી દેવું? આટલાં વરસ ઘરનો વહેવાર સંભાળ્યો, ન જોયો દિવસ ન જોઈ રાત. આખી ઉંમર ગધ્ધાવૈતરું કર્યું તે શું બધું છોડી દેવા માટે? મૂળ એસ્ટેટ બાપીકી ખરી, પણ મેં સાચવી અને વધારી તેથી તો નાનો એમાં ભાગ માગવા પામે છે ને?

મગનભાઈ—જુઓ ઈશ્વરભાઈ, મારે કહેવાનું હતું તે મેં તો કહી દીધું. એકે ગાય મારી માટે બીજો વાછડી મારવા નીકળે તો દુનિયા કેમ ચાલે? મેં તો તમને કહી દીધું કે મેં કોરટમાં જવાનું છોડી દીધું છે. ઘેર બેઠાં કોઈના કજિયા પતાવી શકાય તો તેટલું કરું છું. તેની ફી પણ લેતો નથી. પણ એનું કાંઈ નહિ. અત્યાર સુધી કમાયો છું એ શું ઓછું છે? એ પણ લોકોએ જ આપ્યું છે ને? પણ હું કજિયા પતાવું છું તે કાયદાની ચોપડી પ્રમાણે નહિ હો; મારા ઘરમાં એક પણ કાયદાની ચોપડી તમે હવે જુઓ છો? કે'દહાડાની એ બધી કાઢી નાખી. કાયદો ભૂલવા પામ્યો ત્યારે તો કજિયા પતાવવાની આવડત મારામાં આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરભાઈ — માફ કરજો મગનભાઈ, તમે કમાઈ પરવારી બેઠા છો, તમારા છોકરાઓ પણ પગભર થયા છે. મારો ધીરુ હજી નાનો છે. મારે એના સ્વાર્થનો પણ વિચાર કરવો રહ્યો. નાનો જો મારા કહ્યામાં રહેત તો બધું એનું જ હતું. પણ હવે મારે મારી આખી જિંદગીની મહેનતનો વિચાર કરવાનો પ્રસંગ આવ્યો છે. આ તો છાશમાં માખણ જાય છે ને કૂવડ કહેવાઉં છું. મને એ પાલવે એમ નથી.

મગનભાઈ — તમારી વાત હું સમજી શકું છું. જેવો જમાનો તેવી તમારી બુદ્ધિ. હું લાચાર છું, હું તમારા કામમાં આવી શકું તેમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અમૃતનાં ભરિયાં સરોવરો રે, એના ઝીલનાર વીરલા કોક રે,
– શૂરવીર સુરવરો રે !
આ હિંમત હોય તે પરવરો રે, પડો પ્રીતે ઓ શૂરવીર લોક રે,
– પ્રાણભર તરો તરો રે !
કોઈ કહે અમૃત મીઠડાં, મીઠાં મધની પેર,
અનુભવિયાં અવળું કહે, એ તો કડવાં ઝેર.
આ તરી જાણ્યા જે ભવસાગરો રે, તરી જાણ્યા જે કામ ક્રોધ શોક રે
– અમીસર તો તો તરો રે !
કોઈ કહે અમૃત શીતળાં, ગગને જેવો ચંદ,
અનુભવિયાં અવળું કહે, એ તો આગ પ્રચંડ.
આ તપે તપેલ જેણે દેહ ખરો રે, જેણે સહેલ સંકટોના થોક રે,
– તે જ કર તેમાં ઝરો રે !
કોઈ કહે અમૃત નીરશાં, પીધાની એક વસ્ત;
અનુભવિયાં અવળું કહે, મહેરામણ એ મસ્ત.
આ કડવા તે ઘૂંટડા પી શકો રે, પીને મીઠાં હસી શકો હાસ રે,
– પીને પ્રાણ તો તો ભરો રે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ સાતમો

ગરબડ — સાચી વાત ઈશ્વરભાઈ ? કહે છે તમે પેલા મગન ડોસા પાસે ગયેલા અને એમણે તમારો કેસ લેવાની ના પાડી !

ઈશ્વરભાઈ — ના ના, એવું કંઈ નથી. હું એમની પાસે ગયો હતો ખરો. એ પિતાશ્રીના વખતના સ્નેહી રહ્યા એટલે એમની આમન્યા રાખવા ખાતર સહેજ મળવું તો જોઈએ જ ને.

ગરબડ — પછી એમણે શું કહ્યું ?

ઈશ્વરભાઈ — એ બિચારા શું કહે ? એમણે તો ધંધામાંથી ચિત્ત ઉઠાડી લીધું છે. એમણે તો ધર્મની અને સતજુગની કેટલીક વાતો કહી. અત્યાર સુધી હું પણ એ જ વિચારનો હતો. પણ હવે તો હૈયામાં હોળી સળગી છે, એ બહારના એવા ઠંડા પાણીથી શી રીતે ઠરે ?

ગરબડ — હજીયે મારું કહ્યું માનો. એ ધરમ બરમની વાત જવા દો. હું કહું છું ને કે આજનો જમાનો વકીલોનો છે. સારો વકીલ એટલે 'હુકમનો એક્કો' જ સમજી લો.

અને ઈશ્વરભાઈ, વકીલ કરવો હોય તો વખતસર કરવો જોઈએ હો. સારા વકીલ કાંઈ રસ્તામાં રેઢા નથી પડયા હોતા. તમે સારા માણસને નહિ રોકો તો તમારો નાનો જઈને રોકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરભાઈ — તમે ઠીક સુઝાડ્યું. તમારી વાત મેં પહેલેથી જ માની હોત તો આજે પસ્તાવાની વેળા ન આવત. હવે તમે જ કહો, આપણે કોને વકીલ કરીએ?

ગરબડ—તમે કહો તો અબઘડી જ તમને અહીંના સારામાં સારા વકીલની પાસે લઈ જાઉં. બહુ હોશિયાર છે. પાછો મોટો દેશભક્ત પણ છે. આજે બધે એનું જ ચલણ છે.

ઈશ્વરભાઈ — કહે છે ને — શુભસ્ય શીઘ્રમ્, ચાલો આ તમારી સાથે જ આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ આઠમો

ગરબડ — વકીલસાહેબ, એક અસીલ લઈ આવ્યો છું. આ આપણા ઈશ્વરભાઈ પટેલ છે ને તે તમને વકીલ-પત્ર આપવા માગે છે. કહે છે કે એમના નાનાભાઈ કોરટે ચડયા છે. તેથી લાચાર થઈને એમને પણ કોરટની તૈયારી કરવી પડે છે. એમ તો માણસ ઘણા ખાનદાન છે. પણ નાનો ભાઈ નાદાન નીવડયો એટલે બિચારા શું કરે ? કજિયો કંઈ ગૂંચવાડાભર્યો નથી.

ચતુરભાઈ — ના ના શાહ સાહેબ, મને વિગત નહિ કહેતા. નાનાભાઈ પટેલ પરમ દિવસે જ મારી પાસે આવી ગયા છે અને મેં એમનું વકીલપત્ર લીધું પણ છે. હવે તમારા તરફથી હું કાંઈ પણ વિગત સાંભળું એ તમને અન્યાય થાય.

ઈશ્વરભાઈ, તમારા ઘરમાં પણ કજિયો પેઠો એ જોઈ મને બહુ દુઃખ થાય છે.

ઈશ્વરભાઈ — શું કરીએ ? કળિકાળનો મહિમા છે. પણ અમને ખૂબ આશા હતી કે આપ જ અમારું વકીલપત્ર લેશો.

ચતુરભાઈ — હું ખુશીથી લેત, ઘણી ખુશીથી લેત. પણ શું કરું ? તમારા નાનાભાઈ સાથે બંધાઈ ચૂકયો છું.

ઈશ્વરભાઈ — [સ્વગત] વકીલનો ઉમરો ન ચડવાની ઘરની ટેક છોડી બે દહાડા થયાં વકીલોની ખુશામત કરું છું. પણ દુર્દૈવ મારું કે એકે વકીલ જડતો જ નથી. આ તો ટેકે ગઈ અને વકીલે ન મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પ્રગટ] પણ આપ અમને ખાનગી રીતે સલાહ પણ ન આપી શકો ? જે વાજબી વાત હોય તે કહેતાં શાનો ભો ?

ચતુરભાઈ— હું દિલગીર છું. અમારા ધંધાના રિવાજથી એ વિરુદ્ધ વાત છે.

પણ તમે આટલું કહો જ છો ત્યારે એકાદ સારો વકીલ તમને શોધી આપું. આપણા આ રામપુરમાં મારા મિત્ર નરોત્તમદાસ રહે છે. તમે કહો તો એમના ઉપર એક ભલામણપત્ર લખી આપું. તેઓ તમારું કામ મારા જેટલું જ સરસ રીતે કરી આપશે. માણસ જુવાન છે, પણ ઘણો જ હોશિયાર છે. હજી એકે કેસ હાર્યો નથી.

ઈશ્વરભાઈ— ઠીક ત્યારે, આપો ચિઠ્ઠી. અમારું કમનસીબ કે આપ અમને ન મળ્યા.

[ચતુરભાઈ નરોત્તમ ઉપર બે ચિઠ્ઠીઓ લખે છે; એક ઈશ્વરભાઈના હાથમાં આપે છે અને બીજી ટપાલમાં નાખવા રામાને સોંપે છે.]

ચતુરભાઈ— આ લો ઈશ્વરભાઈ, નરોત્તમભાઈ ઉપરની ભલામણચિઠ્ઠી. મેં ખાનગી રીતે તમારે વિષે ખાસ ભલામણ આ બીજી ચિઠ્ઠીમાં લખી છે, પણ એ બારોબાર મોકલવાનો છું. તમારાં વખાણ તમારે જ હાથે કેમ મોકલાય ?

રામા, આ ચિઠ્ઠી ટપાલમાં નાખી આવજે. ભૂલતો નહિ હોં. નહિ તો આ ભાઈનું કામ બગડશે.

થયું ઈશ્વરભાઈ, બીજું કંઈ હું તમારે માટે કરી શકું એમ છું ?

ઈશ્વરભાઈ— આપે આટલું કર્યું તેયે ઘણું છે. બેસો સાહેબ, જે જે.

ચતુરભાઈ— જે જે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ નવમો

[સ્થળ — ચતુરભાઈના ઘર આગળનો રસ્તો]

રામો — અરે સાહેબ, તમે કઈ તરફ જાઓ છો ?

ઈશ્વરભાઈ — કેમ ભાઈ, શું કામ છે ?

રામો — કંઈ નહિ, હું તો કહેતો હતો કે અમારા સાહેબે તમારું કામ મને સોપ્યું છે, અને બાઈસાહેબે મને ચાનો ડબ્બો તાબડતોબ લઈ આવવા કહ્યું છે. મારે તો ગમે તેમ તોયે આખો દિવસ બાઈસાહેબના હાથ નીચે રહેવાનું રહ્યું. એટલે આ કાગળ મોડો જાય તો મારે માથે નહિ. પણ તમે જો લેતા જાઓ તો તમારું જ કામ છે.

ઈશ્વરભાઈ — હા હા, લાવ, હું તો સીધો સ્ટેશન પર જ જાઉં છું. ત્યાં જ કાગળ નાખી દઈશ એટલે તરત નીકળી જશે. ગરજ તો અમારી જ ખરી ને.

રામો — રામરામ, ત્યારે હું જાઉં છું. એક કામની તો નિરાંત થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુજી રાખણહારો છે,
ખુદા કંઈ ખિદમતગાર નથી.
ઘટશે તો તને હુલાવશે ને
નહિ તો દેશે માર;
માર પડે તોયે હસતો રહેજે,
સમજી લેજે સાર. પ્રભુજી૦
સુખ મળે ત્યારે રખે ફુલાતો,
પ્રભુને ગણી અનુકૂળ;
દુઃખ પડે ત્યારે રખે દુભાતો,
પ્રભુ ગણી પ્રતિકૂળ. પ્રભુજી૦
વિભુનાં ઘડતર વિભુજી જાણે,
અજ્ઞ કરે અભિમાન;
રામ રૂઠેલો તું જ્યારે ભાળે ત્યારે
શકે હશે હરિ તુપમાન. પ્રભુજી૦
મેલ મેલ રે મૂઢ માનવી,
ડહાપણ ને વળી ડોળ;
રાખે તેમ રહે, નાખે તે સહે,
પ્રભુ પર સઘળું ઢોળ. પ્રભુજી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ દસમો

[સ્થળ—સ્ટેશન]

ઈશ્વરભાઈ — કેમ માસ્તર સાહેબ, ક્યાં સુધી?

માસ્તર — એ . . . મુંબઈ સુધી.

ઈશ્વરભાઈ — તમે — અને વળી મુંબઈ જાઓ છો? તમે જ મને સમજાવતા હતા ને કે મુંબઈ એ આપણું સોનાપુર છે. કેમ તમનેયે સોનાનો લોભ લાગ્યો કે શું?

માસ્તર — ના રે, મારે તો કેટલીક ચોપડીઓ ખરીદવી છે એટલે જાઉં છું. જાતે પસંદ કરીએ તો ઠીક. મને તો એક રાતવાસો પણ મુંબઈમાં રહેવું માથાનો ઘા થઈ પડે છે.

ઈશ્વરભાઈ — પણ ગાડી કેમ હજી ન આવી? આજે લેટ લાગે છે?

માસ્તર — હા, આજ તો ગાડી પોણો કલાક લેટ છે. હમણાં જ ગઈ એ ગાડી આગલે સ્ટેશને ક્રૉસ થશે, ત્યાર પછી આપણી ગાડી ત્યાંથી ઊપડશે. હું જરા સ્ટેશન માસ્તરને પૂછીને ચોક્કસ ખબર કાઢી આવું.

ઈશ્વરભાઈ — ચતુરભાઈ માણસ તો ભલો છે, પણ કોણ જાણે કળિકાળનો જમાનો છે. સગા માજાયા ભાઈની બુદ્ધિ બગડી ત્યાં વકીલનો શો ભરોસો? આ કાગળમાં એણે શું લખ્યું છે એ જરા જોઉં તો ખરો.

[પાણી લગાડીને ધીમે રહી પરબીડિયું ઉઘાડે છે.]

અરે, આ તો અંગ્રેજીમાં છે.

[એટલામાં માસ્તર આવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ખાલી પરબીડિયું તરત ગજવામાં મૂકી દઈને —]

માસ્તર સાહેબ, માસ્તર સાહેબ, જરા જુઓને આ કાગળમાં શું લખ્યું છે?

માસ્તર — કેમ શાનો કાગળ છે ઈશ્વરભાઈ ?

ઈશ્વરભાઈ — અમે અંગ્રેજી ભણેલા નહિ એટલે તમારા જેવાની આગળ કરગરવું પડે છે. જરા કહો તો ખરા, કાગળમાં શું લખ્યું છે. તમને અક્ષર ઊકલશે ને?

માસ્તર — હાસ્તો, એમાં શી મોટી વાત છે? [વાંચીને] કાગળમાં વધારે તો કંઈ નથી, પણ છે એટલું મજેનું છે! કોનો કાગળ છે? કોણે લખ્યું છે?

ઈશ્વરભાઈ — એ પછી કહીશ. પણ અંદર શું છે તે તો પહેલાં કહો.

માસ્તર — સાંભળો ત્યારે, અક્ષરે અક્ષરનું ગુજરાતી કરીને કહું છું.

[વાંચે છે.]

મારા વહાલા નરોત્તમ, એક ખાસ્સી રસદાર કેરી આવી છે મારા હાથમાં. હું મોકલું છું તારી પાસે બીજી કેરી એ જ ઝાડની. એ ચૂસજે આવડત હોય તેટલી.

— લિ. તારો વિશ્વાસુ ચતુર

ઈશ્વરભાઈ — [ફીકો પડી જઈને] બસ, એમાં બીજુ કંઈ નથી ?

માસ્તર — ના, બસ આટલું જ છે. પણ હવે કાગળ કોનો છે, કોના ઉપર લખ્યો છે, આ નરોત્તમ તે કોણ એ બધું કહેવું પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરભાઈ — [નિસાસો મૂકીને] ભાઈ, નરોત્તમે કોઈ નહિ ને કોઈયે કોઈ નહિ. મારા નસીબે જ આ કાગળ મારા ઉપર લખ્યો છે.

[લાંબા વખત સુધી થંભી જઈને]

માસ્તર સાહેબ, આ કાગળ વાંચી સંભળાવીને તમે મારા ઉપર કેટલો ઉપકાર કર્યો છે એ એક મારો ભગવાન જાણે અને એક હું જાણું.

માસ્તર — હેં! ગાડી તો આવી પણ ગઈ. ચાલો ચાલો ઈશ્વરભાઈ, જલદી જલદી જગ્યા શોધી લઈએ.

ઈશ્વરભાઈ — મેં તો હવે આવવાનો વિચાર માંડી વાળ્યો છે. મને ચક્કર આવે છે. હું ઘેર પાછો જઈશ.

માસ્તર — ત્યારે કહો તો હુંયે રહી જાઉં. હું વળી કાલે મુંબઈ જઈશ. ચાલો તમને ઘેર પહોંચાડી દઉં.

ઈશ્વરભાઈ — મહેરબાની તમારી. પણ તમે તમારે ખુશીથી જાઓ. હું તો ઘોડાગાડી કરીને ઘેર જઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ અગિયારમો

[ઈશ્વરભાઈ પથારી ઉપર સૂતા છે. ધીરુ એમને પંખો નાખે છે.]

ઈશ્વરભાઈ—[થાકેલે અવાજે] બાપુ ધીરુ, નાના કાકાને અને મોહનને બોલાવી લાવ તો.

ધીરુ—બાપુ, એ નહિ આવે, અને મોહન તો નહિ જ આવે. હમણાંનો તો એ મારી સાથે બોલતો પણ નથી. એ ના પાડશે એટલે તમે ઊલટા વધારે ચિડાશો. તમારે શું કામ છે મને જ કહો ને?

ઈશ્વરભાઈ—ધીરુ બાપુ, આ વખતે ઝાઝી વાત ન કર, કહ્યું માન. મોહન તારું ન માને તો નાના કાકાને કહેજે કે તમે જ મોહનને સમજાવીને તેડતા આવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને પસ્તાવો આજ ઘણો થાય, એમ તું બોલે રે;
એમ બોલીને હળવો થાય, મદમાં ડોલે રે.
તારી જીભ કરીને શોક પસ્તાવો પુકારે રે;
તારી આંખડીમાં કપટી ચોર પલકારા મારે રે.
એવી તારી તે હોઠ કેરી વાત લોક કેમ માને રે ?
એક તારી જ છેતરાય જાત સમજી જાને રે.
અલ્યા પસ્તાવાનાં ન્હોય ઘેલા ! આવાં અભિમાનો રે;
કોણે કાપેલ નાસિકાનો એલા ! ઉત્સવ કદી માન્યો રે ?
અલ્યા પસ્તાવા કેરું વારિ સાકરિયું શું હોશે રે ?
એનો કડવો તે ઘૂંટ ગળી તારી આ કાય બધી રોશે રે.
તને પૂરેપૂરો પસ્તાવો થયો હોય પાકો રે;
માન ગાળીને વળતાં શીખ આજ થકી વાંકો રે.
ભારે અપમાન દેખી ઉછાળો રખે તું તો લેતો રે;
પાપ કરતાંય પાપનો ઉકાળો અધિક દાહ દેતો રે.
જેણે અપમાન આમલી લગાડી જીવન અજવાળ્યું રે;
એણે જીવનનો કાટ બધો કાઢી કુંદન પ્રગટાવ્યું રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ બારમો

ઈશ્વરભાઈ— મેં જાતે કહેણ મોકલ્યું તોયે તમે ન આવ્યા ? હશે. મને એનું દુઃખ નથી. તું મનમાં રીસ રાખીને મારી કને ન આવે એટલા માટે મારાથી તને થોડો છોડાવાનો છે ? તમે ન આવ્યા તો લો આ હું જ તમારી પાસે આવ્યો.

મોહન, જઈશ નહિ બેટા. આજે મારે તારું પણ કામ છે. ધીરુ, તું પણ બેસ.

નાના, હવે જે કહું છું તે દિલ દઈને સાંભળજે. ગરબડશા પાસેથી સાંભળ્યું કે તું કોરટે ચડયો છે. મને રીસ ચડી અને ગરબડશાની જ સલાહથી વકીલ રોકવા ગયો. અને ગયો તે દૈવજોગે તારા ચતુરભાઈ વકીલ પાસે જ.

નાનાભાઈ— [સચિંત ઉત્કંઠાથી]. હેં ! અને પછી ?

ઈશ્વરભાઈ— પછી એણે કહ્યું, હું તો નાનાભાઈ સાથે બંધાઈ ચૂકયો છું. આખરે એણે મહેરબાની કરી પોતાના મિત્ર રામપુરવાળા નરોત્તમ વકીલ ઉપર મને આ ભલામણપત્ર લખી આપ્યો, અને આ પત્ર એ મિત્રના ઉપર બારોબાર મોકલી દીધો. આ રહ્યો એ પત્ર. લે વંચાવ તારા મોહન પાસે.

નાનાભાઈ— મોહન, વાંચ તો જોઉં. તને એટલું અંગ્રેજી તો આવડે છે ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહન — હા બાપુ, હું તો મેકોલે સુધી વાંચું છું ને. અને ચતુરભાઈના અક્ષર તો હું સારી પેઠે ઓળખું.

[વાંચે છે]

ભાઈશ્રી નરોત્તમ, એક રસવાળી કેરી ભાગ્યે મારા હાથમાં સોંપી છે. એ જ ઝાડની બીજી કેરી આ સાથે મોકલું છું. તારામાં તાકાત હોય તેટલી ચૂસીને ફેંકી દેજે.

નાનાભાઈ — હેં....! ચતુરભાઈએ આવું લખ્યું? માણસ તો સજ્જનની જેમ વાતો કરે છે.

[મોહન અને ધીરુ એકબીજા તરફ જુએ છે.]

ઈશ્વરભાઈ — [ગળગળો થઈને] જો નાના, હવે મારી વાત સાંભળ. મારે તૂટે ત્યાં સુધી તાણવું નથી. જે બધું છે તે આજથી તને સોંપી દીધું. ધીરુની કેળવણી માટે જે પૈસા જોઈશે તે તારી પાસે લઈશું. તારા મોહનને જેવી કેળવણી આપવી હોય તેવી તું સુખેથી આપ. શું હું તારો દુશ્મન હતો કે તું કોરટે ગયો? મને તો જેવો ધીરુ તેવો જ મોહન છે. મુંબઈ જઈને કેટલાયે છોકરા બગડ્યા છે, અને બગડ્યા નથી તે ત્યાંનું પાણી લાગવાથી જોતજોતામાં અકાળે મૂઆ છે. જ્યારે જ્યારે તું મુંબઈનું નામ લેતો ત્યારે ત્યારે એ જ ચિતાર મારી આંખ સામે ખડો થતો. તેથી જ મેં આટલી જીદ કરી હતી. મને શી ખબર કે આમાં તું કોરટે ચડશે? ભાઈ, મારે ઘર ભાંગવું નથી. તૂટે ત્યાં સુધી તાણવું નથી. ચાર વરસ પરની આપણી કેરીની વાત આટલી હદે પહોંચશે એવું કોણે ધાર્યું હતું?

[ધ્રૂસકે ધ્રૂસકે રુએ છે. ધીરુ અને મોહન પણ રુએ છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનાભાઈ — મને ક્ષમા કરો મોટાભાઈ, મને ક્ષમા કરો. સાચે હું તો આખો ભવ અલ્લડ જ રહ્યો. ખરેખર, તમારું હૈયું મેં પારખ્યું જ નહિ. મારે કશું જ ન જોઈએ. હું તમારાં પગરખાં ઊંચકવાનેયે લાયક નથી. અને મારે હવે મોહનને મુંબઈ મોકલવો પણ નથી. તમારા જેવા મોટા મનના કાકાની સેવા કરતો રહેશે એમાં જ એનો ભવ સુધરશે.

શી દૈવની ગતિ! કેરી ઉપર લડવા ગયા અને ચાર વર્ષની અંદર પોતે જ વકીલોને ચૂસવાની કેરી બની ગયા!

ઈશ્વરભાઈ — ચાલ હવે થઈ ગયું તે થઈ ગયું. હવે પછી હું મારી હઠ કોઈ કામમાં રાખીશ નહિ. બાપ પણ દીકરાને સોળ વર્ષ થયે મિત્ર માને છે. હવે પછી દરેક વાતમાં હું તારી સલાહ લઈશ. મગનભાઈએ કહ્યું હતું એ જ સાચું — કે મોટું મન રાખીએ તો જ કુટુંબો ટકે. આજે આપણે એક વાર એમને મળી આવીએ. આપણને પિતાશ્રી પાછળ મુરબ્બીને ઠેકાણે તો એ જ છે ને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧)

અનુભવ જીવનનું નવનીત,
અમરતું નહિ મળશે નહિ મળશે.
જે મથશે તેને મળશે
અમરતું નહિ મળશે નહિ મળશે.
શ્રદ્ધા બુદ્ધિ જોતર બાંધી પ્રેમે મંથન કરશે;
કપાળથી ટીપાં ઊતરશે ત્યારે અનુભવ મળશે.
અનુભવ૦

(૨)

અનુભવ જીવનનું નવનીત,
જોયાથી નહિ જડશે નહિ જડશે.
જે જીવશે તેને જડશે,
જોયાથી નહિ જડશે નહિ જડશે.
પડતો ને આખડતો પાછો ખંતે ઊભો થાશે;
નાનાનો એમ મોટો થાશે તેને અનુભવ મળશે.
અનુભવ૦

(૩)

અનુભવ જીવનનું નવનીત,
અવરથી નહિ મળશે નહિ મળશે.
એ આપબળેથી મળશે,
અવરથી નહિ મળશે નહિ મળશે.
પર અનુભવના પાઠ ભણીને કોક જ શાણો બનશે;
જાત ઉપર ભાઈ જ્યારે વીતશે ત્યારે અનુભવ મળશે.
અનુભવ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

અનુભવ જીવનનું નવનીત,
શીખ સૂણી નહિ મળશે નહિ મળશે.
એ અંતરમાંથી મળશે,
શીખ સૂણી નહિ મળશે નહિ મળશે.
શીખ સૂણી કદી પેટ ભરે તોય ભોજનસુખ કુણ તજશે ?
જીવ્યાનું જ્યારે લહાણું લેશે ત્યારે અનુભવ મળશે.
અનુભવ૦

(૫)

અનુભવ જીવનનું નવનીત,
મફતમાં નહિ મળશે નહિ મળશે.
મૂલ ભરશે તેને મળશે,
મફતમાં નહિ મળશે નહિ મળશે.
માથાથી પણ મોંઘો અનુભવ, વણમૂલે કેમ મળશે ?
કરમાં લઈ શિરકમળ સમરપે, તેને અનુભવ મળશે.
અનુભવ૦

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar